આપણા દેશનો ઇતિહાસ

તૃતીય ખંડ

(ભાગ ૬—૭.)

કર્તા

રા. બ્રીજરત્નલાલ જમનાદાસ અક્કડ,

બી. એ. એસ. ટી. સી.

સાર્વજનિક હાઇસ્કૂલ—સુરત.

[illegible]

પ્રકાશક

મંગલદાસ એન્ડ સન્સ, સુરત.

[illegible]

કિંમત ૦—૮—૦

પ્રસ્તાવના

'આપણા દેશનો ઇતિહાસ'નો ત્રીજો ખંડ બીજા ખંડની સાથે સાથેજ બહાર પડે છે. આજ ઇતિહાસનો પ્રથમ ખંડ બહાર પડયા પછી લગભગ એક વર્ષે આ ત્રીજો ખંડ બહાર પડી શકે છે; પરંતુ એ એક વર્ષના ગાળા દરમ્યાન પ્રથમ ખંડ સરકારી કેળવણીખાતા તરફથી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અને ટ્રેનિંગ કોલેજોમાં પણ ચલાવવાની મંજુરી મળી ચૂકી છે.

આ ત્રીજા ખંડમાં એકંદર બે વિભાગો છે. એક વિભાગમાં ઇ. સ. ૧૮૫૮થી માંડી ઈ. સ. ૧૯૦૦ સુધીનો બ્રિટિશ અમલ વર્ણવાયો છે. અને બીજા વિભાગમાં હિંદી રાજ્યતંત્રનો સંપૂર્ણ અહેવાલ આપ્યો છે.

હિંદી રાજ્યતંત્રનો અહેવાલ મેટ્રિકના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એજ દૃષ્ટિએ અને એવીજ ઢબે લખ્યો છે. હિંદી રાજ્યતંત્રના જરૂરી અને મહત્ત્વના ભાગોને ખાસ કાળજીથી આલેખ્યા છે; અને છતાં કોઇ પણ નાની બીનાને જતી ન કરવાની ખાસ કાળજી રાખી છે.

આ ત્રીજા ખંડની ઉપયોગિતા વધે એવી અનેક સૂચનાઓ મારા ગુરુવર્ય મંચેરશા પાલનજી કૈકોબાદ તરફથી મને મળેલી છે. એટલે એ ગુરુનો તો હું સદાયનો ઋણીજ છું; છતાં અત્રે જાહેરમાં આભાર દર્શાવવાની મારી ફરજ સમજું છું. અને મારા સહશિક્ષકો શ્રી. જે. છ. ચૌધરી બી. એ. એસ. ટી. સી; શ્રી. અમૃત કૃષ્ણ મોહિલે બી. એ. એસ. ટી. સી. શ્રી. કૃ. ત્રી. શેઠ. બી. એ. નો પણ એમણે આપેલ અનેકવિધ મદદ માટે ઉપકાર માનું છું.

આ પુસ્તકની ત્રૂટીઓ તરફ મારૂં લક્ષ ખેંચવા હુ વિદ્વાનોને ખાસ વિનંતિ કરૂ છું.

તા. ૩૦-૪-૨૭.
શાહપોર, સુરત.

શ્રીજરત્નલાલ જમનાદાસ અક્કડ

PRINTED BY NARAYNRAO LAXMNRAO NICUM AT THE 'SHANKER' PRINTING PRESS CHAWTA BRIDG—SURAT.

આપણા દેશનો ઇતિહાસ

ખંડ ત્રીજો

ભાગ ૬ ઠ્ઠો

હિંદમાં બ્રિટિશ અમલ

૧

લૉર્ડ કૅનિંગ

(૧) લૉર્ડ કૅનિંગ વાઇસરૉય થયો. (૨) મહારાણીનો ઢંઢેરો. (૩) લૉર્ડ કૅનિંગની રાજ્યપદ્ધતિ. (૪) લૉર્ડ કૅનિંગનું ચારિત્ર્ય.

લૉર્ડ કૅનિંગ વાઇસરૉય થયો

ઇ. સ. ૧૮૫૮થી હિન્દુસ્તાનના ઇતિહાસમાં નવો યુગ શરૂ થયો. રાજ્યની લગામ કંપની સરકાર પાસેથી ઈંગ્લાંડના શહેનશાહ પાસે ગઈ. મહારાણી વિક્ટોરીઆએ તે જોખમદારી સ્વીકારી લઇ પોતાનો પ્રખ્યાત ઢંઢેરો બહાર પાડ્યો. અને લૉર્ડ કૅનિંગને 'ગવર્નરજનરલ' અને 'વાઇસરૉય'ની પદવી આપવામાં આવી, જેને પરિણામે લૉર્ડ કૅનિંગ હવેથી શહેનશાહના પ્રતિનિધિ તરીકે હિન્દુસ્તાનમાં રાજ્યવહીવટ ચલાવશે, એમ નક્કી થયું.

મહારાણીનો ઢંઢેરો

ઇ. સ. ૧૮૫૮ના નવેંબર માસમાં અલાહાબાદમાં એક મોટો દરબાર ભરવામાં આવ્યો. ત્યાં લૉર્ડ કૅનિંગે મહારાણીનો ઢંઢેરો વાંચી સંભળાવ્યો. તદનુસાર લૉર્ડ કૅનિંગની વાઇસરૉય તરીકે નીમણુક થઈ. જે બળવાખોરોએ ગોરા લોકોનાં ખૂન કર્યાં હતાં તે સિવાય બધાને માફી આપવામાં આવી, ધર્મ સંબંધી સરકાર તરફથી કોઇપણ જાતની ડખલ થશે નહિ અને સર્વને પોતાનો ધર્મ પાળવા દેવામાં આવશે એમ જાહેર થયું. વળી, નોકરી આપવામાં યોગ્યતાનુંજ ધોરણ ગ્રહણ કરવામાં આવશે; જાતિભેદ પર લક્ષ આપવામાં નહિ આવે, વગેરે પ્રજાને સંતોષ થાય એવી ઘણી બાબતોનો ઢંઢેરામાં સમાવેશ કરવામાં આવ્યો. આ ઢંઢેરામાં જણાવેલા ઉમદા વિચારો જો બ્રિટિશ સરકાર અમલમાં મૂકે તો હિન્દી પ્રજાનો અસંતોષ મોટે ભાગે દૂર થાય.

લૉર્ડ કૅનિંગની રાજ્યપદ્ધતિ

દુશ્મનને હરાવી તેના મુલકને કબજામાં લઈ તે ઉપર પોતાની સત્તા સ્થાપવી એ અઘરું કાર્ય છે. જીતાયલા મુલકો ઉપર પોતાની સત્તા કાયમ રહે તેવો રાજ્યવહીવટ ચલાવવો એ તેટલુંજ અઘરું–તેટલાજ મહત્ત્વનું–બલ્કે વધારે મહત્ત્વનું કાર્ય છે. અને તેમાં જો દૂરંદેશી વાપરવામાં ન આવે તો ગંભીર પરિણામ આવવાનો સંભવ રહે. આ સત્ય લૉર્ડ કૅનિંગ સારી રીતે સમજતો હતો. તેથી તેણે બળવા પછી કુનેહથી અને માયાળુપણે રાજ્યકારભાર ચલાવ્યો. દેશી રાજાઓ પ્રત્યેની એની વર્તણૂક એ આ ઉદાર પદ્ધતિનો સચોટ પૂરાવો છે. જો રાજાઓ અપુત્ર હોય તો તેમનાં રાજ્યો ખાલસા કરવાની લૉર્ડ ડેલહાઉસીના સમયથી ચાલી આવતી પદ્ધતિ એણે બંધ કરી; અને આવા રાજાઓને દત્તક લેવાનો હક રહેશે, એમ ખુલ્લી રીતે જાહેર કર્યું. વળી, જે જે રાજાઓએ બળવા દરમ્યાન બ્રિટિશ રાજ્યને મદદ કરી પોતાની વફાદારી બતાવી હતી તેમને ખીતાબ, જાગીર, વગેરે ભેટોની નવાજેસ કરી તેમની વફાદારીની જાહેર રીતે કદર કરી. આ ઉપરાંત પ્રજા તરફ પણ એણે ઘણીજ રહેમદીલી બતાવી. જેઓ બળવા દરમ્યાન સામે થયા હતા, તેમને સજા કરવાને બદલે માફી બક્ષી. એની આ પદ્ધતિ માટે કેટલાક પક્ષમાં સખત ટીકા થવા લાગી અને 'કૅનિંગ ઘણોજ ભલો છે', એ આક્ષેપ એના પર મૂકાયો; પણ તેની તેણે દરકાર ન કરી.

લૉર્ડ કૅનિંગનું ચારિત્ર્ય

હિન્દુસ્તાનનો પહેલો વાઇસરોય લૉર્ડ કૅનિંગ ઘણાજ ઉમદા વિચારનો હતો; અને પોતાના વિચારો એણે અમલમાં મૂકવા પ્રયાસ કર્યો હતો. પોતાની ફરજ બજાવવામાં એણે તનતોડ મહેનત કરી હતી. બુદ્ધિમાં બીજા ગવર્નર અથવા વાઇસરોય લૉર્ડ કૅનિંગથી ચઢી જાય ખરા, પરંતુ હિન્દની પ્રજા માટે જે અથાગ શ્રમ કૅનિંગે ઉઠાવ્યો તેવો બીજાઓએ કર્યો હશે કે કેમ તે સવાલ છે. મી. પી. રોબર્ટ્સ જણાવે છે કેઃ–"He had

literally worked himself to death. In his absorbing devotion to his task, he denied himself both physical exercise and mental relaxation." આ શ્રમની તેના શરીર પર અસર થઈ અને ઈંગ્લાંડ ગયા પછી એ ભલો કૅનિંગ ત્રણ માસમાંજ મરણ પામ્યો.

૨

લૉર્ડ એલ્જીન (૧૮૬૨-૬૩)

લૉર્ડ કૅનિંગ પછી લૉર્ડ એલ્જીન વાઇસરોય નીમાયો. એના સમયમાં કોઇ પણ અગત્યનો બનાવ બન્યો નથી. ફક્ત પંજાબમાં એક નાનો બળવો થયો હતો. વહાબી નામની ઝનૂની અફ્ઘાન કોમે બંડ કર્યું. શરૂઆતમાં આ ટોળીને દાબી દેવાનું મુશ્કેલ લાગ્યું, પણ પાછળથી સર હ્યુજ રૉજની મદદથી આ બંડ સમાવી દેવામાં આવ્યું; અને ત્યાર પછી તરતજ ઇ. સ. ૧૮૬૩માં લૉર્ડ એલ્જીન મરણ પામ્યો.

૩

લૉર્ડ લૉરેન્સ (૧૮૬૪-૬૯)

ઇ. સ. ૧૮૬૪માં સર જૉન લૉરેન્સ હિન્દુસ્તાનનો વાઇસરોય થયો. લૉર્ડ કૉર્નવૉલીસના સમયથી આ જોખમદારીવાળી પદવી માટે પાર્લામેન્ટનો અનુભવ મેળવેલો હોય એવા બાહોશ રાજનીતિજ્ઞની નીમણૂક થતી. તે નિયમ આ સમયે તૂટ્યો. સર જૉન લૉરેન્સ ઈ. સ. ૧૮૨૯માં સનંદી નોકરીમાં જોડાયો હતો. અને ઈ. સ. ૧૮૫૯માં નોકરીમાંથી ફારેગ થયા પછી હિન્દી વજીરની કાઉન્સીલનો સભ્ય નીમાયો હતો.

ભુતાનની લડાઈ

લૉરેન્સ વાઇસરોય થયો કે તરતજ ભુતાનનો પ્રશ્ન ફરીથી ઉભો થયો. ઈ. સ. ૧૭૭૨માં અંગ્રેજોએ ભુતાનીઓની વિરુદ્ધ કુચબિહારના રાજાને મદદ કરી, ત્યારથી તેઓ ને અંગ્રેજો વચ્ચે વિખવાદ શરૂ થયો.

અને ત્યાર પછી જ્યારે જ્યારે છમકલાંઓ થતાં ત્યારે બેસાડી દેવામાં આવતાં; તો પણ થોડા સમય માટેજ શાંતિ રહેતી. ઈ. સ. ૧૮૬૩-૬૪માં ધુંધવાતો અગ્નિ ફરીથી પ્રજ્વલિત થયો. ભુતાનીઓએ વાઇસરોય તરફથી મોકલવામાં આવેલા એલચી ઑનરેબલ ઍસ બી. એડનનું ભારે અપમાન કર્યું; અને અંગ્રેજોને શરમાવે એવી શરતો પર તેની પાસે સહી કરાવી લીધી. વાઇસરોયને એ વાતની ખબર પડી કે તરતજ તેણે તે શરતો સ્વીકારવા ના પાડી અને લડાઈ જાહેર કરી. ભુતાનના પહાડી પ્રદેશમાંથી લશ્કરને પસાર થવામાં ઘણી હાડમારી વેઠવી પડી. આખરે સુલેહ કરવામાં આવી. આ સુલેહની શરત મુજબ ભુતાનીઓએ દ્વારજામના અઢાર પ્રાંત અંગ્રેજોને આપવાનું કબુલ કર્યું. એના બદલામાં અંગ્રેજોએ દર વર્ષે અમુક રૂપીઆની મદદ કરવા કબુલાત આપી. આ શરતોથી અંગ્રેજોએ મેળવવા કરતાં ખોયું ઘણું એમ માનનારાઓએ લૉર્ડ લૉરેન્સની સખ્ત ટીકા કરી. પણ તેઓ વાઇસિરોયની ઉદારતાનું ખરૂં રહસ્ય સમજી શકયા ન હતા. આ પ્રદેશમાં ત્યારથી તે અત્યાર સુધી જે શાંતિ જળવાઇ રહી છે, તે વાઇસરોયના દૂરંદેશીપણાનેજ આભારી છે. આ સંબંધમાં મી. પી. ઈ. રોબર્ટ્સ નીચે મુજબ જણાવે છે.

"Lawerence was fiercely attacked by a party in India for granting such favourable conditions, but genersity to a vanquished enemy on the part of an imperial power, provided that generosity is not abused, is not only magnanimous but sound policy. In this case, the lasting tranquillity that followed amply justified the Governor General's moderation. The Subsidy is so highly prized by the Bhutanese that our relations with them since that date have remained peaceful and and cordial. Further, the territory surrendered

by them (a strip 180 miles long and 20 to 30 broad) has proved a valuable acquisition and is now dotted with productive tea-gardens."

દુકાળો

આ વાઇસિરોયના સમયમાં હિન્દુસ્તાનમાં બે સખત દુકાળો પડયા. સને ૧૮૬૫માં બંગાળામાં વરસાદ ઘણો ઓછો પડયો. તેની માઠી અસર ઓરીસા સુધી પહોંચી. ત્યાં બીજે વર્ષે દુકાળ પડયો અને લાખો માણસો મરણ પામ્યાં. આ પ્રદેશની પ્રતિકૂળ કુદરતી રચનાને લીધે પરિણામ વધારે ગંભીર આવ્યું. આ આફતની જોખમદારી મુખ્યત્વે કરીને બંગાળાના લેફ્ટનંટ ગવર્નર સર સેશીલ બીડન અને તેની કાઉન્સીલને શિર હતી. વાઇસિરોયના પોતાના શબ્દોમાં કહીએ તો 'બંગાળાના ગવર્નર અને તેની કાઉન્સીલના અભિપ્રાય વિરુદ્ધ મારે જવું જોઇતું હતું અને તેમ ન કરવામાં મેં ભૂલ કરી છે.' આ કમભાગ્ય પ્રદેશને માટે જાણે આટલુંજ બસ ન હોય તેમ બીજો દૈવી કોપ થયો. નદીઓમાં ઉપરા ઉપરી મોટી રેલો આવી અને દુકાળના પંજામાંથી જે ભાગ બચ્યો હતો, તેમાંનો મોટો ભાગ આ રેલોનો ભોગ થઇ પડયો. પાકને અનહદ નુકશાન થયું; લોકોની માલમત્તાનો પત્તો મળ્યો નહિ; અને વસ્તીનો લગભગ $\frac{1}{4}$ ભાગ નાશ પામ્યો.

ઇ. સ. ૧૮૬૮-૬૯માં બુંદેલખંડ અને રજપૂતાનાનો વારો આવ્યો; પણ સારે નશીબે આ સમયે સંકટનિવારણ માટે તાબડતોબ ઉપાયો લેવામાં આવ્યા અને એના પરિણામે ભારે નુકશાન થતું અટકયું.

અફઘાનીસ્તાન પ્રત્યેની નીતિ

ઇ. સ. ૧૮૬૩માં અફઘાનીસ્તાનનો બાહોશ અમીર **દોસ્ત મહમદ** મરણ પામ્યો. અને રાજ્યગાદી માટે તેના સોળ પુત્રમાં મોટો ઝગડો થયો. થોડા સમય સુધી શેરઅલીએ રાજ્ય કર્યું પણ તેના મોટાભાઇએ એને હાંકી મૂકયો; તેથી તેણે બ્રિટિશ સરકારની મદદ માગી. પણ

લૉરેન્સને અફઘાનીસ્તાનના આંતરિક વિગ્રહમાં પડવું યોગ્ય ન લાગ્યું. તેથી તેને કોઈપણ જાતની મદદ કરવા ના પાડી. બીજાનાં કાર્યમાં માથું ન મારતાં પોતાનું સંભાળીને શાંત બેસી રહેવાની આ નીતિ ઘણાને પસંદ પડી નહિ. અને જોકે આ પદ્ધતિને વખોડી કાઢવામાં આવી છે, તોપણ સર્વ રીતે જોતાં તે યોગ્યજ હતી એમ કહેવામાં ખોટું નથી. આ પદ્ધતિએ ચાલવામાં આવ્યું હોત તો લૉર્ડ લિટનના સમયમાં જે ગંભીર બનાવ બન્યા તે ન બનત.

સને ૧૮૬૯માં તેણે વાઇસિરોયની પદવી છોડી ત્યારપછી પણ એણે હિન્દુસ્તાનમાં સારી સેવા બજાવી હતી. તે બદલ તેને ઉમરાવની પદવી આપવામાં આવી હતી. તે ઈ. સ. ૧૮૭૯માં મરણ પામ્યો અને તેને વેસ્ટમિન્સ્ટર દેવળમાં દાટવામાં આવ્યો.

૪

લૉર્ડ મેયો; ૧૮૬૯–૭૨

(૧) અફઘાનીસ્તાન (૨) મેયો કોલેજ (૩) સુધારાઓ (૪) અંત

અફઘાનીસ્તાન

આગલા વાઇસરોયે શેરઅલીને મદદ નહિ કરેલી તેથી તે ગુસ્સે હતો. તેને પોતાના પક્ષમાં લઇ લેવાના હેતુથી લૉર્ડ મેયોએ અંબાલામાં મોટો દરબાર ભરી, શેરઅલીને ત્યાં બોલાવી, તેનું સારૂં સન્માન કર્યું. લૉર્ડ મેયોએ દરબારની ભવ્યતા ઉપરાંત પોતાના વ્યક્તિત્વથી સારી છાપ પાડી અને શેરઅલી રાજી થઇ પાછો ફર્યો.

મેયો કોલેજ

રાજપુત્રોને યોગ્ય શિક્ષણ આપવામાં આવે તો તેઓ પોતાની પ્રજા પ્રત્યેની તેમજ બીજી ફરજો બરાબર સમજી શકે. આ હેતુ પાર પાડવા લૉર્ડ મેયોએ અજમેરમાં રાજપુત્રો માટે એક કોલેજ સ્થાપવાની યોજના તૈયાર કરી. સદરહુ કોલેજ એના મરણ પછી સ્થાપવામાં આવી અને તેનું નામ મેયો–કોલેજ રાખવામાં આવ્યું.

સુધારાઓ

રાજ્યવહીવટમાં જે સુધારાઓ એણે દાખલ કર્યા તે પૈકી પ્રાંતિક ઇલાકાઓની સરકારને આર્થિક સ્વતંત્રતા આપવાનો સુધારો ઘણોજ અગત્યનો હતો. અત્યાર સુધી હિન્દુસ્તાનની વરિષ્ઠ સરકાર બધો પૈસો પોતાની પાસે રાખતી અને ઇલાકાઓની સરકાર તેની બહાલી મેળવ્યા પછીજ કોઇપણ જાતનો ખર્ચ કરી શકતી. આથી ઘણો લાંબો પત્ર-વ્યવહાર ચાલતો, જેને પરિણામે વખતનો ખોટો વ્યય થતો. લૉર્ડ મેયોએ આ પદ્ધતિમાં ફેરફાર કર્યો.

જમીનની મહેસુલ અને બીજી આવક પાંચ વર્ષ માટે ઇલાકાની આવક તરીકે ગણવાનું નક્કી કરવામાં આવ્યું. જેથી તે આવક પર ઇલાકાની સરકારને સ્વતંત્ર હક રહ્યો. આ યોજનાને સ્થાનિક સ્વરાજ્યનું પહેલું પગથિયું કહીએ તો ખોટું નહિ.

આ ઉપરાંત રાજ્યમાં બીજા ઘણા સુધારાઓ દાખલ કરવામાં આવ્યા. રાજ્યકારભાર વ્યવસ્થિત રીતે ચાલે તે માટે તેના સાત વિભાગ પાડી, તે સાત સભ્યોને સોંપવામાં આવ્યા. હિન્દુસ્તાનની વસ્તીની ગણત્રી પહેલીજ વાર લૉર્ડ મેયોના સમયમાં થઇ. હિન્દુસ્તાનની ખેતી અને વેપારની સ્થિતિ વિષે આંકડાઓ મેળવવાની યોજના એણે દાખલ કરી.

અંત

ઈ. સ. ૧૮૭૨માં લૉર્ડ મેયોએ રંગુનની મુલાકાત લીધી અને કેદખાનાની સ્થિતિ જાતે તપાસવાના હેતુથી આન્ડામાન ગયો. પણ ત્યાંથી પાછા ફરતાં એક પઠાણ ગુન્હેગારે તેનું ખૂન કર્યું. આ પ્રમાણે એક દીર્ઘદ્રષ્ટિવાળા વાઇસરોયનો અંત આવ્યો અને એનું અકાલ મૃત્યુ થયું તે માટે સર્વને ખેદ થયો.

(૫)

લૉર્ડ નૉર્થબ્રુક:-૧૮૭૨-૭૬

(૧) અફઘાનીસ્તાન (૨) બિહાર અને ઉત્તર બંગાળામાં દુકાળ. (૩) વડોદરા (૪) સુધારા (૫) પરચુરણ (૬) રાજીનામું.

અફ્ઘાનીસ્તાન:-

મધ્ય એશિયામાં રૂશિયાની સત્તા ધીમે ધીમે વધતી જતી હતી. તે અટકાવવા માટે બંનેની-ઇંગ્લાંડ અને રૂશિયાની-હદ નક્કી કરવાની જરૂર હતી. તે મુજબ ઇંગ્લાંડ અને રૂશિયા સાથે કરાર કરવામાં આવ્યા અને બંનેની હદ (Spheres of inflnence) નક્કી થઈ.

બિહાર અને ઉત્તર બંગાળામાં દુકાળ

સને ૧૮૭૪માં બિહાર અને ઉત્તર બંગાળામાં મોટો દુકાળ પડયો. સરકાર તરફથી દુકાળ નિવારણાર્થે કુવા તથા તળાવ ખોદાવવાનું, નવા રસ્તાઓ બનાવવાનું તથા નવી રેલ્વે બાંધવાનું, વગેરે નવાં કામો ખોલવામાં આવ્યાં; અને એથી દુકાળથી પીડિત વર્ગને સારી મદદ મળી.

વડોદરા

મલ્હારરાવ ગાયકવાડ ઇ. સ. ૧૮૭૦માં વડોદરાની ગાદીએ બેઠા. એના રાજ્યવહીવટમાં અંધાધુંધી ઘણી હતી. તેથી બ્રિટિશ સરકાર તરફથી વારંવાર ચેતવણી આપવામાં આવતી; છતાં તેની કાંઇ પણ અસર ન થઇ. ઇ. સ. ૧૮૭૫માં વડોદરામાં રહેતા બ્રિટિશ રેસીડન્ટ કર્નલ ફેરને ઝેર દીધાનું તહોમત તેના ઉપર મૂકવામાં આવ્યું. અને તેની તપાસ માટે જયાજીરાવ સિંધિયા, જયપુરના મહારાજા રાયસિંહ અને સર દિનકરરાવ મળી ત્રણ હિંદી અને બીજા ત્રણ અંગ્રેજો એમ છ સભ્યોનું મંડળ નીમવામાં આવ્યું. અંગ્રેજ સભ્યોને મલ્હારરાવ ગુન્હેગાર છે એમ લાગ્યું. પણ હિંદી સભ્યોને તે દૂષિત લાગ્યો નહિ. તેથી છેવટે નિર્દોષ ગણી મલ્હારરાવને છોડી મૂકવામાં આવ્યો; છતાં પાછળથી તેના ખરાબ રાજ્યકારભાર માટે તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને સયાજીરાવ ગાયકવાડને ગાદી આપવામાં આવી.

સુધારા

લૉર્ડ નૉર્થબ્રુકે ડહાપણથી રાજ્યકારભાર ચાલાવી કેટલાક સારા સુધારાઓ દાખલ કર્યા. આવક પરનો કર કાઢી નાખ્યો; મીઠા પરનો કર

કમી કર્યો; સ્થાનિક સ્વરાજ્યને ઉત્તેજન આપ્યું; અને હિંદીઓને ઉંચે દરજ્જે ચઢાવ્યા.

પરચુરણ

ઈ. સ. ૧૮૭૫માં મહારાણી વિકટોરીઆના જ્યેષ્ઠ પુત્ર પ્રિન્સ ઑવ વેલ્સે (પાછળથી એડ્વર્ડ સાતમો) હિન્દુસ્તાનની મુલાકાત લીધી.

રાજીનામું

હિંદિ પ્રધાન (સેક્રેટરિ ઑવ સ્ટેટ ફોર ઇન્ડીઆ) લૉર્ડ સેલિસબરીએ અફ્ઘાનીસ્તાન સંબંધી જે પદ્ધતિ ગ્રહણ કરી તે સાથે લૉર્ડ નૉર્થબ્રુક સંમત થયો નહિ અને તેથી ઇ. સ. ૧૮૭૬માં એણે રાજીનામું આપ્યું.

૬
લૉર્ડ લિટન (૧૮૭૫-૮૦)

(૧) દરબાર (૨) મદ્રાસમાં દુકાળ (૩) દેશી છાપાઓને લગતો કાયદો (Vernacular Press Act) (૪) હથિયારનો કાયદો (૫) બીજો અફ્ઘાન વિગ્રહ (૬) રાજીનામું.

દરબાર

લૉર્ડ લિટનના સમયમાં સને ૧૮૭૭માં દિલ્હીમાં મોટો દરબાર ભરવામાં આવ્યો અને મહારાણી વિકટોરીઆએ કૈસરે હિન્દની પદ્વી ધારણ કરી તે દરબારમાં જાહેર કરવામાં આવ્યું વળી એજ દરબારમાં સને ૧૮૫૮નો રાણીનો ઢંઢેરો વાંચી સંભળાવવામાં આવ્યો અને તેને ફરીથી બહાલ રાખવામાં આવ્યો.

મદ્રાસમાં દુકાળ

હિન્દુસ્તાનને કમનસીબે થોડા થોડા સમયને અંતરે કોઇ કોઇ ભાગમાં દુકાળ પડયાજ કરે છે. આગળ આપણે જોયું તે મુજબ બંગાળા અને ઓરિસામાં દુકાળ પડયો હતો; હવે ઇ. સ. ૧૮૭૭-૭૮માં મદ્રાસનો વારો આવ્યો. મુંબઇ ઇલાકામાં પણ એ દુકાળની અસર થઈ. સરકાર તરફથી આ આફતમાં સપડાયેલા માણસોનું દુઃખ નિવારણ કરવા માટે અનેક

ઉપાયો યોજવામાં આવ્યા. વાઇસિરોય પોતે મદ્રાસ ગયો. અને લગભગ એક કરોડ રૂપીઆ સંકટ નિવારણાર્થે સરકારે વાપર્યા. તેમ છતાં જોઇએ તેવી અસર ન થઇ અને લગભગ બાવન લાખ માણસો મરણ પામ્યાં

દેશી છાપાંઓને લગતો કાયદો (૧૮૭૮)

સ્વતંત્ર પ્રેસ એ પ્રજાના હાથમાં મોટું શસ્ત્ર છે. એ વડે પ્રજા રાજ્યકારભારની ટીકા કરી તેની સામે લડત ચલાવી શકે છે. એનાથી સ્વાભાવિક રીતે સરકાર બ્હીતી રહે છે. અત્યાર સુધી દેશી છાપાંઓની સંખ્યા થોડી હતી. પણ હવે કેળવણીના પ્રચારથી તેની સંખ્યા વધતી જતી હતી. તેથી પ્રજામત જાહેર કરી શકાય એમ હતું. લૉર્ડ લિટન આથી ગભરાયો અને તેથી દરેક દેશી છાપું પોતાનો સ્વતંત્ર મત જાહેર કરતું અટકે એ હેતુથી ૧૮૭૮માં દેશી છાપાંઓનો કાયદો અમલમાં મૂકયો. આ કાયદાની રૂએ દરેક કલેક્ટર અને મેજીસ્ટ્રેટને અમુક સત્તા આપવામાં આવી, જેને આધારે દરેક દેશી છાપાના અધિપતિને જે બાબતો સરકારને વાંધા ભરેલી લાગે તે ન છાપવા માટે કબુલાત આપવાનું કહેવામાં આવ્યું. આથી દેશી છાપાંની સ્વતંત્રતાને ફટકો પડયો. અને લૉર્ડ લિટન ઘણોજ અપ્રિય થઇ પડયો. આ કાયદા સામે ઘણી ઝુંબેશ ચલાવવામાં આવી અને આખરે આપણે આગળ જોઈશું તે મુજબ ઉદારચિત્ત વાઇસરોય લૉર્ડ રિપને તે કાયદો કાઢી નાખ્યો.

[આ સંબંધમાં વાંચનારને સ્વાભાવિક પ્રશ્ન થાય કે આવો કાયદો દેશી છાપાંઓનેજ કેમ લાગુ પાડવામાં આવ્યો અને અંગ્રેજી છાપાંઓને શા માટે એમાંથી મુક્ત કરવામાં આવ્યાં ? તેના જવાબમાં જણાવવાનું કે દેશી છાપાંઓ વાંચનાર વર્ગ સરખામણીમાં કેળવણીમાં પછાત હોય અને તેથી તેઓ પર આવાં છાપાંની ઘણી અસર થાય; તે ઉપરાંત જેમ અંગ્રેજી છાપાંમાં થતાં લખાણની સરકાર વિરુદ્ધ થતી અસર ઓછી કરવા માટે બીજાં એંગ્લો ઇન્ડીઅન છાપાંઓ તૈયાર હોય છે, તેમ દેશી છાપાંઓ માટે હોતું નથી. વળી, જે સાધારણ જનસમાજ (masses)

ની સીધી યા મુંગી સંમતિને લીધે પરદેશી રાજ્ય ટકી શકે છે, તે વર્ગ દેશી છાપાંઓ વાંચવાથી ઉશ્કેરાઈ જાય. આવાં કારણોને લીધે દેશી છાપાંઓ ઉપરજ આવો અંકુશ મૂકવામાં આવ્યો હતો.]

બીજો અફઘાન વિગ્રહ (૧૮૭૮-૧૮૮૦)

લૉર્ડ નૉર્થબ્રુકના સમયમાં રૂશિયા અને ઇંગ્લાંડની અફઘાનીસ્તાનની હદ નક્કી કરવામાં આવી તોપણ શાંતિ થઈ નહિ. યૂરોપમાં રૂશિયા અને તુર્કસ્તાન વચ્ચે યુદ્ધ જાગ્યું. અને અફઘાનીસ્તાનની સહાય મેળવવાના ઇરાદાથી રૂશિયાએ પોતાનો એલચી અફઘાનીસ્તાન મોકલ્યો. ત્યાંના અમીરે એનું સારૂં સન્માન કર્યું. આ ઉપરથી અંગ્રેજોએ પણ એક એલચીને કાબુલ મોકલવા ઠરાવ કર્યો. તે મુજબ એક એલચીને કાબુલ મોકલવામાં આવ્યો. પરંતુ અફઘાનીસ્તાનની હદમાં એ દાખલ થયો કે તરતજ તેને અટકાવવામાં આવ્યો. તેથી તેને નિરુપાયે પાછા ફરવું પડયું. આ ઉપરથી લૉર્ડ લિટને લડાઈ જાહેર કરી.

બ્રિટિશ લશ્કરે કંદહાર અને જલાલાબાદ જીત્યાં અને શેરઅલીને નાસી જવું પડયું. થોડા વખતમાં શેરઅલી મરણ પામ્યો. એટલે બ્રિટિશે તેના ભાઇ યાકુબખાનને અમીર બનાવ્યો; અને તેની સાથે ઇ. સ. ૧૮૭૯માં સંધિ કરી. સંધિના કરાર મુજબ બ્રિટિશે યાકુબખાનને અમીર તરીકે સ્વીકારવાનું કબુલ રાખ્યું અને યાકુબખાને કાબુલમાં એક અંગ્રેજ રેસિડન્ટ રાખવાની રજા આપી.

રેસિડન્ટને મોકલવામાં આવ્યો પણ તે અફઘાન પ્રજાને રુચ્યું નહિ. તેથી તેઓએ રેસિડન્ટ અને તેના બીજા માણસોનાં ખૂન કર્યાં. આથી લૉર્ડ લિટન ઉશ્કેરાયો અને ફરીથી લડાઇ જાહેર કરી. જનરલ રોબર્ટ્સને કાબુલ મોકલવામાં આવ્યો. તેણે અફઘાનોને હરાવ્યા અને યાકુબખાનને કેદ કરી હિન્દુસ્તાન મોકલી આપ્યો. આથી અફઘાન લોકો ઉશ્કેરાયા અને બળવો કરી સામા થયા. જનરલ રોબર્ટ્સે પોતાનો બચાવ કર્યો. એટલામાં ઇંગ્લાંડમાં પ્રધાનમંડળમાં ફેરફાર થયો અને પ્રગતિવાદી (Liberal પ્રધાનમંડળના હાથમાં સત્તા આવી. એથી લૉર્ડ લિટનને રાજીનામું આપવું પડયું; એટલે લડાઇ અધુરી રહી.

૭

લૉર્ડ રીપન (૧૮૮૦-૧૮૮૪)

(૧) અફ્ઘાનવિગ્રહ (ચાલુ) (૨) ઇલ્બર્ટ બીલ. (૩) સુધારાઓ. (૪) લૉર્ડ રીપન વાઇસરોય તરીકે.

અફ્ઘાન વિગ્રહ

ઇ. સ. ૧૮૮૦માં લૉર્ડ રીપન વાઇસિરોય થયો. આ સમયે અફ્ઘાનવિગ્રહ ચાલુજ હતો. એનું ટુંક વર્ણન આગળ આવી ગયું છે. હિન્દુસ્તાન આવ્યા પછી લૉર્ડ રીપનને માલમ પડયું કે યાકુબખાનના ભાઈ આયુબખાને અંગ્રેજ લસ્કરને મૈવાડ આગળ હરાવ્યું છે. તેથી તેણે લૉર્ડ રોબર્ટ્સને ફરીથી અફ્ઘાનીસ્તાન મોકલ્યો. તેણે બહાદુરીથી કાબુલથી કંદહાર કૂચ કરી અને અફ્ઘાનીસ્તાનના લશ્કર પર વિજય મેળવ્યો. આથી અફ્ઘાનો નરમ પડયા. અંગ્રેજોએ શેરઅલીના ભત્રીજા અબ્દુલ રહેમાનને અમીર બનાવ્યો; અને ત્યાંથી પાછા ફર્યા. આ પ્રમાણે અફ્ઘાન વિગ્રહનો અંત આવ્યો.

ઇલબર્ટ બીલ (૧૮૮૩)

લૉર્ડ રીપનની વાઇસરોય તરીકેની કારકીર્દીમાં ૧૮૮૩નું વર્ષ ચિરસ્થાયી યાદીમાં રહેશે. અત્યાર સુધી હિંદી મેજીસ્ટ્રેટ અને જજ પ્રત્યે જે અપમાન ભર્યો વહેવાર ચાલુ હતો તેને લીધે જે જાતીય અસમાનતા વધી ગઇ હતી, તે દૂર કરવાના ઉમદા હેતુથી કાઉન્સીલના એક સભ્ય મી. ઇલ્બર્ટે એક બીલ રજુ કર્યું. ૧૮૭૩ના ફોઝદારી કાયદા (Criminal Procedure code) મુજબ કોઇપણ હિંદી મેજીસ્ટ્રેટ અથવા જજને યુરોપીઅન ગુન્હેગારનો કેસ ચલાવવાની સત્તા ન હતી. અત્યાર સુધી આવા પ્રસંગો પણ થોડાજ આવ્યા હતા. પણ છેલ્લાં દસ વર્ષની કેળવણીના પ્રચારને લીધે બાહોશ હિંદીઓ જજ અને મેજીસ્ટ્રેટની ઉંચી પદવીએ પહોંચ્યા હતા. અને તેમની કોર્ટમાં યુરોપીઅન ગુન્હેગારનો કેસ ન ચાલી શકે એવા પ્રતિબંધથી

તેમનું સ્વમાન હણાતું હતું. આ કડવી લાગણી દૂર કરવાના હેતુથી ઇ. સ. ૧૮૮૩માં એવું બીલ રજુ કરવામાં આવ્યું કે જેથી દરેક હિંદીને આ હક પાછો આપવામાં આવે; પરંતુ આવું થાય અને પોતાની આપખુદી જતી રહે, એ કોને ગમે ? ગમે તે પ્રકારે આ બીલ ઉડાવી દેવા માટે આપણા યુરોપીઅન ભાઇઓએ ભારે ખળભળાટ કરી મૂકયો. તેઓમાંના ઘણા તો એમજ માની બેઠા હતા કે એક કાળો હિંદી તે એક ગોરા યુરોપીઅનની સાથે સરખામણીમાં બેસી શકેજ નહિ. ગમે તેવો કેળવાયલો અને સંસ્કારી પુરુષ હોય, પણ આખરે તો કાળો હિંદીજ કેની ! તે વળી યુરોપીઅન ગુન્હેગારનો કેસ કેમ ચલાવી શકે ? આથી તેઓએ સખત ઝુંબેશ શરૂ કરી. અને આખરે વાઇસ-રોયને નમતું આપવું પડયું; અને એમ નક્કી થયું કે જ્યારે જ્યારે યુરોપીઅન ગુન્હેગાર એક હિંદી જજની સમક્ષ ઉભો રહે ત્યારે જ્યુરીના સભ્યોની અર્ધી સંખ્યા યુરોપીઅન સભ્યોની હોવી જોઇએ. આ રીતે જો કે હિંદી જજના માનભંગનો પ્રશ્ન કેટલેક અંશે લાભમાં ઉકેલાયો ખરો તોપણ જે ઉમદા હેતુથી આ બીલ લૉર્ડ રીપને પોતાની કાઉન્સીલમાં દાખલ થવા દીધું હતું, તે ઉમદા હેતુ પાર પડયો નહિ એમ મી. રોબર્ટ્સના નીચલા લખાણ પરથી સ્પષ્ટ થશેઃ—" As Indians could not make a similar claim, the privileged position of Europeans was still maintain ed, and the endeavour of the Government to remove rank-distinctions was thus completely foiled. "

સુધારાઓ

(૧) દેશી છાપાં પર મૂકાએલો અંકુશ દૂર કર્યો. (૨) સ્થાનિક સ્વરાજ્યનો કાયદો ઘડયો. (૩) કેળવણી માટે હંટર કમિશન નીમી તેની સૂચના અનુસાર યુનિવર્સિટીમાં યોગ્ય ફેરફાર કર્યા. (૪) સુતરાઉ કાપડની આયાત પરનો કર રદ કર્યો. (૫) પરચુરણ.

દેશી છાપાંઓપર મૂકાએલો અંકુશ દૂર

લૉર્ડ લિટનના સમયમાં દેશી છાપાંઓ પર અંકુશ મૂકવામાં આવ્યો હતો, તેથી પ્રજામાં ઘણોજ અસંતોષ ફેલાયો હતો. લૉર્ડ રીપને તે કાયદો રદ કરી સદરહુ અંકુશ કાઢી નાંખ્યો અને પ્રજાની પ્રીતિ મેળવી.

સ્થાનિક સ્વરાજ્યનો કાયદો

જે સુધારાઓ રીપને દાખલ કર્યા તે પૈકી સૌથી અગત્યનો સુધારો સ્થાનિક સ્વરાજ્યને લગતો હતો. શહેરના લોકો પોતાના શહેરને લગતો કાર્યભાર પોતે કરી શકે તે માટે ઈ. સ. ૧૮૮૨માં આ કાયદો ઘડવામાં આવ્યો. તદનુસાર મ્યુનિસિપાલિટિમાં શહેર તરફથી ચૂંટાયલા પ્રતિનિધિઓને બેસવાનો હક મળ્યો. આ હક આગળ જતાં ધીમે ધીમે વિસ્તૃત થતો ગયો. અને ચૂંટાયલા સભ્યોની સંખ્યા વધતી ગઈ એટલુંજ નહિ, પણ પ્રમુખને ચૂંટવાની સત્તા પણ મ્યુનિસિપાલિટીનેજ મળી. મ્યુનિસિપાલિટી જેવી સ્થાનિક સંસ્થાઓ દ્વારા લોકોને વહીવટ કરવાની તાલીમ મળે અને પછીથી ધીમે ધીમે ઇલાકાનો અને આખા દેશનો રાજ્યવહીવટ ચલાવવાની શકિત પણ પ્રાપ્ત કરી શકાય. આ પ્રમાણે આ કાયદાથી હિન્દુસ્તાનને ઘણો લાભ થયો.

કેળવણી માટે કમિશન

કેળવણી માટે ચાલી આવતી પદ્ધતિમાં ફેરફાર કરવાના હેતુથી તેણે સર ડબલ્યુ હન્ટરના પ્રમુખપણા હેઠળ વીસ સભ્યોનું એક કમિશન નીમ્યું. અને તેની સૂચનાનુસાર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પર ઉચ્ચ કેળવણી જેટલુંજ બલ્કે વધુ ધ્યાન આપવાનું નક્કી કરવામાં આવ્યું; અને તેને લગતા યોગ્ય સુધારાઓ દાખલ કરવામાં આવ્યા.

સુતરાઉ કાપડ પરની આયાતનો કર રદ

સર જોન સ્ટ્રેચી જેવા બાહોશ નાણાંખાતાના પ્રધાને દાખલ કરેલા સુધારાને લીધે દેશના વ્યાપારની સ્થિતિ સુધરી, અને સરકારી

અંદાજપત્રોમાં ખોટને બદલે વધારો માલમ પડ્યો. લૉર્ડ રીપન જેવા ઉમદા વિચારવાળો વાઇસરોય આ સ્થિતિનો લાભ લેવા ચૂકે તેમ નહોતું. તેણે તરતજ સુતરાઉ કાપડપરની આયાતનો કર રદ કર્યો અને પ્રજાના હિતની લાગણીનો એક વધુ પુરાવો આપ્યો.

પરચુરણ

આ ઉપરાંત લોકહિતનાં બીજાં નાનાં કાર્યો ઘણું કર્યાં. દેશના હુન્નરને ઉત્તેજન આપવાના હેતુથી કલકત્તામાં એક મોટું ઔદ્યોગિક પ્રદર્શન ભર્યું. બંગાળામાં જમીનદારોનો જુલમ વધતો જતો હતો; અને તેઓ ખેડુતોને ઘણોજ ત્રાસ આપતા હતા. તેમાંથી મુક્ત કરવા માટે ખેડૂતોને રાહત મળે એવો Bengal Tenancy Act નામનો કાયદો પસાર કરવામાં આવ્યો. હિન્દુસ્તાનનાં કારખાનાઓમાં નાની ઉંમરના મજુરોની સ્થિતિ ઘણીજ ખરાબ હતી. તેઓ પાસે ઘણું કામ લેવામાં આવતું. તે સ્થિતિ સુધારવા માટે ૧૮૮૧માં એક કાયદો ઘડવામાં આવ્યો. એથી સાતથી બાર વર્ષની ઉંમરના મજુરો પાસે બાર કલાક કરતાં વધુ કામ ન લેવાનું નક્કી કરવામાં આવ્યું.

મ્હૈસૂર

જે ઉમદા નીતિ બ્રિટિશ મુલકના રાજ્યવહીવટમાં લૉર્ડ રીપને ગ્રહણ કરી હતી તેવીજ મોટા મનની પદ્ધતિ દેશી રાજ્યો પ્રત્યે પણ રાખવામાં આવી.

ઈ. સ ૧૮૩૧માં મ્હૈસૂરના રાજા કૃષ્ણરાવ બોડીયરને ગેરવ્યવસ્થા, જુલમ, વગેરેના કારણસર પદભ્રષ્ટ કરવામાં આવ્યો, ત્યારથી ત્યાંનો વહીવટ બ્રિટિશ કમીશનદ્વારા ચાલાવવામાં આવતો. ૧૮૬૭માં સદરહુ પદભ્રષ્ટ થએલો રાજા મરણ પામ્યો. તે વખતે બ્રિટિશ સરકારે રાજાના દત્તક પુત્રને રાજ્ય વહીવટ સોંપવાનો વિચાર કર્યો, પણ ને વખતે તે સગીર હતો એટલે તે વિચાર અમલમાં મુકાયો નહિ. ઈ. સ. ૧૮૮૧માં રાજા પુખ્ત ઉંમરે પહોંચ્યો કે તરતજ લૉર્ડ રીપને તેને મ્હૈસૂરની ગાદી પાછી સોંપી.

લાર્ડ રીપન વાઇસરૉય તરીકે

ઉપર વર્ણવેલાં કાર્યોના નિરીક્ષણથી વાંચકને ખાત્રી થઇ હશે કે અત્યાર સુધીના વાઇસરૉય પૈકી લૉર્ડ રીપન જેટલી ઉદારતા ભાગ્યેજ કોઇપણ વાઇસરૉયે બતાવી હશે. રાજ્યવહીવટ માટે જે કાંઈ ધારાઓ ઘડયા, તે સર્વમાં પ્રજાહિત એજ એનું દૃષ્ટિબિંદુ હતું. સ્થાનિક સ્વરાજ્યનો કાયદો, પસાર કરી પ્રજાને પ્રગતિને માર્ગે મૂકી. ઇલ્બર્ટ બીલથી હિન્દી જજ અને મેજીસ્ટ્રેટને થતું અપમાન દૂર કરવાનો ઇરાદો હતો. દેશી છાપાંપરનો કાયદો રદ કરી એણે છાપાંઓની સ્વતંત્રતા પર થએલો હુમલો અટકાવ્યો. વળી, એણે એકજ ખાતા તરફ લક્ષ આપ્યું છે એમ નથી. કેળવણી માટે હન્ટર કમીશન, મજુરોની સ્થિતિ સુધારવા માટેનો ૧૮૮૧નો કાયદો ઔદ્યોગિક પ્રદર્શન, ઇલ્બર્ટ બીલ, વગેરે બતાવી આપે છે કે લૉર્ડ રીપનનું કાર્ય સર્વદેશીય હતું. જે ચાલીસ વર્ષમાં ન થઈ શકે તે લૉર્ડ રીપને ચાર વર્ષના ટુંકા સમયમાં કરી અમર કીર્તિ મેળવી. આવો વાઇસરૉય લોકપ્રિય નીવડે, પ્રજાનો પ્રેમ સંપાદન કરે, અને સર્વ વાઈસરૉઇમાં અદ્વિતીય બની માન ખાટી જાય તેમાં શું નવાઈ?

૮

લૉર્ડ ડફરીન (૧૮૮૪–૧૮૮૮)

(૧) અફઘાન પ્રશ્ન (૨) ત્રીજો બ્રહ્મી વિગ્રહ (૩) હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના. (૪) સુધારાઓ.

અફઘાન પ્રશ્ન

જ્યારથી અફઘાન વિગ્રહ શરૂ થયો ત્યારથી દરેક વાઇસરૉયને બ્રિટિશ-અફઘાન સંબંધ જાળવી રાખવા તરફ ઘણુંજ લક્ષ આપવું પડતું. લૉર્ડ ડફરીનને પણ એમજ કરવું પડયું. પોતાની સત્તા વધારવાની સ્વાભાવિક લાલસા રૂશિયા રોકી શક્યું નહિ અને અફઘાનીસ્તાનની સરહદથી ૧૫૦ માઇલ દૂર આવેલું મર્વ નામનું શહેર રૂશિયાના હાથમાં ગયું. આ સમાચારે દરેક જગ્યાએ ખળભળાટ કરી

મૂકયો. ઇંગ્લાંડના રાજ્યનીતિજ્ઞોમાં પણ ગભરાટ ઉત્પન્ન થયો અને લૉર્ડ ડફરીન પર તારો છૂટવા માંડયા. સારે નસીબે આ સમયે અફઘાનીસ્તાનનો અમીર અબદુર રહેમાન વાઇસરોયના નિમંત્રણને માન આપી તેના તરફથી ભરવામાં આવેલા દરબારમાં હાજરી આપવા આવ્યો હતો અને તેનો મુકામ રાવલપીંડીમાં હતો. અમીર ઘણોજ બાહોશ, કુનેહબાજ અને વ્યવહારકુશળ પુરુષ હતો. તેણે જોયું કે ઘંટીના બે પડ (રૂશિયા અને ઇંગ્લાંડ) વચ્ચે અફઘાનીસ્તાન ચગદાઇ જતું હતું. તેથી તેણે જેમ બને તેમ શાંતિથી અને કુનેહથી આ પ્રશ્નનો નીવેડો લાવવા નિશ્ચય કર્યો. તેણે જાહેર કર્યું કે મર્વનો કબજો રાખવા હું બહુ ઉત્સુક નથી; તેના બદલામાં જો મને પશ્ચિમની સરહદ પાસેનો ઝુલ્ફીકાર નામનો પ્રદેશ મળે તો મને સંતોષ થશે. આ જાહેરાતથી લડાઇનો અગ્નિ શાંત થયો. અને ભવિષ્યમાં ફરીથી તકરાર ન થાય તે માટે લૉર્ડ ડફરીને અંગ્રેજ અને રૂશિયન અમલદારોનું એક મંડળ સ્થાપ્યું. આ મંડળે અફઘાનીસ્તાનની સરહદ નક્કી કરી.

ત્રીજો બ્રહ્મી વિગ્રહ

બ્રહ્મદેશનો રાજા થીબો સ્વતંત્ર વિચારનો હતો અને તેથી કેટલેક અંશે જુલમી ગણાતો. અંગ્રેજ સરકાર સાથે થયેલા કરાર મુજબ ચાલવાની તેની ઇચ્છા ન હતી. બ્રિટિશ વેપારીઓપર તેણે ભારે જુલમ કરવા માંડયો અને જર્મની, ઇટાલી, ફ્રાન્સ, વગેરે દેશની બીજી યૂરોપીય પ્રજા સાથે વેપાર માટે પત્રવ્યવહાર શરૂ કર્યો. ફ્રાન્સ તરફ તેનો ખાસ પક્ષપાત હતો તે બ્રિટિશ સરકારને કેમ રૂચે ? વળી, પહેલા અને બીજા બ્રહ્મી વિગ્રહને પરિણામે આરાકાન, ટેનાસેરીમ, અને પેગુ અંગ્રેજના કાબુમાં આવ્યા એટલે હિન્દના પૂર્વ ભાગ તરફના બર્માનો ભાગ તો બ્રિટિશ કબજામાં આવ્યોજ હતો. તો બાકીના બ્રહ્મદેશને શા માટે સર કરી ન લેવું ? આ હેતુથી લૉર્ડ ડફરીને લડાઇ જાહેર કરી; અને બર્મા તરફ અંગ્રેજ લશ્કરે કૂચ કરી. થોડા સમયમાં લશ્કર માંડલેમાં દાખલ થયું. અને તે સર કરી તેનો કબજો લીધો. થીબોને કેદ કરવામાં

આવ્યો. આ પ્રમાણે ત્રીજા બ્રહ્મી વિગ્રહનો અંત આવ્યો. એને પરિણામે ઉપલા બ્રહ્મદેશને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યો.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના

હિન્દના દૃષ્ટિબિંદુએ મહાસભા નામના મંડળની સ્થાપના એ ઘણોજ મહત્ત્વનો બનાવ હતો. ઉચ્ચ કેળવણીનો પ્રચાર, પોતાની અધોગતિનું ભાન, વગેરે અનેક કારણોને લીધે હિન્દવાસીઓમાં નવું ચેતન આવ્યું અને રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન થઇ. એને પરિણામે (Indian National Congress) હિંદી રાષ્ટ્રીય મહાસભા નામનું પ્રજાકીય મંડળ અસ્તિત્વમાં આવ્યું. પ્રજાની માગણી વ્યવસ્થિત રીતે સરકાર સમક્ષ રજુ કરવી એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ હતો. આ સંસ્થાની પહેલી બેઠક ઇ. સ. ૧૮૮૫ માં સર રોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપણા હેઠળ મુંબઇમાં મળી. તે વખતે પ્રતિનિધિઓની સંખ્યા માત્ર ૭૨ ની હતી. આ સંસ્થાને અસ્તિત્વમાં લાવવા માટે મી. એ. ઓ. હ્યૂમ, સર ડબલ્યુ. વેડરબર્ન, સર સુરેંદ્રનાથ, દાદાભાઇ નવરોજી વગેરે ભાઇઓએ ઘણો શ્રમ ઉઠાવ્યો હતો.

સુધારાઓ

લૉર્ડ ડફરીનના સમયમાં પ્રજાહિતને લાગતા કેટલાક અગત્યના સુધારા કરવામાં આવ્યા. Factory Act નામનો કારખાનાને લગતો કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદાની રૂએ સ્ત્રીઓ માટે દિવસના અગીઆર કલાકની મજુરી નક્કી કરવામાં આવી. વળી, નવ વર્ષથી નાની ઉંમરનાં છોકરાંઓને કારખાનામાં મજુર તરીકે દાખલ ન કરવાનું નક્કી થયું. આ ઉપરાંત અઠવાડીઆમાં એક દિવસ રજા પાળવી એમ ઠર્યું.

બીજો સુધારો સંમતિ વયનો કાયદો (Age of consent Act) હતો. આ કાયદાની રૂએ સંમતિવય દસથી વધારી બાર પર લઇ જવામાં આવી.

૯
લૉર્ડ લેન્સડાઉન (૧૮૮૮-૧૮૯૪)

(૧) મણિપુરમાં હુલ્લડ (૨) ૧૮૯૨ નો કાઉન્સીલ એક્ટ (૩) અફ્ઘાનપ્રશ્ન (૪) ચલણ

મણિપુરમાં હુલ્લડ

ઇ. સ. ૧૮૯૦માં આસામની સરહદ પર આવેલા મણિપુરના રાજ્યમાં ભારે હુલ્લડ થયું. તે દાબી દેવાના હેતુથી આસામના ચીફ કમીશનરને ત્યાં મોકલવામાં આવ્યો. પણ બળવાખોરોએ ચીફ કમીશનર અને બીજા નાના અમલદારોને મારી નાખ્યા. તેમ છતાં બ્રિટિશ લસ્કરે બહાદુરીથી હુલ્લડ શમાવી દીધું; અને ગુન્હેગારોને શિક્ષા કરવામાં આવી. ત્યારબાદ રાજવંશના એક બાળકને ગાદી પર બેસાડવામાં આવ્યો અને તે સગીર હોવાથી રાજ્યનો બંદોબસ્ત બ્રિટિશ અમલદારના હાથમાં મૂકવામાં આવ્યો.

ઈ. સ. ૧૮૯૨ નો કાઉન્સીલ એક્ટ

યુનિવર્સિટીની કેળવણીએ અને રાષ્ટ્રીય મહાસભાએ હિન્દુસ્તાનમાં નવું વાતાવરણ ઉત્પન્ન કર્યું. પ્રજામત વધુ અને વધુ કેળવાયો. અને પ્રજાએ પોતાના હકો માટેની લડત જોસભેર ચલાવી. આ ચળવળે સરકારપર ધારેલી અસર ઉત્પન્ન કરી. હિન્દી પ્રજાને રાજ્યકારભારમાં વધુ હક આપવાના ઇરાદાથી ઈ. સ. ૧૮૯૨માં Indian Council Act નામનો કાયદો પસાર થયો. આ કાયદાની રૂએ વડી ધારાસભાના સભ્યોની સંખ્યા વધારવામાં આવી. અને સભ્યોને વાર્ષિક અંદાજપત્ર પર વિવેચન કરવાનો અને અમુક હદમાં કાયદા મુજબ સવાલો પૂછવાનો હક આપવામાં આવ્યો. પ્રાંતિક ધારાસભામાં પણ અગત્યનો સુધારો દાખલ કરવામાં આવ્યો. એથી યુનિવર્સિટી, ડિસ્ટ્રિક્ટ બોર્ડ, મ્યુનિસિપલ બોર્ડ, વગેરે જાહેર સંસ્થાઓને પોતાના પ્રતિનિધિઓને પ્રાંતિક ધારાસભામાં મોકલવાનો હક મળ્યો. આ પ્રમાણે મંડળોદ્વારા પ્રતિનિધિતત્ત્વ દાખલ થયું.

અફ્ઘાનપ્રશ્ન

અફ્ઘાનીસ્તાનની સરહદનો પ્રશ્ન વળી પાછો ઉભો થયો. અને વિવિધ પ્રકારની ખટપટ પછી (Sphere of British Influence) બ્રિટિશ સત્તાના વિસ્તારની હદ ચિત્રલ સુધી લઇ જવામાં આવી.

ચલણ

આ વાઇસરોયના સમયમાં દુનીઆના જુદા જુદા ભાગોમાં અનેક કારણોને લીધે રૂપાની કિંમત એકદમ ઘટી ગઈ; એને લીધે હિન્દુસ્તાન જેવા રૂપાના ચલણવાળા દેશમાં ગંભીર સ્થિતિ ઉત્પન્ન થઇ. રૂપીઆની કિંમત ઘટતી ઘટતી ઇ. સ. ૧૮૯૨ માં ૧ શિલિંગ અને ૧ પેન્સ સુધી પહોંચી; અને હિન્દુસ્તાનના વ્યાપારનું સત્યાનાશ વળ્યું.

હિન્દુસ્તાનને મુખ્યત્વે કરી ગ્રેટબ્રિટન સાથે વ્યાપાર કરવાનો રહે છે, અને ગ્રેટબ્રિટનમાં સોનાનું ચલણ છે, જેથી રૂપાની કિંમત ઘટવાથી અમુક રકમ માટે પહેલાં જેટલાં રૂપીઆ મોકલવા પડે, તેના કરતાં હવે વધુ રૂપીઆ મોકલવાની જરૂર પડે. આ દેવું કંઇ રોકડ રકમથી અપાતું નથી. પણ તેટલી કિંમતનો માલ નિકાસ કરવો પડે છે. એટલે હિન્દુસ્તાનમાંથી વધારે માલનો નિકાસ થયો. આના પરિણામે અંદાજપત્રમાં ભારે ખોટ આવી. એ ખોટ પૂરી પાડવા માટે પ્રજા પર વધુ કરો નાંખવામાં આવ્યા. ‘ઇન્કમ ટેક્સ’ ફરીથી દાખલ થયો અને મીઠાના કરમાં પણ વધારો કરવામાં આવ્યો.

૧૦

લૉર્ડ એલ્જીન (બીજો) (૧૮૯૪-૧૮૯૯)

(૧) કર, દુકાળ, પ્લેગ, વગેરે. (૨) ચિત્રલ

કર, દુકાળ, પ્લેગ, વગેરે

રૂપીઆની કિંમત ઘટી જવાથી સરકારને ભારે ખોટ ગઇ, અને તેથી નવા કરો નાખવા પડયા; એ સઘળું આપણે વાંચ્યું. પ્રજાને કમનસીબે ઈ. સ. ૧૮૯૬માં હિન્દુસ્તાનમાં મોટો દુકાળ

પડયો. મુંબઈ, મદ્રાસ, સંયુક્ત પ્રાંતો, બિહાર, રજપૂતાના, વગેરે હિન્દુસ્તાનના પ્રાંતો આ દુકાળના પંજામાં સપડાઈ ગયા. લગભગ સાડાસાત લાખ માણુસો મરણુ પામ્યાં. અને પીડાયેલાં અને મદદ લેનારાંઓની સંખ્યા ૧૮૯૭માં ચાલીસ લાખ સુધી પહોંચી.

જાણે આટલેથીજ બસ ન હોય તેમ હિન્દુસ્તાનની ભાગ્યહીન પ્રજાપર બીજો દૈવી કોપ ઉતર્યો. ૧૮૯૬ના ઑગષ્ટ મહિનામા ગાંઠીઆ તાવ નામની મરકી મુંબઇમાં દાખલ થઇ. તે 'બ્યુબોનિક પ્લેગ'ના નામથી ઓળખાય છે. આ મરકી પ્રથમ ગ્રીસમાં ઈ. સ. પૂર્વે ૪૩૧માં દાખલ થઈ હતી અને જુદા જુદા પ્રદેશોની મુલાકાત લઇ છેવટે હોંગકોંગ મારફતે હિન્દુસ્તાનમાં દાખલ થઈ એમ મનાય છે.

મરકી પ્રથમ ઉંદરોનો ભોગ લે છે અને પછી માણુસોમાં ફેલાય છે. જ્યાં મરકી શરૂ થવાની હોય ત્યાં પ્રથમ મરેલા ઉંદરો માલૂમ પડે છે. માણુસો આ ચેતવણીનો લાભ લઈ લે છે અને જે જે ઘરો, મહોલ્લાઓ, શહેરો, વગેરેમાં મરેલા ઉંદર દેખાય છે તેનો ત્યાગ કરે છે. ૧૮૯૭ના ફેબ્રુઆરી સુધીમાં લગભગ ચાર લાખ માણુસો મુંબઇ છોડી ચાલ્યાં ગયાં. પ્લેગમાંથી બચવા માટે દાકતરોએ રસી શોધી કાઢી છે. જે મૂકાવવાથી થોડા સમય માટે સંરક્ષણુ થઇ શકે છે.

આ ઉપદ્રવ હિન્દુસ્તાનનાં જુદા જુદા ભાગોમાં ફરી વળ્યો છે. અને એટલો ભયંકર અને પ્રબળ માલુમ પડયો છે કે તેનો નાશ કરવા માટે સરકાર તરફથી આદરવામાં આવેલા સર્વે પ્રયત્નો નિષ્ફળ નીવડયા છે.

ચિત્રલ

આગલા પ્રકરણુમાં જણુાવ્યા મુજબ વાયવ્ય પ્રાંતોની સરહદ પરનો ચિત્રલ પ્રાંત બ્રિટિશ સત્તા હેઠળ મૂકવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૮૯૫માં ત્યાં બળવો જાગ્યો. અને જ્યારે બ્રિટિશ એજન્ટ ડૉ. રોબર્ટસન ત્યાં જઈ પહોંચ્યો ત્યારે તરતજ તેને ઘેરી લેવામાં આવ્યો. તેની મદદ માટે લશ્કર મોકલવામાં આવ્યું. થોડા સમય પછી પાસેના બીજા મુલકોમાં

પણ [illegible] [illegible]ર્યું. તેને શાંત કરવા માટે બીજું લશ્કર મોકલવું પડ્યું. આ પ્રમાણે સરહદ પરના પ્રાંતો માટે સમય અને પૈસાનો મોટો વ્યય થયો. તે ઈંગ્લાંડમાં લૉર્ડ રોઝબરીની કેબીનેટને રુચ્યું નહિ. તેથી તેણે ચિત્રલ ખાલી કરવાનો હુકમ કાઢ્યો. પરંતુ તે અમલમાં મૂકાય ત્યાર પહેલાં લૉર્ડ રોઝબરીની હાર થઇ અને લૉર્ડ સેલીસબરી પ્રધાન થયો. એણે સદરહુ હુકમ રદ કર્યો. આ પ્રમાણે બળવો સમાવવાનું કામ જારી રહેવાથી બળવાખોરોને શાંત કરી શકાયા. અને અંતે સરહદ ઉપર સર્વત્ર શાંતિ સ્થપાઇ.

૧૧

લૉર્ડ કર્ઝન (૧૮૯૯-૧૯૦૫)

(૧) બીજા દેશો (રાજ્યો) સાથેની રાજ્યનીતિ (૨) વાયવ્ય કોણની સરહદ પરનો પ્રદેશ (૩) અફઘાનીસ્તાન (૪) તિબેટ (૫) ઈરાન (૬) બંગાળાના ભાગલા (૭) યુનિવર્સિટી એક્ટ, ૧૯૦૪ (૮) સુધારાઓ (૯) રાજીનામું (૧૦) લૉર્ડ કર્ઝન વાઇસરોય તરીકે

બીજાં રાજ્યો સાથેની રાજ્યનીતિ

ઇ. સ. ૧૮૯૯માં હિન્દુસ્તાનના વાઇસરોય તરીકે જ્યોર્જ નેથેનીઅલ કર્ઝન નીમાયો. એની ઉંમર ૪૦ વર્ષની હતી. તેણે અત્યાર પહેલાં પરદેશી ખાતાના પ્રધાન (Minister of Foreign Affairs) અને હિન્દુસ્તાનના નાયબ પ્રધાન (Under Secretary) ના ઉંચી પદવીઓ ભોગવી હતી. વળી, હિન્દુસ્તાનની ચાર વખત મુલાકાત લીધી હતી. અને અફઘાનીસ્તાન, ચીન, કોરીઆ, જાપાન, વગેરે દેશોમાં ફરી તેને લગતા પ્રશ્નોનું જ્ઞાન સંપાદન કર્યું હતું. આ ઉપરાંત એશિયાને લગતા વિષયોનો અભ્યાસ કરી તે વિષે ત્રણ પુસ્તકો લખ્યાં હતાં. આ રીતે હિન્દુસ્તાનની વાઇસરોયની જોખમદારી સ્વીકારતાં પહેલાં એણે એશિયા અને ખાસ કરીને હિન્દ વિષે પૂરતી માહિતી મેળવી હતી. રાજ્યવહીવટના આંતરિક પ્રશ્નો ઉપરાંત બાહ્ય પ્રશ્નો પૈકી મુખ્યત્વે કરીને

વાયવ્યકોણની સરહદ પરના પ્રદેશ અફઘાનીસ્તાન, તિબેટ અને ઈરાનની સાથેનો સંબંધ અને તે પ્રત્યે હિન્દ સરકારનું વલણ નક્કી કરવાનાં હતાં.

વાયવ્યકોણની સરહદ પરનો પ્રદેશ

વાયવ્યકોણની સરહદ પરની તોફાની ટોળીઓને વશ કરવા બ્રિટિશ લશ્કર રોકવામાં આવતું તે ત્યાંથી ખસેડી લેવામાં આવ્યું અને તેને બદલે તેઓમાંથીજ લશ્કરી ટુકડી ઉભી કરી ત્યાંનો બંદોબસ્ત તેમને સોંપવામાં આવ્યો. અને પાસેના મુલકમાં 'વાયવ્યકોણની સીમાનો પ્રાંત' (North Western Frontier Province) બનાવી ત્યાં ચીફ કમીશનર નીમવામાં આવ્યો. આ પ્રમાણે પંજાબના બે વિભાગ બન્યા એક લેફ્ટનન્ટ ગવર્નરના હાથ નીચે અને બીજો ચીફ કમીશનરના હાથ નીચે. આ ગોઠવણ પછી લગભગ દશ વર્ષ સુધી આ પ્રદેશમાં શાંતિ રહી તેજ બતાવી આપે છે કે આ રાજ્યનીતિ ફતેહમંદ નીવડી હતી.

અફઘાનીસ્તાન

ઉપર મુજબ વાયવ્યકોણની સરહદ પરના પ્રદેશની ગોઠવણને લીધે અફઘાનીસ્તાન સાથેનો સંબંધ પણ ઘણો સારો રહ્યો. ત્યાંની સરહદ પરની ટોળીઓ ઘણી વખત તોફાન કરવા ઉશ્કેરાઈ જતી; પણ અમીર અબ્દુર રહેમાન તેમને યુક્તિ અને ડહાપણથી કાબુમાં રાખતો. આ અમીર ઇ. સ. ૧૯૦૧માં મરણ પામ્યો અને ત્યારપછી તેનો છોકરો હબીબુલ્લા અમીર થયો. તેના સમયમાં શાંતિનો ભંગ થવાનો પ્રસંગ આવ્યો, છતાં લૉર્ડ કર્ઝને તે દાબી દીધો અને અફઘાનીસ્તાન સાથેનો મિત્ર તરીકેનો સંબંધ ચાલુ રહ્યો.

તિબેટ

અફઘાનીસ્તાન મુજબ તિબેટમાં પણ રૂશિયાની સત્તા વધતી જતી હતી. તે અટકાવવા માટે લૉર્ડ કર્ઝને લશ્કર મેકલ્યું. ત્યાં દલાઇ લામા બૌદ્ધનો ધર્મગુરુ હતો અને રાજ્યવહીવટ પણ તેના હાથમાંજ હતો.

લશ્કરને જવાનો માર્ગ વિકટ હતો. રસ્તો ઝાડ વગરનો ઉજ્જડ હતો અને બરફ પણ પુષ્કળ પડતો. પત્રવ્યવહાર માટે ઘણી અગવડ હતી. આ સઘળી મુશ્કેલીઓ છતાં સર ફ્રાન્સિસ યંગ હઝબન્ડની સરદારી હેઠળ લશ્કરે બહાદુરીથી કૂચ કરી. લશ્કર લાસા પહોંચ્યું ત્યાર પહેલાં દલાઇ લામા નાસી ગયો. બ્રિટિશ અમલદારે તેના પ્રતિનિધિ સાથે મસલત ચલાવી સુલેહ કરી. આ કરારનામાની મુખ્ય શરતો નીચે મુજબ હતી. (૧) હિંદ અને તિબેટ વચ્ચે વ્યાપાર ચાલુ રાખવા માટે યાતુંગ, ગ્યાન્ત્સે, અને ગારતુકને વ્યાપારી સ્થળો તરીકે નક્કી કરવામાં આવ્યાં. (૨) બ્રિટિશ સરકાર તરફથી એક એજન્ટ ગ્યાન્ત્સેમાં રાખવાનું ઠર્યું અને જરૂરી વખતે લાસા જઈ પહોંચવાની તેને સત્તા આપવામાં આવી. (૩) બ્રિટિશ સરકારની સંમતિ વગર તિબેટનો કોઇ પણ ભાગ બીજા રાજ્ય સાથે જોડી શકાય નહિ તેમજ તેનાથી છૂટો પાડી શકાય નહિ. (૪) બીજાં રાજ્યોને રેલ્વે વગેરે બાંધવાની સગવડ આપી શકાય નહિ. વળી દંડ તરીકે જે મોટી રકમ નક્કી કરવામાં આવી હતી તે પાછળથી પાર્લામેન્ટે ઘટાડી.

ઈરાન

ઈરાનના અખાતપર લાંબા સમય થયાં બ્રિટિશ સરકારે પોતાની સત્તા જમાવી હતી. અખાતને ચાંચીઆઓના ભયમાંથી મુકત કર્યો હતો. અને તેનું ચારે બાજુએથી સારૂં રક્ષણ કરેલું હતું. યૂરોપની બીજી પ્રજાઓથી આ સહન ન થઇ શકયું. ૧૮૯૨ માં ફ્રાન્સ જાગ્યું અને ત્યાંના એક રાજ્યનીતિજ્ઞે જણાવ્યું કે ઇરાનના અખાતમાં સર્વોપરિ સત્તા સ્થાપવાનો ઇંગ્લાંડને કોઇ પણ જાતનો હક નથી. ઈ. સ. ૧૮૯૮ માં ઓમાનના સુલતાને બ્રિટિશ સરકાર સાથેના ૧૮૯૧ ના ખાનગી કરારનો ભંગ કરી જીસે નામનું બંદર ફ્રાન્સને આપ્યું. અને એ સાથે તેનું રક્ષણ કરવા માટેની સર્વ સત્તા પણ તેને સોંપી. આ કરારભંગની ખબર પડતાંજ લૉર્ડ કર્ઝને એક કાફલો મોકલ્યો અને સુલતાનના

મહેલને બાળી મૂકવાની ધમકી આપી. તરતજ ધારેલી અસર થઇ અને સુલતાને ફ્રાન્સને જે હક આપ્યો હતો તે પાછો લઇ લીધો.

આ ઉપરાંત રશિયા પણ પોતાની સત્તા એશિયામાં વધારવા માટે ઉત્સુક હતું. ઇરાનનો ઉત્તર ભાગ ધીમે ધીમે રશિયાની સત્તામાં આવે એવો સંભવ હતો. ઇરાનનું મુખ્ય શહેર તહેરાન રશિયાની હદથી ફક્ત સેં માઇલજ દૂર હતું. વળી, ઇરાની લશ્કરના ઉપરી અમલદારો મોટે ભાગે રશિયનો હતા.

આ કારણોને લીધે ઇરાનના અખાત માટે બ્રિટિશ સરકારની શી નીતિ રહેશે તે ખુલ્લી રીતે જાહેર કરવાની જરૂર હતી. તે મુજબ ઇ. સ. ૧૯૦૩માં પરદેશ ખાતાના પ્રધાન લૉર્ડ લેન્સડાઉને બ્રિટિશ સરકારની નીતિ જાહેર કરી જણાવ્યું કે જો કોઇ પણ પ્રજા ઇરાનના અખાતમાં કાફલો રાખી પોતાની સત્તા જમાવવાનો પ્રયાસ કરશે, તો બ્રિટિશ સરકાર તેની સામે થવા માટે યોગ્ય પગલાં ભરશે. આ જાહેરાત પછી તરતજ લૉર્ડ કર્ઝને અખાતની મુલાકાત લીધી અને અખાતના સંરક્ષણ માટે તેમજ બીજી પ્રજાઓને પોતાની સત્તા સ્થાપતાં અટકાવવા માટે યોગ્ય બંદોબસ્ત કર્યો.

બંગાળાના ભાગલા

લૉર્ડ કર્ઝનની વાઇસરોય તરીકેની કારકીર્દીમાં સૌથી મહત્ત્વનો બનાવ બંગાળાના ભાગલાનો હતો. બંગાળાની વસ્તી ઘણીજ વધી ગઇ હતી; મુંબઇ ઇલાકા કરતાં ચાર ગણી હતી. તેથી આખા ઇલાકાનો વહીવટ એકજ લેફ્ટનન્ટ ગવર્નર સારી રીતે કરી શકે એમ ન હતું. તેથી લૉર્ડ કર્ઝને બંગાળાના બે ભાગલા પાડયા. બંગાળાનો પૂર્વ ભાગ તથા આસામને જોડી દઇ તેને પૂર્વ બંગાળા નામ આપવામાં આવ્યું અને તેનું મુખ્ય મથક ઢાકા રાખવામાં આવ્યું. બાકીના ભાગને પશ્ચિમ બંગાળા નામ આપી તેનો વહીવટ કલકત્તામાં રાખવાનું ઠર્યું. આ મુજબ

સારો પાર્ટીશન થાય, ગેરવ્યવસ્થા ન થાય, અને લોકોને ભાડનારી ઓછી પડે એવા હેતુથી લૉર્ડ કર્ઝને બંગાળાના બે વિભાગ કર્યા.

આ યોજના બંગાળાની પ્રજાને રુચી નહિ. એક ભાગમાં વસ્તીનો મોટો ભાગ મુસલમાન હતો અને ઘણોજ નાનો ભાગ હિન્દુઓનો હતો. તેથી પ્રજાને એમ લાગ્યું કે હિંદુમુસલમાનને લડાવી અંગ્રેજ સરકાર રાજ્ય કરવા માગે છે. આથી પ્રજાની લાગણી ઉશ્કેરાઇ અને આ ભાગલા રદ કરાવવા માટે ભારે ચળવળ શરૂ થઈ. ઠેરઠેર જાહેર સભાઓ ભરવામાં આવી અને બ્રિટિશ માલનો બહિષ્કાર અને સ્વદેશીનો પ્રચાર જાહેર કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓને સરકારી શાળાઓનો ત્યાગ કરી રાષ્ટ્રીય શાળાઓમાં દાખલ થવાનો બોધ આપવામાં આવ્યો. આ રીતે પ્રજાએ લૉર્ડ કર્ઝનના આ પગલા તરફ પોતાનો સખત અણગમો જાહેર કર્યો. પણ લૉર્ડ કર્ઝનના ઉપર આની કાંઈ પણ અસર થઈ નહિ. તે આગ્રહી પુરુષ હતો, અને પોતે ધારેલું કામ ગમે તે ભોગે કરવા તત્પર હતો. તેથી તે મક્કમ રહ્યો અને લોકમાં જે અસંતોષ ફેલાયો હતો તેની જરાપણ દરકાર ન રાખી પોતાનુંજ ધાર્યું કર્યું. આથી તે ઘણોજ અપ્રિય થયો. પાછળથી સરકારને નમતું આપવું પડયું અને ઈ. સ. ૧૯૧૧માં બંગાળાના ભાગલા રદ કરવામાં આવ્યા.

યુનિવર્સિટી એક્ટ, ૧૯૦૪

હિંદુસ્તાનની યુનિવર્સિટીમાં જે શિક્ષણ આપવામા આવતું હતું તેમાં ઘણી ખામીઓ હતી એમ સર્વનો મત હતો. તે દોષો દૂર કરવા શું પગલાં ભરવાં જોઇએ તે સૂચવવા માટે એક કમીશન નીમવામાં આવ્યું. આ કમીશને જે સૂચનાઓ કરી તે પૈકી યુનિવર્સિટીનું બંધારણ બદલવાની સૂચના પણ હતી. કેળવણીમાં જેને રસ ન હોય તેવા માણસો યુનિવર્સિટીમાં દાખલ થઈ ગયા હતા તેમને દૂર કરવા જોઇએ અને સારા કેળવાએલા માણસો લેવા જોઇએ તેમજ સરકાર તરફથી નીમાએલા સભ્યોની બહુમતિ જોઇએ; એમ આ કમીશને અભિપ્રાય આપ્યો.

તદનુસાર ઈ. સ. ૧૯૦૪ માં યુનિવર્સિટી એક્ટ પસાર કરવામાં આવ્યો. તે મુજબ સેનેટના સભ્યો (Fellows)ની સંખ્યા સોની નક્કી કરવામાં આવી. તેમાં એંસી સભ્ય સરકાર નીમે અને બાકીના વીસ, ગ્રેજ્યુએટો તરફથી ચુંટાય. દર પાંચ વર્ષે નવા સભ્યો નીમવાનું નક્કી થયું.

આ કેળવણી આપવામાં અત્યાર સુધી જે સ્વતંત્રતા હતી તે કાયદાથી છીનવી લેવામાં આવી. અને સરકારનો કાબુ ઘણોજ વધી ગયો, તેથી એ કાયદો ઘણોજ અપ્રિય થઇ પડ્યો. મરહુમ સર ફીરોજશાહ મહેતા તથા મી. ગોખલેએ આ કાયદાને વખોડી કાઢી તે રદ કરાવવા માટે કાઉન્સીલમાં પોતાનો બનતો પ્રયાસ કર્યો, પણ લૉર્ડ કર્ઝને જરા પણ મચક ન આપી. અને આખરે પ્રજાપક્ષના વિરોધ છતાં કાયદો પસાર કરવામાં આવ્યો.

આ મુજબ કેળવણીની પદ્ધતિમાં રહેલાં દોષો સુધારવાનું બાજુએ રહ્યું અને ઉલટું કેળવણીના ક્ષેત્રમાં સરકારની દખલગીરી વધી.

યુનિવર્સિટીના નવા બંધારણ સામે આજે વીસ વર્ષ થયાં વિરોધ ચાલુ રહ્યો છે; અને ચૂંટાએલા સભ્યોની બહુમતિ માટે ચારે તરફથી બૂમ પડી રહી છે. સારે નસીબે મુંબઇ યુનિવર્સિટીએ અગત્યના ફેરફારો સૂચવ્યા છે અને ચૂંટાએલા પ્રતિનિધિઓની સંખ્યા વધારવાની ભલામણ સરકાર તરફ મોકલી છે. મુંબઇની સરકાર આ ભલામણ મંજુર કરશે એમ આશા રાખવામાં આવે છે.

સુધારાઓ

લૉર્ડ કર્ઝનને જુના ઐતિહાસિક મકાનો માટે ઘણોજ શોખ હતો. અને આવી જુની વસ્તુઓના સંરક્ષણ માટે તે બહુજ કાળજી રાખતો. અમદાવાદ, કલકત્તા, દિલ્હી, પુના, બીજાપુર, વગેરે સ્થળોએ પ્રાચીન ઐતિહાસિક મકાનો છે, તે સર્વને સુધારી સારી સ્થિતિમાં રાખવા માટે **પ્રાચીન વસ્તુ-સંશોધક તથા પ્રાચીન વસ્તુ સંરક્ષક** નામનું નવુંજ ખાતું

ખોલવામાં આવ્યું. લોર્ડ કર્ઝનના આ કાર્ય માટે હિન્દુસ્તાન એનો જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

આ ઉપરાંત ખેડુતોની સ્થિતિ સુધારવા માટે લૉર્ડ કર્ઝને ઘણા સારા સુધારાઓ દાખલ કર્યા. સહકારી મંડળીઓની સ્થાપના એ સૌથી અગત્યનો અને ખેડુતોને ઘણોજ લાભકારક સુધારો છે. આ મંડળીઓ મારફતે ખેડુતોને થોડે વ્યાજે નાણાં મળવાં લાગ્યાં અને તેથી તેઓની પૈસા સંબંધી હાડમારી ઘણે અંશે દૂર થઈ.

રાજીનામું

ઇ. સ. ૧૯૦૪માં લૉર્ડ કર્ઝન ઇંગ્લાંડ ગયો; અને જો કે સાધારણ રીતે વાઇસિરોયની નીમણુક પાંચ વર્ષ માટેજ હોય છે તોપણ એના સંબંધમાં અપવાદ તરીકે એને વધુ વખત માટે વાઇસરોય તરીકે ચાલુ રાખવાનું નક્કી થયું. તે મુજબ લૉર્ડ કર્ઝન હિન્દુસ્તાન પાછો ફર્યો. પણ તરતજ હિન્દના સેનાધિપતિ લૉર્ડ કિચનર સાથે સત્તાના સંબંધમાં મતભેદ પડયો. અને બ્રિટિશ પ્રધાનમંડળે લૉર્ડ કિચનરને ટેકો આપ્યો. આથી લૉર્ડ કર્ઝનનું અપમાન થયું અને તેથી તે રાજીનામું આપી ઇ. સ. ૧૯૦૫માં ઇંગ્લાંડ ગયો.

લૉર્ડ કર્ઝન વાઇસરોય તરીકે

બુદ્ધિ અને ઉદ્યમ એ બન્ને ભાગ્યેજ સાથે જોવામાં આવે છે; પરંતુ લૉર્ડ કર્ઝન બુદ્ધિશાળી અને બાહોશ નર હતો એટલુંજ નહિ પણ તે ઘણોજ ઉદ્યમી હતો; અને અથાગ શ્રમ લેવાની તેનામાં શકિત હતી. પોતે બુદ્ધિશાળી હોવાથી બીજાઓની કોઈપણ નવી સૂચના તરફ એ તિરસ્કારની નજરથી જોતો, અને એવી સૂચનાઓ એને ગમતી નહિ. પોતે ઘણું કામ કરી શકતો હોવાથી હરેક ખાતાના માણસો પાસે ઘણા કામની આશા રાખતો અને તેઓની પાસે કામ કરાવતો. બંગાળાના ભાગલાએ બતાવી આપ્યું કે લૉર્ડ કર્ઝન દૃઢ નિશ્ચયવાળો પુરુષ હતો.

પ્રજાપ્રીતિ ખોવાને ભોગે પણ એ પોતાનું ધાર્યુંજ કરતો. પ્રજામતની અવગણના કરી તેથી એ ઘણોજ અપ્રિય થઈ પડ્યો; છતાં તેની તેણે દરકાર ન કરી. એક સિદ્ધાંત તરીકે આ ગુણ સારો કહેવાય. ઢીલાપોચા માણસના હાથમાં રાજ્યની લગામ હોય તો વારંવાર પ્રજા તરફની કનડગત પણ થાય. મી. રોબર્ટ્સ કહે છે તે મુજબઃ—

"Nothing is more fatal to a Government than to create the impression that it will always yield to pressure. By doing so it wins neither the gratitude of its opponents, nor peace for itself. You cannot conduct a successful administration by a policy of continually selling the pass. Measures advanced to a certain stage must be carried through or their authors stand forth as bankrupt in credit and prospects."

એનાં અનેક આપખુદીભર્યાં કાર્યોને લીધે એ પ્રજાપ્રીતિ સંપાદન કરવા ભાગ્યશાળી ન નીવડ્યો. છતાં એક વ્યક્તિ તરીકે લૉર્ડ કર્ઝન મહાન અને પ્રભાવશાળી હતો એમ તો કહેવુંજ જોઇએ. એના અદ્વિતીય વ્યક્તિત્વની છાપ દરેક ખાતા પર પડ્યા વગર રહેતી નહિ. લૉર્ડ કર્ઝનના ચારિત્ર્ય વિષે મી. રોબર્ટ્સે લંબાણથી જે વિવેચન કર્યું છે તે મનન કરવા યોગ્ય છે. તે માટે તેમનો અભિપ્રાય નીચે ટાંક્યો છેઃ—

"But when all the facts are reviewed, and when all possible deductions are made, Lord Curzon's Viceroyalty must surely stand out as great and notable, great in the roll of the tasks actually achieved, great in the lofty sense of duty invariably displayed, in the exacting labours

unremittingly fulfilled, and great in stately and impressive eloquence which defended his policy before the bar of public opinion."

"Whatever errors, whatever failures-and both error and failure are inseparable from human energy-critics may detect in his six years of office, it cannot be doubted that when the cloud-belts of contemporary detraction have cleared away, Lord Curzon's name will stand amongst the foremost of those that make up the illustrious roll of the Governors-General of India."

ભાગ ૭ મો

બ્રિટિશ હિંદનું રાજ્યતંત્ર

પ્રકરણ ૧ લું

હિંદીવજીર અને તેની સભા

બ્રિટિશ હિંદ ઉપર રાજ્ય ચલાવવાની બ્રિટિશ 'રાજસભા'ને પૂર્ણ સત્તા છે અને તેથી એક મહાન દેશનું ભવિષ્ય સુધારવું યા બગાડવું એ પણ એ 'રાજસભા'નાજ હાથમાં છે. જ્યારથી હિંદનું રાજ્ય બ્રિટિશ પ્રજાના હાથમાં ગયું છે ત્યારથી તેઓએ હિંદી પ્રજાના લાભાલાભ, સુખ-દુઃખ વગેરેની જુમ્મેદારી પોતાને માથે એક ઈશ્વરદત્ત ફરજ તરીકે વહોરી લીધી છે. આમ હોવાને લીધે બ્રિટિશ 'રાજસભા' કે તેમનું પ્રતિનિધિમંડળ છે તેણે પોતાનામાંનાજ એક અમલદારની હિંદીવજીર તરીકે નીમણુંક કરી છે. આ અમલદાર બ્રિટિશ 'પ્રધાનમંડળ'નો એક સભ્ય છે અને હિંદના રાજ્યવહીવટ માટે તે 'રાજસભા'ને જોખમદાર છે. હિંદીવજીરને હિંદની પરિસ્થિતિથી જાણકાર રહેવાને માટે હિંદી સરકાર સાથે ચાલુ પત્રવ્યવહાર રાખવો પડે છે અને બ્રિટિશ પ્રજા જેનો તે પ્રતિનિધી છે તેના હિતને કશી પણ આંચ ન આવે એવા પ્રકારની રાજ્યનીતિ ગ્રહણ કરવાની હિંદીસરકારને સૂચના કરતો રહે છે.

બ્રિટિશ 'રાજસભા'ના અંકુશની શરૂઆત

હવે બ્રિટિશ 'રાજસભા'ની હિંદીસરકાર ઉપરની આ સત્તા ક્યારથી અને કેવી રીતે શરૂ થઇ તેનું ઐતિહાસિક દૃષ્ટિએ ટુંક અવલોકન કરીશું. ઇ. સ. ૧૬૦૦ની સાલમાં હિંદુસ્તાન સાથે વેપાર કરવાને ઉભી થયેલી મંડળીએ આશરે પોણીબસેં વર્ષ સુધી અનિયંત્રિતપણે વેપાર કર્યો અને કેટલેક અંશે રાજ્યસત્તા પણ ચલાવી; પરંતુ સને ૧૭૭૩માં 'રેગ્યુલેટિંગ એક્ટ' પસાર કરીને બ્રિટિશ 'રાજસભા'એ બંગાળાનો ગવર્નર અને ?

સભાના સભ્યોની નીમણુંક કરવાની સત્તા પોતાના હાથમાં લઇ 'કંપની'ની રાજકીય સત્તાપર અંકુશ મૂકવાની શરૂઆત કીધી. આ અંકુશ વધારવા માટે અને એક વેપારી મંડળીની રાજકીય સત્તા ઓછી કરવાના શુભ હેતુથી બ્રિટિશ 'રાજસભા'એ સને ૧૭૮૪માં 'પીટનો હિંદી કાયદો' પસાર કર્યો. આ કાયદાથી 'કંપની'ની હિંદના અમલદારો નીમવાની સત્તા શિવાય હિંદના રાજ્યને લગતી બીજી સર્વે બાબતો 'રાજસભા'એ નીમેલા પોતાના છ માણસોના મંડળના અંકુશ નીચે આવી. આ વસ્તુસ્થિતિ સને ૧૮૫૭ના બળવા સુધી ચાલુ રહી. પરંતુ સને ૧૮૫૮ અને ત્યાર પછી પસાર થયેલા સને ૧૮૫૯ના કાયદાથી હિંદના રાજ્ય ઉપરની સઘળી સત્તા 'કંપનીના કાર્યવાહકોની મંડળી અને તેના પર અંકુશ રાખનારી 'રાજસભા'ના નીમેલા માણસોની મંડળી એ બંનેનો અંત આણીને, ઈંગ્લાંડના રાજાના પોતાના હાથમાં આવી, અને તે સત્તા હિંદીવજીર અને તેની સભાના સભ્યોની નીમણુંક કરી, શરુઆતમાં જણાવી ગયા તે મુજબ, બ્રિટિશ 'રાજસભા' ચલાવે છે.

હિંદીવજીર

હિંદીવજીર નામદાર શહેનશાહના પાંચ મુખ્ય વજીરોમાંનો એક હોઈ તે 'રાજસભા,' 'પ્રીવીકાઉન્સિલ' અને 'પ્રધાન મંડળ'નો પણ સભ્ય છે; પરંતુ બીજા વજીરોની પેઠે પોતાની સત્તાનો અમલ કરવામાં તે એકલો અને સ્વતંત્ર નથી. હિંદની પરિસ્થિતિથી સાધારણ રીતે અજાણ્યો હોવાને લીધે એને મદદ કરવાને અને સલાહ આપવાને એક સભા નીમવામાં આવી છે. આ સભાના સભ્યોનો તેમજ હિંદીવજીરનો પગાર આજ સુધી હિંદી તીજોરીમાંથી ચુકવાતો હતો. હિંદી પ્રજાપર આ એક મોટો અન્યાય હતો; કારણકે હિંદીવજીરના જેવોજ બીજો એક સંસ્થાનોનો વજીર છે તેનો પગાર ખુદ બ્રિટિશ તિજોરીમાંથી અપાતો હતો. પરંતુ સને ૧૯૧૯ના હિંદી સુધારાના કાયદાથી હિંદીવજીર અને હિંદીનાયબ વજીરનો પગાર પણ બીજા વજીરોની પેઠે બ્રિટિશ તિજોરીમાંથીજ

આપવો એમ ઠર્યું છે. આથી હિંદી પ્રજાને ફાયદો થવા ઉપરાંત 'રાજસભા'માં 'અંદાજ પત્ર' ઉપરની ચર્ચા વખતે હિંદીવજીર વગેરેના પગારની પણ મંજૂરી આપવાની હોવાને લીધે 'રાજસભા'ના સભ્યો હિંદને લગતા સવાલોમાં વધુ ધ્યાન આપે અને હિંદી નોકરીમાંથી નિવૃત્ત થયેલા ગોરા અમલદારોના અભિપ્રાય ઉપરજ સઘળો આધાર રાખી, તેમના ઘણે અંશે પક્ષપાતી વચનો સર્વાંશે સાચા માની, તે પ્રમાણે વર્તી, પરતંત્ર હિંદી પ્રજાનું કલ્યાણ કરવાની પવિત્ર ફરજ બજાવનાર બ્રિટિશ પ્રજાના પ્રતિનિધિઓ, હવે હિંદી પ્રશ્નોનો જાતે અભ્યાસ કરી હિંદી પ્રજાની ઉન્નતિ માટે પગલાં ભરે એવું બનવાનો સંભવ છે. હિંદીવજીરના હાથ નીચે બે મદદનીશો છે; એક જાથુકને માટે છે અને બીજાની પદવી તેના વડાની માફક 'રાજસભા'ના સત્તાધારી પક્ષની મુદતપર આધાર રાખે છે. સાધારણ રીતે હિંદીવજીર અને આ બીજો મદદનીશ. 'રાજસભા'ના બે વિભાગો—આમની સભા અને અમીરોની સભા—માંથી ગમે તે એકનો સભ્ય બની હિંદને લગતી સઘળી બાબતોના ખુલાસા કરે છે.

હિંદીવજીર અને હિંદી રાજ્યવહીવટ પર બ્રિટિશ 'રાજસભા'ની સત્તા

હિંદીવજીર બ્રિટિશ 'રાજસભા'નો નીમેલો અમલદાર હોઈ બીજા સર્વે વજીરો પેઠે તે પણ પોતાના વજીર તરીકે કરેલાં સર્વે કાર્યો માટે સર્વોપરિ 'રાજસભા'ને જવાબદાર છે. હિંદી બાબતોથી 'રાજસભા'ના સભ્યો કેટલા અજાણ છે એ જગજાહેર છે; તે છતાં કાયદાની દૃષ્ટિએ તેમની સત્તા, જે સત્તાધારીઓની બેદરકારી જોતાં ઘણી ભયંકર કહેવાય, કેટલી મહત્ત્વની અને વિશાળ છે તે જાણવું નિરર્થક નથી. (૧) હિંદીવજીર અને તેની સભાની સત્તાની મર્યાદા 'રાજસભા' બાંધે છે. (૨) બ્રિટિશ હિંદના રાજ્યતંત્રનું બંધારણ એ 'રાજસભા'જ નક્કી કરે છે. (૩) હિંદી સરહદની બહારની લડાઇનો ખર્ચ હિંદની તીજોરીમાંથી આપવો કે નહિ એ 'રાજસભા'એ જોવાનું છે. (૪) વળી હિંદીવજીરનો

પગાર મંજૂર કરવાની તે ના પાડી શકે છે અને તેથી બ્રિટિશ રાજ્યતંત્ર 'જવાબદાર' હોવાથી, આડકતરી રીતે તેને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે. (૫) હિંદને નામે લોન ઉભી કરવાની જે સત્તા હિંદીવજીરને મળેલી છે તેના પર પણ રાજસભાનો અંકુશ છે. (૬) છેવટે ખુદ હિંદી સરકાર, મધ્યસ્થ અથવા પ્રાંતિક, જે કંઈ પગલાં ભરે તે સર્વે ઉપર કેટલીક બાબતોમાં બ્રિટિશ રાજસભાનો અંકુશ છેલ્લા રાજકીય સુધારા પછી પણ મોજુદ છે.

હિંદીવજીરની સત્તા

'રાજસભા'નો આટલો બધો અંકુશ હોવા છતાં વ્યવહારમાં તે તદ્દન નહિ જેવો છે, અને ખરું જોતાં હિંદીવજીરની સત્તા ઘણી વધારે છે. (૧) હિંદી ધારાસભાઓએ પસાર કરેલા સઘળા કાયદાઓને છેવટે એની મંજૂરી મેળવવી પડે છે. (૨) હિંદે લડાઈમાં ઉતરવું કે નહિ તે એણે જોવાનું છે. (૩) વળી મોટી નહેર બાંધવી હોય અથવા નહેર ખોદવી હોય, મોટા પગારની નવી જગ્યા કાઢવી હોય, પગાર વધારવા હોય, સ્થાનિક સરકારો અથવા દેશી રાજ્યોને રકમ ધીરવાની હોય એ સર્વે ખર્ચોને માટે હિંદીવજીરની પરવાનગી મેળવવી પડે છે.

આમ છતાં સઘળી મહત્ત્વની બાબાતોમાં હિંદીવજીર અને તેની સભા હિંદીસરકારે આપેલી માહિતી ઉપરથીજ નિર્ણયપર આવે છે, જેથી સાધારણ રીતે ઘણુંખરૂં હિંદી સરકાર પોતાની મરજી પ્રમાણેજ કામ કરે છે અને હિંદીવજીર તો નામની સહીજ કરે છે. આથી વ્યવહાર દૃષ્ટિએ જોતાં હિંદી સરકારજ હિંદને લગતા આંતરિક પ્રશ્નોમાં સર્વોપરિ છે એમ કહેવું સર્વથા વાજબી ગણાય.

હિંદીવજીરની સભા

આપણે કહી ગયા તેમ સંસ્થાનોના વજીરને મદદ કરવાને હિંદી વજીરની સભા જેવું કાંઈ નહિ હોવાથી સંસ્થાનોને લગતી બાબતોમાં

પ્રીવીકાઉન્સિલના મતનું જે મહત્ત્વ છે તે હિંદને લગતા વિષયોમાં આ સભાના અસ્તિત્વને લીધે ઓછું થાય છે. વળી હિંદીવજીર સત્તાધારી પક્ષના નેતાઓમાંનો એક હોવાથી પોતાના પક્ષનુંજ હિત સાધવાની તેને ટેવ પડેલી હોય છે અને તેથી કયાં તો તે ખરી વસ્તુસ્થિતિ શું છે તેજ જોઇ શકતો નથી અથવા જુએ છે તો હિંદનાજ હિતનાં યોગ્ય પગલાં લેવાને તે અશક્તિવાન નીવડે છે. વળી આજ કારણોને લીધે હિંદી બાબતોથી તે પૂરતો વાકેફ હોતો નથી. આ બંને ઉણપો સુધારવાને ‘રાજસભા’ના ખાસ અંકુશની જરૂર છે. પરંતુ બ્રિટિશ ‘રાજસભા’ને પોતાનુંજ સંભાળતા એટલી તકલીફ પડે છે કે હિંદી વિષયોપર ચાલુ ધ્યાન આપવું અને દેખરેખ રાખવી તેને ઘણી મુશ્કેલ પડે. આજ કારણથી ખરૂં જોતાં હિંદીવજીરની સભાએ એક રીતે ‘રાજસભા’નીજ ગરજ સારે છે અને હિંદીવજીર ઘણુંખરૂં એ સભાના અવાજનો પડઘો પાડે છે.

તેનું બંધારણ

હિંદીવજીરની સભા તેણેજ નીમેલા આઠથી બાર સભ્યોની બનેલી છે. તેઓની નીમણુંક જે પહેલાં સાત વર્ષને માટે થતી હતી તે હવે ફક્ત પાંચજ વર્ષને માટે થાય છે; કારણકે સભાના હિંદી સભ્યો, જેમની નીમણુંક સહુથી પહેલી લૉર્ડ મોર્લેએ કરી તેમને એક સામટો સાત વર્ષનો ઈંગ્લાંડનો વસવાટ કંઇક અગવડ ભર્યો થઈ પડતો. કોઇપણ સભ્યને તેની મુદત દરમ્યાન દૂર કરવાને માટે રાજસભાના બંને વિભાગોએ મળીને એક એકત્ર અરજી નામદાર શહેનશાહને કરવી જોઇએ. સને ૧૯૧૯ના કાયદાની રૂએ આ સભાનું બંધારણ એવું નક્કી કરવામાં આવ્યું કે (૧) સભાના અડધોઅડધ સભ્યોએ હિંદમાં ઓછામાં ઓછા દશ વર્ષનો વસવાટ કર્યો હોવો જોઇએ અને સભ્ય બનતી વખતે તેમણે હિંદ છોડયાને પાંચથી વધુ વર્ષ થયા હોવા નહિ જોઇએ. આથી હિંદી રાજકીય પરિસ્થિતિમાં થતા પ્રત્યેક ફેરફારથી માહિતગાર માણસોજ

સભ્ય બની શકેછે. દરેક સભ્યને ૧૨૦૦ પાઉંડનું વર્ષાસન મળે છે અને હિંદમાં વસવાટ કરી રહેલા સભ્યોને એ વર્ષાસન ઉપરાંત ૬૦૦ પાઉંડ ભથ્થાના મળે છે. (૨) આ સભાના સભ્યોને 'રાજસભા'ના સભ્યો બનવાની બંધી કરવામાં આવી છે કારણકે તેમને મુખ્યત્વે કરીને હિંદી પ્રજાનું શ્રેય જોવાનું હોવાથી તેઓ બ્રિટિશ પક્ષવાદથી અલગ રહે એ વધુ ઇચ્છવા યોગ્ય છે. આ સભા મહિનામાં ઓછામાં ઓછી એક વખત તો મળવીજ જોઇએ. હિંદીવજીર એ સભાનો પ્રમુખ છે અને એની ગેરહાજરીમાં એણે ઉપ–પ્રમુખ તરીકે નીમેલો સભ્ય સભાનું કામકાજ ચલાવે છે. જો કે સભાનું કામ સાધારણ રીતે સલાહ આપવાનુંજ છે છતાં રાજકીયનીતિ નક્કી કરવામાં તેના અભિપ્રાયનું ઘણું વજન પડે છે. વળી હિંદી નાણાંનો ખર્ચ કેવી રીતે કરવો, મોટા અમલદારોને બરતરફ કરવા અથવા તેમની નીમણુંક કરવી વગેરે બાબતોમાં હિંદી વજીર એની સભાના મત પ્રમાણેજ ચાલવાને બંધાયેલો છે. આમ છતાં હિંદની પરદેશીય રાજ્યનીતિ વગેરે કેટલીક મહત્ત્વની બાબતોમાં તેમજ સભાના કામકાજને લગતા વિષયો ઘડવામાં હિંદીવજીર એની સભાથી સ્વતંત્ર છે. જુદાજુદા નિયમો માટે કમિટિઓ નીમી તેમની મારફતે સભાનું કામકાજ થતું હતું પણ હાલમાં વ્યક્તિગત ખાતાં સોંપવાની ભલામણ થઇ છે.

તેનું કાર્ય અને સત્તા

આ ઉપરથી જણાશે કે હિંદીવજીરની સભાનું કાર્ય બે પ્રકારનું છે–(૧) હિંદીવજીર પર કાબુ રાખવો (૨) તેને અનુભવ–પ્રવીણ સલાહ આપવી. હિંદીજીરની સત્તા વિશાળ હોય તોજ સભાનું આ કાર્ય મહત્ત્વનું ગણાય. પરંતુ સને ૧૯૧૯ ના કાયદાથી હિંદીવજીરની સત્તા વ્યવહારમાં ઘણી ઓછી થવાથી હવે એ સભાની જરૂરત વિષે ઘણી શંકા રહે છે.

હિંદીવજીર અને વાઇસરોય વચ્ચેનો સંબંધ

હિંદીવજીર અને હિંદના વાઇસિરોય એ બેની વચ્ચેનો સંબંધ કયા પ્રકારનો હોવો જોઇએ એ બાબતની ચર્ચાનો ટુંક ઇતિહાસ અત્રે

આપવો અસ્થાને નહિ ગણાય. આપણે જોઈ ગયા તે મુજબ વાઇસરોય હિંદમાં રહેનારો હોઈ હિંદની રાજકીય સ્થિતિથી પૂર્ણ વાકેફગાર હોવાથી સરકાર તરફથી જે કંઇ પગલું ભરવામાં આવે તે વિષે પહેલો વિચાર તો તેણેજ કરવો જોઇએ એમ સ્વાભાવિક રીતે જણાય છે. પણ સાથે એ પણ જોવું જોઇએ કે વાઇસરોય હિંદની નોકરશાહીનો વડો હોઈ રાજ્યસત્તાના મદમાં તદ્દન આપખુદી પગલું ભરવાને લલચાય એ પણ બનવા જોગ છે. તો આ આપખુદ સત્તાને નિયંત્રિત કરવા માટે પ્રજા-મતને માન આપવાની રાજનીતિના સિદ્ધાંતોમાં રાચતો અને રાજ્ય-સત્તાના કેન્દ્રથી દૂર રહેલો હિંદી વજીર એક અતિ મહત્ત્વની વ્યક્તિ છે એની પણ ના કેમ પડાય ? આ દૃષ્ટિએ જોતાં વાઇસરોયનું કામ અમુક પગલું કેવી રીતે ભરવું તે વિષે હિંદીવજીરને સૂચના કરવાનું અને હિંદી વજીરનું હિંદી પ્રજાના હિત તરફ નજર રાખી તેમાં ગ્યોગ્ય સુધારો કરી સંમતિ આપવાનું માલુમ પડે છે. પરંતુ કેટલાક બ્રિટિશ પક્ષવાદમાં મચી રહેલા અને બ્રિટિશ પ્રજાનુંજ શ્રેય જોનારા હિંદી વજીરોએ વાઇ-સરોયની બધીજ સત્તા પોતાના હાથમાં લઇ તેમને તો બિચારાને આડતીઆની દશામાં આણી મૂકયા હતા. દાખલા તરીકે સને ૧૮૭૦ માં ડયુક ઓફ આર્જીલે લૉર્ડ મેયોની, અને સને ૧૮૭૫ માં લૉર્ડ સેલ્સ-બરીએ લૉર્ડ નૉર્થબ્રુકની આવી દશા કરી હતી. પરંતુ સને૧૯૧૯ ના કાયદા પછી આ ચર્ચા ઘણી પુરાણી બની ગઇ છે. હિંદી ધારાસભાઓની સત્તા જેમ વધતી જાય તેમ હિંદી વજીરની સત્તા ઓછી થાય એ સિદ્ધાંત હવે ગ્રહણ કરવામાં આવ્યો છે અને જ્યારે એકલા હિંદને લગતીજ બાબત હોય ત્યારે હિંદી સરકાર અને હિંદી પ્રજા જો એકમત હોય તો હિંદી વજીરે આડે ન આવવું એવી ગોઠવણ થઈ છે.

હાઈ કમિશનર

જ્યારે હિંદી વજીર અને તેની સભાનો પગાર હિંદી તીજોરીમાંથી ભરપાઈ થતો હતો ત્યારે હિંદી વજીર ઉપર્યુક્ત રાજકીય કામો ઉપરાંત

હિંદી સરકારના આડતીઆ તરીકે કામ કરતો હતો. હવે હિંદી વજીરનો પગાર બ્રિટિશ સરકાર આપતી હોવાથી આ આડતનું કામ કરવાને ક્યુ કમિટિની ભલામણ મુજબ સને ૧૯૧૯ ના કાયદાથી લંડનમાં એક હિંદી હાઈ કમિશનર નીમવામાં આવ્યો છે. તેની નીમણુંક હિંદી વાઇસરોય પાંચ વર્ષને માટે કરે છે, અને તેનો પગાર હિંદી તીજોરીમાંથી અપાય છે. હિંદી સરકારને માટે સાહિત્યોની ખરીદી કરી તેને ભરી રાખવા ઉપરાંત તે હિંદના વ્યાપારની અને ઈંગ્લાંડમાં રહેતા હિંદી વિદ્યાર્થીઓના હિતની સંભાળ રાખે છે. આ છેલ્લી બે બાબતોને માટે હાઇ કમિશનરને બે મદદનીશો આપવામાં આવ્યા છે.

'રાજસભા'ની 'સ્ટેંડિંગ જોઈન્ટ કમિટી'

જો કે બ્રિટિશ રાજસભાએ હિંદની આંતરિક બાબતોમાં અંકુશ રાખવાનું લગભગ છોડી દીધું છે તે છતાં હિંદી પ્રશ્નોથી પરિચિત રહેવાની જરૂર તેને જણાઈ છે અને તેથી 'રાજસભા'ના દરેક ઉપવેશનની શરૂઆતમાં તેના બંને વિભાગોના સભ્યોની સરખી સંખ્યામાં નીમણુંક કરી, તેમણે હિંદને લગતી બાબતો પર ચાલુ તેમજ ખાસ ધ્યાન આપી તે વિષેની પોતાની ભલામણો 'રાજસભા' સમક્ષ રજુ કરવાનું નક્કી થયું છે.

પ્રકરણ ૨ જું

વાઈસરોય અને તેની કારોબારી સભા

"હિંદી રાજ્યતંત્રનું નામ નોકરશાહી છે, કારણ કે અમલદારો, હિંદનો વાઈસરોય સુદ્ધાં, હિંદના પગારદાર નોકરો છે અને તે નોકરોની મરજી પ્રમાણે રાજ્ય ચાલે છે." આ નોકરશાહીના મુખ્ય બે વિભાગ પાડવામાં આવ્યા છે (૧) વડી સરકાર, જે વાઇસરોય અને તેની કારોબારી સભાની બનેલી છે (૨) પ્રાંતિક સરકાર જેમાં પ્રાંતના સુબા અને તેના કાર્યવાહી મંડળનો સમાવેશ થાય છે.

વાઈસરોય

વાઈસરોય એ હિંદમાં ખુદ શહેનશાહની સત્તાનો અધિકારી છે. નામદાર શહેનશાહના પ્રતિનિધિ તરીકે રાજતખ્તને બક્ષેલી ખાસ સત્તા તે વાપરી શકે છે. મહાન મુગલોના ઉત્તરાધિકારી તરીકે તે પણ તેમના જેટલાંજ દમામ અને સત્તા દાખવે છે. અને નોકરશાહીનો વડો હોવાથી તે આખા હિંદ ઉપર વિશાળ સત્તા ભોગવે છે. વડા પ્રધાનના કહેવાથી નામદાર શહેનશાહ તેની નીમણુંક કરે છે. સાધારણ રીતે તે પાંચ વર્ષને માટે નીમાય છે, જે મુદત દરમ્યાન પણ અમુક વખત માટે રજા લઇ તે ઇંગ્લાંડ જઇ આવી શકે છે. જો કે તેની નીમણુંક વડા પ્રધાનની સલાહથી નામદાર શહેનશાહ કરે છે તોપણ હિંદી વજીર હિંદના રાજ્યવહીવટ માટે રાજસભાને જવાબદાર હોવાથી વાઇસરોયને હિંદી વજીરના સર્વે હુકમ માનવા પડે છે અને હિંદી પરિસ્થિતિ વિષે તેને ચાલુ ખબર આપવી પડે છે. વળી હિંદી વજીરને સામાન્ય દેખરેખ અને કાબુ રાખવાની અને જરૂર પડે તો વાઇસરોયની રાજનીતિનો અસ્વીકાર કરવાની યોગ્ય સત્તા આપવામાં આવી છે. પરંતુ હિંદમાં સ્વરાજ્ય સ્થાપવાના હેતુથી આપણે આગળ જોઇ ગયા તે પ્રમાણે આ અંકુશ ધીમે ધીમે ઓછો કરવામાં આવે છે.

તેની સત્તાનું ઐતિહાસિક નિરૂપણ

હવે વાઇસરોયની વિશાળ સત્તાનું કંઇક ઐતિહાસિક નિરૂપણ કરીએ. સને ૧૭૭૩ના રેગ્યુલેટિંગ એક્ટથી બંગાળામાં અમલ ચલાવવાને માટે પહેલીજ વખત એક ગવર્નર જનરલ અને ચાર સભાસદોને મુંબઈ અને મદ્રાસ ઇલાકા ઉપર પૂર્ણ સત્તા સાથે નીમવામાં આવ્યા. આ કાયદાની રૂએ વૉરન હેસ્ટિંગ્સ પહેલો ગવર્નર જનરલ થયો અને ત્યાર પછી આ નીમણૂંક નામદાર શહેનશાહની સંમતિથી 'કંપની' કરી શકે એમ ઠર્યું. સન ૧૭૮૪ના 'પીટ' ના કાયદાંથી અને ૧૭૯૩ના કાયદાથી બંગાળાનો મુંબઇ અને મદ્રાસ ઇલાક.પરનો અંકુશ વધ્યો. મુંબઈ અને મદ્રાસ સરકાર ગવર્નર જનરલને પૂછ્યા શિવાય કોઈ પણ વિગ્રહમાં ઉતરી શકે નહિ. પરંતુ સને ૧૮૩૩માં તેના વ્યાપારી હક્કો સઘળા નાશ પામ્યા પછીજ 'કંપની'એ રાજકીય બાબત તરફ ધ્યાન આપવા માંડયું અને બંગાળાના ગવર્નર જનરલને આખા બ્રિટિશ હિંદનો ગવર્નર-જનરલ બનાવી તેને મુલ્કી તેમજ લશ્કરી સર્વે બાબતો પર સત્તા આપવામાં આવી. સને ૧૮૫૩માં બંગાળા માટે જુદો લે. ગવર્નર નીમી ગવર્નર જનરલને સમસ્ત હિંદ ઉપર સામાન્ય દેખરેખ રાખવા છૂટો રાખવામાં આવ્યો. સને ૧૮૫૮માં જ્યારે હિંદનું રાજ્ય 'કંપની બહાદુર' પાસેથી બ્રિટિશ રાજસભાના હાથમાં ગયું ત્યારે ગવર્નર-જનરલને વાઇસરોયની પદવી મળી અને સને ૧૯૧૨માં હિંદનું પાટનગર કલકત્તાથી ખસેડી દિલ્હી લઈ જવામાં આવ્યું.

વાઇસરોય અને ગવર્નર-જનરલ

અહીં એટલું જાણવું જરૂરનું છે કે ગવર્નર-જનરલ જ્યારે શહેનશાહના પ્રતિનિધિ તરીકે કોઇપણ સત્તા વાપરે છે ત્યારેજ તે વાઇસરોય કહેવાય છે. દાખલા તરીકે દેશી રાજાઓ સાથેનો તેનો સંબંધ, ગુન્હેગારને માફી બક્ષવાની તેની સત્તા, વગેરે વાઇસરોય સાથે સંબંધ

ધરાવનારી બાબતો છે; જ્યારે તેનો હિંદી રાજ્યતંત્રના અધ્યક્ષ તરીકે હિંદીવજીર સાથે અથવા તો તેના હાથ નીચેની સ્થાનિક સરકારો સાથેનો સંબંધ, એ તેની ગવર્નર–જનરલની પદવી સાથે સંબંધ રાખે છે.

વાઇસરોયની પસંદગી

વાઇસરોયની પસંદગી ઘણુંખરું ઇગ્લાંડનાં પ્રતિષ્ઠિત, બાહોશ, અને રાજકાર્યકુશળ અમીર વર્ગમાંથી થાય છે. સાધારણ રીતે હિંદની સાથે અંગત પરિચયમાં નહિ આવેલા હોય એવા માણસોને પસંદ કરવામાં આવે છે. આમ હોવાનું કારણ એમ કહેવાય છે કે વાઇસરોયનું કામ તેની કારોબારી સભાના સભ્યોએ રજુ કરેલી બાબતોપર નિર્ણય આપવાનું જ હોવાથી એ જેમ તટસ્થ અને નિષ્પક્ષપાતી બની શકે તેમ સારું. કારણકે હિંદી સનંદી નોકરીમાં જોડાઇ સરકારી ખાતાની ઘરેડમાં પડી થોડાંક વર્ષ અનુભવ મેળવી પારંગત બનેલો અમલદાર કેટલાક પ્રશ્નોનો વિચાર તે ચીલામાંથી બહાર નીકળી જોઇએ તેટલી વિશાળ દૃષ્ટિએ કરવાને અશક્ત નીવડે છે. પરંતુ કોઇપણ માણસની હિંદ વિષેની અજ્ઞાનતાની આવી ભારે કિંમત અંકાતી જોઇ એક પક્ષ આ રીતિને તદ્દન વખોડી કાઢે છે. તેઓનું કહેવું એમ છે કે હિંદના સર્વોપરિ સત્તાધીશ તરીકે વાઇસરોયને હિંદી પ્રશ્નનો સંપૂર્ણ અને અંગત પરિચય હોવો જોઇએ, કે જેથી પોતાના હાથમાં સત્તા આવતાંજ લૉર્ડ કર્ઝનની પેઠે તે કેટલાક મહત્ત્વના પ્રશ્નનો ઉકેલ યથાશક્તિ કરી શકે. ગમે તે પક્ષ સાચો હોય પણ ઇતિહાસ તો એટલું કહે છે કે સર જૉન લૉરેન્સના અપવાદ શિવાય વાઇસરોયની ગાદી મેળવવાને કોઇપણ સનંદી નોકર ભાગ્યશાળી થયો નથી.

વાઇસરોયની સત્તા

હિંદી રાજ્યતંત્રના અધ્યક્ષ તરીકે વાઇસરોયની સત્તા ઘણા પ્રકારની છે. પરંતુ આ સત્તાનો ઉપયોગ તેના હિંદી વજીર સાથેના સંબંધ

ઉપર ઘણો આધાર રાખે છે. એટલેકે જો હિંદી વજીર વાઇસરોય સાથે સાધારણ રીતે એકમત હોય, અને મતફેર પ્રસંગે પણ પોતાનોજ કક્કો ખરો કરવાની ઉત્કંઠાવાળો નહિ હોય તો વાઇસરોય પોતાનું ધાર્યું વગર હરકતે કરી શકે છે. પણ જ્યારે ડ્યુક ઑફ આર્જીલ અથવા લૉર્ડ સેલ્સબરી જેવા હિંદીવજીરો, ૬૦૦૦ માઇલ દૂર રહી હિંદનું શાસનતંત્ર એક હથ્થુ ચલાવવાની મહાકાંક્ષાવાળા હોય ત્યારે તો લૉર્ડ મેયો, લૉર્ડ નૉર્થબ્રુક અને ખુદ કર્ઝન જેવા પ્રતિભાશાળી વાઇસરોયોને પણ કયાં તો ફક્ત આડતીઆ જેવા બની જવું પડે છે અથવા તો સ્વમાનને ખાતર રાજીનામું આપવું પડે છે. પરંતુ આવી રકઝક ઘણી મહત્ત્વની બાબતો વિષેજ થાય છે અને હિંદી વજીરે પોતાનો અંકુશ વ્યવહારમાં બહુ ઢીલો કરી નાંખ્યો હોવાથી આવા બનાવ બનવાનો હવે બહુ સંભવ નથી. આવા અપવાદ બાદ કરતાં વાઇસરોય એની કારોબારી સભાની સંમતિથી (જે જવલ્લેજ તેને નથી મળતી) (૧) હિંદનો પરદેશ સાથેનો સંબંધ સંભાળે છે (૨) સરહદપરની પ્રજાઓ સાથે કરાર કરે છે (૩) દેશી રાજાઓ સાથે યોગ્ય વર્તન ચલાવે છે અને (૪) દેશના કોઇપણ ભાગની આપ લે કરે છે; આ ઉપરાંત (૫) નવા પ્રાંતિક સુબાઓ નીમવામાં તે શહેનશાહને સલાહ આપે છે, જ્યારે બીજી કેટલીક મહત્ત્વની નીમણુંકો તે પોતેજ કરે છે; (૬) હિંદીવજીરની પેઠે પોતાની કારોબારી સભાના કાર્ય માટે આંતરિક નિયમો પણ તે ઘડે છે. વળી જો કે વડી ધારા-સભાનું પ્રમુખપદ હવે એની પાસે રહ્યું નથી તોપણ (૭) ધારાસભાએ પસાર કરેલા ખરડાને મંજુર કરવાની તે ના પાડી શકે છે; (૮) જો એને લાગે કે કોઇપણ ઠરાવ યા ખરડાપરના વિવેચનથી બ્રિટિશ હિંદની સુલેહ શાંતિને નુકશાન પહોંચવાનો સંભવ છે તો તેવી ચર્ચા તે એકદમ અટકાવી શકે છે. (૯) વડી ધારાસભાએ નામંજુર કરેલો ખર્ચ તે આપ-સત્તાથી મંજુર કરી શકે છે; અને (૧૦) અને કાયદાના જેટલાજ અસરકારક હુકમો આપસત્તાથી તે અમુક મુદત માટે બહાર પાડી શકેછે.

અધિકારની રૂએ તેને મળેલું અભય

અમલદાર તરીકે આપેલી કોઇપણ સલાહ યા કરેલા કોઇપણ કાર્ય માટે વાઇસરોયને હિંદની કોઇપણ હાઇકોર્ટથી પકડી કે કેદમાં પૂરી શકાય નહિ. તેમજ ચોરી અથવા રાજદ્રોહ શિવાય કોઇપણ ગુન્હા માટે તેના પર ફોજદારી કામ ચલાવી શકાય નહિ.

આવોજ નિયમ પ્રાંતિક સુબાઓ, કારોબારી સભાના સભ્યો, અને પ્રધાનોની બાબતમાં પણ પાળવામાં આવે છે.

તેની કારોબારી સભાનો વિકાસ

આપણે ઉપર જોઈ ગયા તેમ વાઇસિરોયની ઘણીક સત્તા ગવર્નર જનરલ અને તેની કારોબારી સભાના એકત્ર હાથમાં સોંપવામાં આવી છે. ગવર્નર-જનરલને મદદ કરવાને બીજા ચાર સભ્યોની નીમણુંક થઈ ત્યારથી આ સભાની શરૂઆત થઇ. પણ તે વખતે એ સભાનું કામ બહુ જુદી રીતે ચાલતું. સભામાં ગવર્નર-જનરલ સુદ્ધાં સર્વેના મતની સરખી કિંમત હતી, અને બહુમતિ રાજ કરતી. આ ભૂલ ભરેલી પદ્ધતિથી વૉરન હેસ્ટિંગ્સની સ્થિતિ કેવી કફોડી થઇ ગઈ હતી તે વાત જાણીતી છે. પરંતુ લૉર્ડ કૉર્નવૉલીસના સમયમાં એ ભૂલ સુધારી ગવર્નર જનરલને મહત્ત્વના વિષયોમાં એને યોગ્ય લાગે તો પોતાનીજ મરજી પ્રમાણે વર્તવાની સત્તા આપી અને સભાસદોની સંખ્યા ત્રણની કરી વડા સેનાધિપતિને ખાસ સભ્ય તરીકે નીમ્યો. વ્યકિતગત જોખમદારી વિના આ સભ્યો એક સલાહકારક મંડળ તરીકેજ કામ કરતા. પરંતુ જેમ જરૂર જણાતી ગઇ તેમ રાજ્યવહીવટ માટે જુદાં જુદાં ખાતાંઓ પાડી આ સભ્યોને તેમના જોખમદાર અધ્યક્ષ તરીકે નીમવા માંડયા. આ મુજબ સને ૧૮૩૩માં દેશના ધારા વગેરેને માટે એક સભ્યની નીમણુંક થઈ; પરંતુ ૧૮૫૩ સુધી બીજા સભ્યો પેઠે બધી બાબતોપર તે મત આપી શકતો નહિ. સને ૧૮૬૧માં નાણાંખાતાના સભ્યની

નીમણુંક થઇ અને લૉર્ડ કૅનિંગે અસલ પદ્ધતિને કોરે મૂકી હાલની વ્યક્તિગત ખાતાંની વહેંચણી દાખલ કરી એ પદ્ધતિને રૂઢ કરી. સને ૧૮૭૪ના કાઉન્સિલોના કાયદાથી જાહેર બાંધકામોના ખાતા માટે છઠ્ઠા સભ્યની નીમણૂંક થઇ. પરંતુ લૉર્ડ કર્ઝને એ ખાતું કાઢી નાખી સને ૧૯૦૫માં તેને બદલે વેપાર ઉદ્યોગનું ખાતું કાઢ્યું. છેવટે સને ૧૯૧૦માં કેળવણી ખાતાં માટે છઠ્ઠો સાધારણ સભ્ય નીમાયો.

હાલનું બંધારણ

આ પ્રમાણે હાલની વાઇસરોયની કારોબારી સભા ૬ સાધારણ સભ્યો અને ખાસ સભ્ય તરીકે સેનાધિપતિની બનેલી છે. વાઇસરોય આ સભાનો પ્રમુખ છે અને ઉપ–પ્રમુખની પણ એજ નીમણુંક કરે છે. સભાસદોની નીમણુંક નામદાર શહેનશાહ કરે છે અને તેઓ ઘણું ખરું પાંચ વર્ષ સુધી એ દરજ્જો ભોગવે છે. સને ૧૯૧૯ના કાયદાથી સભાસદોની કુલ સંખ્યાની મર્યાદા નીકળી ગઇ છે. સભાસદોમાંના ત્રણ જણે હિંદમાં દશ વર્ષ સુધી શહેનશાહની નોકરી કરી હોવી જોઇએ; તેઓમાંનો એક હિંદુસ્તાન અથવા ઈંગ્લાંડનો દશ વર્ષનો અનુભવી ધારાશાસ્ત્રી હોવો જોઇએ; અને છેવટમાં તેઓમાંના ઓછામાં ઓછા ત્રણ જણ હિંદી હોવા જોઇએ. આથી એટલું તો સ્પષ્ટ છે કે જવાબદાર નહિ પણ કેટલેક અંશે હિંદીમય તો કારોબારી સભા હવે બની છે; અને એવું પણ વચન અપાયું છે કે હિંદના જાહેર નોકરોમાંથી જે ત્રણ સભાસદો લેવાના છે તે વખત જતાં ઘણુંખરું હિંદીઓજ લેવાશે.

કાર્યપદ્ધતિ

વાઇસિરોયની કારોબારી સભાની કાર્યપદ્ધતિ ઘણે અંશે બ્રિટિશ પ્રધાન મંડળની કાર્યપદ્ધતિને મળતી આવે છે. સત્તા અને દરજ્જામાં ઘણી રીતે મોટો હોવા છતાં એક રીતે વાઇસરોય વડા પ્રધાનને મળતો કહી શકાય, અને એની સભાના સભ્યો બીજા પ્રધાનોને મળતા ગણી શકાય. જો કે વાઇસરોય પોતે પણ પરદેશીખાતાનો અધ્યક્ષ છે છતાં

બીજાં ખાતાંઓ ઉપર પણ તે સામાન્ય દેખરેખ રાખે છે. સભામાં ચર્ચાતા પ્રશ્નોનો નિર્ણય બહુમતીથી કરવામાં આવે છે. સભાના કાર્યના નિયમો વાઇસિરોય ઘડે છે. અને આ નિયમાનુસાર થયલા નિર્ણયોને ગવર્નર-જનરલ અને તેની સભાના ઠરાવો તરીકે ઓળખવામાં આવે છે. ચર્ચામાં જ્યારે બંને બાજુએ સરખા મત પડે ત્યારે વાઇસિરોયને પ્રમુખ તરીકે 'નિર્ણયકારી મત' (casting vote) આપવાની સત્તા છે; અને ઘણા મહત્ત્વના પ્રશ્નોમાં તો આખીયે સભાની વિરૂદ્ધ ઠરાવપર આવી તેનો અમલ કરી શકે છે. એટલું ખરૂં કે એવા સંજોગોમાં હિંદી વજીરને પૂરેપૂરી હકીકતથી વાકેફ કરવો પડે છે.

ખાતાંની વહેંચણી

કારોબારી સભાના કામની વહેંચણી વ્યકિતગત આઠ ખાતાંઓ પાડીને કરવામાં આવી છે.

(૧) રાજકીય અથવા પરદેશ ખાતું

આ ખાતું વાઇસિરોયના પોતાના હાથમાં છે. પરદેશીય રાજનીતિ, સરહદ પરની જાતો, હિંદનાં દેશીરાજ્યો અને અજમેર મેરવાડા, વાયવ્ય સરહદનો પ્રાંત અને બ્રિટિશ બલુચિસ્તાન જેવા તોફાની પ્રાંતો સાથે આ ખાતું સંબંધ ધરાવે છે.

(૨) લશ્કરી ખાતું

આ ખાતાનો વહીવટ વડો સેનાધિપતિ કરે છે. તે હિંદી સૈન્ય ઉપર દેખરેખ રાખે છે. વળી હિંદી 'વૈદ્યકીય નોકરી' (I. M. S.) ઉપર પણ આજ ખાતું ધ્યાન રાખે છે.

(૩) સ્વદેશ ખાતું

આંતરિક રાજકીય પરિસ્થિતિ, ન્યાય અને કાયદાનો અમલ, જેલ ખાતું, પોલિસ ખાતું, જાહેર સુખશાંતિ ખાતું, આંદામાન ટાપુનો વહીવટ વગેરે સાથે સંબંધ રાખે છે. પરંતુ આમાંના છેલ્લા સિવાયના

સર્વે વિષયો પર પ્રાંતિક સરકારોને ધ્યાન આપવાનું હોવાથી સ્વદેશ ખાતાના સભાસદને તો પ્રાંતિક સરકાર પર સામાન્ય દેખરેખ રાખવાનુંજ રહે છે.

(૪) નાણાં ખાતું

દેવું, ટંકશાળ, જકાત, ખંડણી, સ્ટેંપ, અફીણ, મીઠું, સરકારી નોકરોના પગાર, રજા, પેન્શન, પ્રાંતિક સરકારની ઉપજ તેમજ ખર્ચ તરફ ધ્યાન રાખવાનું કામ વગેરેનો સમાવેશ આ ખાતામાં થાય છે. એ ઉપરાંત એ ખાતું ચલણ અને શરાફી કામકાજ સંબંધી પણ ઠરાવો કરે છે. વડી સરકારની ઉપજ તથા ખર્ચનો હિસાબ રાખવાનું અને વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાનું કામ આ ખાતું કરે છે.

(૫) રેલ્વે, વ્યાપાર, અને ધર્મવિષયક ખાતું

રેલ્વે બોર્ડ જે હિંદી રેલ્વેઓ ઉપર દેખરેખ રાખે છે તેને લગતું સઘળું કામકાજ આ ખાતાનો સભાસદ કારોબારી સભામાં રજુ કરે છે. વળી આ ખાતું વેપારને લગતી ઘણીએ બાબતો, તેને લગતી નવીન અને જરૂરી માહિતી એકઠી કરીને જાહેર કરે છે. પોસ્ટ, તાર અને બીજા એવા વિષયોનો વહીવટ કરે છે; વળી ધર્મને લગતું જે કંઈ કામ કરવાનું હોય છે તે સઘળું આ ખાતું સંભાળે છે.

(૬) ધારા ખાતું

દેશને માટે કાયદાનામુસદ્દા તૈયાર કરવાનું અને વડી તેમજ સ્થાનિક સરકારોને કાયદાની સલાહ આપવાનું કામ કરે છે. વધુમાં તેને ધારાસભાના કામમાં સવિશેષ ભાગ લેવાનો હોય છે.

(૭) કેળવણી, જાહેર તંદુરસ્તી, જાહેર જમીનને લગતું ખાતું

આ સઘળા વિષયો પ્રાંતિક બન્યાથી વડી સરકારને એટલે આ ખાતા માટેના સભાસદને તો માત્ર સ્થાનિક સરકારોના એ વિષયના વહીવટ ઉપર દેખરેખ રાખવાનુંજ રહે છે.

(૮) ઉદ્યોગ અને મજુર વર્ગને લગતું ખાતું

દેશનાં હુન્નરઉદ્યોગને અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, વગેરેની મદદથી ઉત્તેજન આપવાનું કામ આ ખાતું કરે છે. અને તે સાથે ઉદ્યોગની ખીલવણીથી મજુરવર્ગ સંબંધી ઉત્પન્ન થતા સવાલોનો પણ આ ખાતુંજ નિવેડો લાવવા પ્રયત્ન કરે છે.

કાર્યવિધિ

'સામાન્ય રીતે દરેક ખાતાના સેક્રેટરી પોતાનો ખાતાના તુમારના કાગળો તૈયાર કરી, પોતાના ખાતાના સભાસદ આગળ રજુ કરે છે. સામાન્ય બાબતોમાં સભાસદનો નિકાલ તે ગવર્નર–જનરલ અને તેની સભાના ચુકાદા તરીકે લેખાય છે. તદ્દન સામાન્ય બાબતોનો ફેંસલો સેક્રેટરી જાતેજ લાવી દે છે; અને તે પણ ગવર્નર–જનરલ અને તેની સભાના ચુકાદા તરીકે લેખાય છે. દરેક સભાસદ પોતાના ખાતાના અગત્યના તુમારના કાગળો પોતાના અભિપ્રાય સાથે વાઇસરોયને મોકલે છે. જો વાઇસરોય તેમાં થોડા ફેરફાર સાથે પણ સંમત થાય તો તે ઠરાવ પણ ગવર્નર–જનરલ અને તેની સભાના ચુકાદા તરીકે લેખાય છે. પણ જોખમદારી ખેડવાના કાગળો હોય અને વાઇસરોય તે ખાતાના સભાસદ સાથે સંમત હોય તોપણ તે કાગળોને સભાના બધા સભાસદોમાં અથવા જેની સલાહ લેવાની ખાસ જરૂર હોય તેટલા સભાસદોમાં ફેરવાવે છે; અને તે બાબતમાં વાઇસરોય સભાસદ સાથે એકમત ન થાય તે કાગળો સભા સમક્ષ રજુ થાય છે અને તેનો નિકાલ સભામાં થાય છે. સભા અઠવાડીઆમાં એક વખત મળે છે. જરૂરી કાગળો જે હોય તે ખાતાનો સેક્રેટરી સીધા વાઇસરોય પાસે રજુ કરે છે અને તેનો નિકાલ કાંતો વાઇસરોય કરે છે અથવા તે ખાતાના સભાસદ પાસે નિકાલ કરાવવા મોકલે છે. સેક્રેટરી હિંદી સનંદી નોકર હોય છે. આ પ્રમાણે વાઇસરોય અને તેની કારોબારી સભાનું કામ ચાલે છે.'

પ્રકરણ ૩ જું

પ્રાંતિક સરકાર

બ્રિટિશ હિંદના રાજકીય વિભાગો

રાજ્યવહીવટની સરળતાને ખાતર બ્રિટિશ હિંદના પંદર વિભાગ કરવામાં આવ્યા છે. અને તેમાંના દરેકને સ્થાનિક સરકાર તરીકે ઓળખવામાં આવે છે. તેમાંથી મુંબઇ, મદ્રાસ અને બંગાળા એ ત્રણ ઇલાકાઓ, અને સંયુક્તપ્રાંતો, પંજાબ, બિહાર ને ઓરિસા, મધ્યપ્રાંતો અને આસામ એ પાંચ પ્રાંતો એ દરેક 'ગવર્નર' ચલાવે છે. બ્રહ્મદેશ 'લેફ્ટેનન્ટ ગવર્નર'ના હાથ નીચે છે, જ્યારે વાયવ્યસરહદનો પ્રાંત, દિલ્હી, બ્રિટિશ બલુચિસ્તાન, અજમેર–મેરવાડા, કુર્ગ અને આન્દામાન એ દરેક 'ચિફ કમિશનર' ચલાવે છે.

ઇલાકાના ગવર્નરો અને બીજા ગવર્નરો

ગવર્નરોને રાજ્યવહીવટમાં મદદ કરવાને કારોબારી સભા અને પ્રધાન મંડળ હોય છે. પરંતુ ઇલાકાના ગવર્નરો બીજા પ્રાંતોના ગવર્નરો કરતાં તેમના પ્રતિષ્ઠા તેમજ વધારે પગારને લીધે વધારે મોટો ઓદ્ધો ભોગવે છે. તેમની નીમણુંક નામદાર શહેનશાહ હિંદી વજીરની સલાહથી ઇંગ્લાંડમાં રહેતા પ્રતિષ્ઠિત અને અનુભવી ગૃહસ્થોમાંથી કરે છે. જ્યારે બીજા ગવર્નરોને નીમતાં પહેલાં ગવર્નર જનરલને પણ પૂછવામાં આવે છે અને તેમની નીમણુંક હિંદી સનંદી નોકરીના અમલદારોમાંથી પણ થઈ શકે છે. ઇલાકાના ગવર્નરો હિંદી વજીર સાથે સીધો પત્રવ્યવહાર કરી શકે છે, જો કે તેમને તેની એક નકલ વાઇસરોયપર મોકલવી પડે છે; જ્યારે બીજા ગવર્નરો હાલમાં તેમ કરી શકતા નથી. ઇલાકાના ગવર્નરોએ ચાર સભ્યોની કારોબારી સભા અને ત્રણ પ્રધાનો નીમ્યા છે, જ્યારે બિહાર ને ઓરિસા જ્યાં ત્રણ કારોબારી સભાસદો અને બે પ્રધાનો છે તેના અપવાદ શિવાય બીજા પ્રાંતોમાં બેજ કારોબારી સભાસદો અને

એજ પ્રધાનો છે; પરંતુ આ તફાવત કંઈ બહુ મહત્ત્વનો નથી. ગવર્નરોની નીમણુંક પાંચ વર્ષ માટે થાય છે.

પ્રાંતિક સરકારનું સિંહાવલોકન

પ્રાંતિક સરકારની હાલની કાર્યપદ્ધતિ વિષે કંઈપણ કહીએ તે પહેલાં થોડુંક સિંહાવલોકન કરવું અહીં જરૂરનું છે. 'મોન્ટફર્ડ સુધારાઓ' અમલમાં મુકાયા તે પહેલાં હિંદી સરકાર હિંદનો રાજ્યવહીવટ વિવિધ પ્રકારની પ્રાંતિક સરકારની સહાયથી ચલાવતી હતી. મુંબઇ, મદ્રાસ અને બંગાળાના ગવર્નરોની સાથે કારોબારી સભા તેમજ ધારાસભા હતી અને બિહાર ને ઓરિસાના લે. ગવર્નરને પણ તેમજ હતું; સંયુક્તપ્રાંતો, પંજાબ અને બ્રહ્મદેશના લે. ગવર્નરોને એકલી ધારાસભાજ હતી અને મધ્યપ્રાંતો અને આસામના 'ચીફ કમિશનરો'ને પણ તેમજ હતું.

હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યનીતિ

અક્ષરશઃ કાયદા પ્રમાણે હિંદી સરકારજ બ્રિટિશ 'રાજસભા'ને હિંદી રાજ્યને માટે જવાબદાર હોવાથી તેણે લશ્કર, પરરાજ્યો સાથેનો સંબંધ, વ્યાપારની નીતિ, વ્યાપારને લગતાં સાધનો અને હિસાબી કામ પોતાનાજ હાથમાં રાખ્યાં હતાં. બીજા વિષયો પરત્વે એ જોખમદારી હિંદી અને પ્રાંતિક સરકારો વચ્ચે થોડે કે ઘણે અંશે સરખી રીતે વહેંચાયલી હતી. જવાબદારીનું ધોરણ અચોકકસ હોવાથી અને હિંદી સરકારનું એક હથ્થુપણું પ્રાંતિક સરકારને ખૂંચતું હોવાથી એ બંને વચ્ચે ઘણી વખત રકઝક ઉઠતી. હિંદી સરકારના આ એકચક્રીપણાનો સવાલ સને ૧૮૩૩થી ૧૯૧૯ સુધી ચર્ચાયો પરંતુ એ બાબતનો કંઇ ચોકકસ નિર્ણય થયો નહિ. આ વિષયમાં પણ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે ગવર્નર જનરલ જો લૉર્ડ કર્ઝન જેવો સત્તાનો શોખીન હોય તો પ્રાંતિક સરકારોને નજીવી બાબતોમાં પણ કનડયા કરે અને આજ નિયમ હિંદી વજીરને પણ લાગુ પડે છે. એટલું તો આપણુને પણ પ્રતીત થાય છે કે જ્યાં સુધી હિંદી રાજ્યવ્યવસ્થાને માટે ગવર્નર-જનરલ, હિંદી વજીર મારફતે

બ્રિટિશ 'રાજસભા'ને સંપૂર્ણ રીતે જવાબદાર હોય ત્યાં સુધી આ એક-ચક્રીપણું આવશ્યક છે. આ એકચક્રીપણું ઓછું કરવાનો ફક્ત એકજ રસ્તો છે અને તે એ કે હિંદી સરકાર 'રાજસભા'ને નહિ પરંતુ હિંદી પ્રજાને જવાબદાર રહે. પરંતુ આ જવાબદાર રાજ્યતંત્રની વાત તો ૧૯૦૯માં લૉર્ડ મોર્લેને પણ ગળે ઉતરી નહોતી. અને તેથી તેણે ધારા-સભા અને કારોબારી સભામાં હિંદી તત્વ દાખલ કરવા તરફજ ધ્યાન આપ્યું. મોર્લે–મિન્ટોના મત પ્રમાણે હિંદી મતધારીઓ રાજ્યતંત્ર કેમ ચલાવવું એ જાણતાજ નહોતા અને તેથી તેમણે તો એ મતધારી-ઓને હજુ ધારાસભાવિષયક શિક્ષણ આપવાનુંજ ઉચિત ધાર્યું.

હિંદી પ્રજાની રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રીય ભાવનાનો જન્મ

પરંતુ સને ૧૯૦૫ના લૉર્ડ કર્ઝનના બંગભંગથી જન્મ પામેલી સ્વદેશીની ચળવળે જે રાજકીય જાગૃતિ હિંદી પ્રજામાં આણી હતી તે આ મોર્લે–મિન્ટો સુધારણાથી કંઇ શમી ગઇ નહિ. એક વખત ઉત્પન્ન થયલું રાષ્ટ્રીય ચેતન થોડાક નામના હક્કો આપવાથી કંઇ નાશ પામે નહિ. સને ૧૯૧૪ના યુરોપીય વિગ્રહે એ બળતામાં ઘી હોમ્યું અને હિંદી પ્રજાએ જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની ઉત્સુકતા દર્શાવવા માંડી. આખા હિંદુસ્તાનમાં સ્વરાજ્યની હાક વાગી રહી. બ્રિટિશ રાજસભાને હિંદી પ્રજાની માગણીઓ સાંભળવાની અને તેમને થોડે અંશે પણ સ્વીકારવાની ફરજ પડી અને તદનુસાર હિંદી વજીર મી. મોંટેગ્યુએ ૧૯૧૭ના ઑગસ્ટની ૨૦ મી તારીખે 'રાજસભા'માં જાહેર કર્યું કે જવાબદાર રાજ્યતંત્રના હક્ક આપવાને હિંદના રાજ્યવહીવટમાં હિંદુસ્તાનના માણસોનું પ્રમાણ વધારવાને તથા હિંદુસ્તાનને બ્રિટિશ સામ્રાજ્યનું એક અંગ ગણવાને બ્રિટિશ સરકાર તત્પર છે. આ નિવેદનના સારરુપ મોન્ટફર્ડ સુધારાઓ હિંદુસ્તાનને મળ્યા અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે 'જવાબદાર રાજ્યતંત્ર ક્રમશઃ સ્થાપવાને માટે પ્રાંતિક સરકારથી શરૂઆત કરવી. એમ પણ નક્કી કરવામાં આવ્યું કે પ્રાંતોને ધારા ઘડવામાં,

રાજ્યવહીવટમાં અને નાણાં પ્રકરણમાં થોડેક અંશે સ્વતંત્રતા તરતજ આપવી. આ રીતે પ્રાંતોમાં 'દ્વિરાજક કાર્યવાહક પદ્ધતિ' દાખલ થઇ.

'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિ'

હાલના સંજોગો જોતાં હિંદુસ્તાનમાં પુરેપુરૂં જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવું એ એક જાતનું સાહસજ કહેવાય અને તેથી હિંદી રાજ્યવહીવટમાં ગોટાળો થવાનો ઘણો સંભવ હતો, જ્યારે બીજી બાજુ સુધારાઓ નિષ્ફળ ન જાય તે માટે થોડીક પણ જવાબદારી દાખલ કરવી જોઇએ. આવી આ નવીન યોજનાના વિધાયકોની પરસ્પર વિરોધી માન્યતાઓ હતી. હાલમાં સ્વરાજ્ય ભોગવતા બીજા સંસ્થાનોને જેમ કોઈ પણ જાતના હપ્તા પાડયા વગર આપખુદમાંથી જવાબદાર રાજ્ય-તંત્ર મળ્યું હતું તેવીજ રીતે હિંદુસ્તાનમાં પણ કરવાનું બ્રિટિશ રાજસભાને હિંદી પ્રજાનું રાજકીય શિક્ષણ જોતાં યોગ્ય લાગ્યું નહિ અને તેથીજ આ 'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિ' હિંદીઓને જવાબદાર રાજ્યતંત્રનું શિક્ષણ આપવાને યોજવામાં આવી છે. આ પદ્ધતિથી પ્રાંતિક કાર્યવાહી મંડળના બે વિભાગ પડી જાય એક વિભાગ ગવર્નર અને તેની કારોબારી સભાનો છે અને તે 'રાજસભા'ને જવાબદાર છે; બીજો, ગવર્નર અને તેના પ્રધાનનો છે અને તેઓ તેમની ધારાસભાને જવાબદાર છે.

કારોબારી સભાનું બંધારણ

પ્રાંતિક કારોબારી સભા ગવર્નર અને બેથી ચાર સભાસદોની બનેલી છે. જો બેજ સભ્યો હોય તો તેમાંના એકે હિંદુસ્તાનમાં બાર વર્ષ સુધી સરકારી નોકરી કરી હોવી જોઇએ. બીજો સભ્ય ધારાસભામાં અથવા બીજે કોઈ ઠેકાણે ખ્યાતિ પામેલો બિનઅધિકારી હિંદી ગૃહસ્થ હોવો જોઇએ. જો એ સભામાં ઉપર જણાવેલી સરકારી નોકરીની યોગ્યતાવાળા બે સભ્યો હોય અને તેમાંનો એક પણ હિંદુસ્તાનમાં જન્મ્યો નહિ હોય તો તેમાં બીજા બે બિનઅધિકારી હિંદી સભ્યો પણ હોવા જોઇએ.

નામદાર શહેનશાહ તેમને ૫ વર્ષ માટે નીમે છે. તેમની 'હકુમતમાં' સ્વાયત તરીકે ઓળખાતા વિષયો છે.

આ વિષયોની વ્યવસ્થા માટે ગવર્નર–જનરલ પહેલાંની પેઠેજ હાલ પણ 'રાજસભા'ને જવાબદાર છે અને તેથી એ બાબતમાં હિંદી સરકારનો કાબુ ચાલુજ છે. પરંતુ એ અંકુશ જલદીથી કામ કરવામાં, બીનજરૂરી ડખલ દૂર કરવામાં અને પ્રાંતોને સંપૂર્ણ જવાબદારી માટે તૈયાર થવામાં અડચણકર્તા ન નીવડે એટલી સંભાળ રખાય છે. એટલે આ વિષયો પરત્વે નવા સુધારાથી કંઇ મહત્વનો ફેરફાર થયો નથી.

કાર્યવિધિ

ગવર્નર કારોબારી સભાનો અધ્યક્ષ છે અને પોતાની ગેરહાજરીમાં એ જગ્યા સાચવવાને એક ઉપ–પ્રમુખ નીમે છે. ઘણુંખરું દરેક સભાસદ અમુક સ્વીકારાયલી નીતિ પ્રમાણે પોતાના વિષયની બાબતોનો નિર્ણય પોતેજ કરે છે. જો કંઇ સલાહની જરૂર હોય તો ગવર્નરને અથવા પોતાના સહકારીઓને પૂછે છે. અને જ્યારે બાબત મહત્ત્વની હોય અથવા મતભેદ પડતો હોય ત્યારે સભાની મીટીંગ બોલાવી તેનો ફડચો લાવવાની તે ગવર્નરને અરજ કરે છે. ગવર્નર આપસત્તાથી પણ સભા મેળવી શકે છે. સભામાં નિર્ણય બહુમતીથી થાય છે અને જ્યારે બંને બાજુએ સરખા મત પડે ત્યારે ગવર્નરને અધ્યક્ષ તરીકે 'નિર્ણયકારી મત' આપવાનો હક છે. સાધારણ રીતે ગવર્નર એની સભાની ઇચ્છા પ્રમાણે ચાલે છે. પરંતુ જો એને એમ લાગે કે તેમ કરવાથી એના પ્રાંતની સુલેહ શાંતિને ધોકો પહોંચશે તો તેના નિર્ણયને બાજુએ મુકવાની એને સત્તા છે. સભાએ કરેલા ઠરાવ ગવર્નરે તેની સભામાંથી કાઢેલા હુકમ તરીકે ઓળખાય છે.

પ્રધાનો

ધારાસભાના લોકોએ ચૂંટેલા સભ્યોમાંથી ગવર્નર પોતે ધારે તેટલા વખતને માટે તેના પ્રધાનોની નીમણુંક કરે છે, અને તેમને "સોંપાયલા"

વિષયોનો વહીવટ સોંપે છે. તેઓ ધારાસભાના વિશ્વાસુ અને તેને દોરી શકે એવા હેવા જોઇએ. પ્રધાન તરીકે નીમાતી વખતે જો કોઇ માણુસ ધારાસભાનો સભ્ય નહિ હોય તો તેણે છ માસમાં લોકો તરફથી ચુંટાવું જોઇએ. રાજાના પ્રધાનો રાજસભાના સત્તાધારી પક્ષના નાયકો હોવા જોઇએ એવી બ્રિટિશ રાજ્યબંધારણુની પ્રણાલિકા પ્રમાણે આમ રાખવામાં આવ્યું છે. ફેર માત્ર એટલોજ છે કે હિંદમાં આ કાયદાનો નિયમ છે જ્યારે ઇંગ્લાંડમાં એ માત્ર સંકેતજ છે. હિંદના પ્રધાનો કાર્યવાહી રાજ્યતંત્રના સભ્યો છે પણ કારોબારી સભાના સભ્યો નથી. તેમની જગ્યાની મુદત ધારાસભાની મુદત જેટલી એટલે કે ત્રણ વર્ષની છે. પરંતુ તેઓ ધારે તો એ કરતાં વ્હેલું પણ રાજીનામું આપી શકે છે અને તેજ પ્રમાણે ગવર્નર પણ તેમને રજા આપી શકે છે. ત્રણ વર્ષ પછી તેઓ ફરીથી કારોબારી સભાના સભ્ય તરીકે નીમાઇ શકે છે.

પ્રધાનોની વિચારણા અને કાર્ય એકત્ર રીતે થાય છે. અને ગવર્નર તેમને એક મિત્ર અને જાણકાર તરીકે સલાહ આપે છે. પ્રધાનો લોકનિયુકત હોવાથી, તેમના કાર્યથી રાજ્યવહીવટને હાનિ થતી હોય અથવા તો પ્રાંતમાં શાંતિનો ભંગ થવાનો સંભવ હોય તોજ ગવર્નર તેમની ઇચ્છા વિરુદ્ધ જાય છે. અજ્ઞાન અથવા બિનઅનુભવથી પ્રધાનો કદાચ ખોટે રસ્તે ચઢી જતા હોય તો ગવર્નર તેમને સમજાવી ઠેકાણે લાવી શકે છે, પણ જો તેઓ ન સમજે તો પ્રણાલિકા એવી છે કે, તેણે તેમને તેમનો માર્ગ લેવા દેવો અને પછી જરૂર જણાય તો આપસત્તાથી તેમના નિર્ણયનો અસ્વીકાર કરવો. જો પ્રધાનને આ અસ્વીકાર બિન-જરૂરી યા અયોગ્ય લાગે તો તે રાજીનામું આપી શકે છે. વળી જો ગવર્નરને એમ લાગે કે અમુક પ્રધાન વારંવાર ખોટી રીતે કામ કરે છે અથવા તો ધારાસભાનો વિશ્વાસ તેણે ખોયો છે તો તેને એ દૂર કરી શકે છે. આવા બનાવ વખતે જો બીજા પ્રધાનો તેમજ ધારાસભા ગવર્નરના નિશ્ચય વિરુદ્ધ એ પ્રધાનને સબળ ટેકો આપે તો ગવર્નર તેમને સઘળાને રજા આપી, ધારાસભાને વિસર્જન કરી નવી ચુંટણી

કરાવી શકે છે. પરંતુ આ નવા પ્રધાનો પણ જુના દૂર કરાયલા પ્રધાનોના મતનાજ હોય તો ગવર્નરને તેમનો મત સ્વીકારવો પડે છે. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ છે કે ગવર્નરના હાથમાં બહોળી અને અગત્યની સત્તા હોવા છતાં થોડા વખતને માટેજ આપખુદ સત્તા વાપરી આખરે એકત્રિતં અને કૃતનિશ્ચય મતધારીઓને નમ્યા વગર તેનો છૂટકો નથી.

પ્રધાનો અને ગવર્નરનો સંબંધ

આમ છતાં સાધારણ રીતે ગવર્નર પ્રધાનોની નીતિ તરફ સહાનુભૂતિ અને ક્ષમાની નજરથી જુએ છે, કારણ કે પ્રજાના પ્રતિનિધિ તરીકે રાજ્યવહીવટમાં તેઓ તદ્દન નવાજ છે એમ તે સમજે છે. ભૂલ તો શરૂઆતમાં સૌ કો કરે, તેમ પ્રજાની ઓથવાળા પ્રધાનો પણ કરે; પરંતુ અનુભવ વિના અને જવાબદારી સોંપ્યા વિના કંઈ શીખી શકાય નહિ એટલે આવી ભૂલ નિભાવ્યેજ છૂટકો.

'સોંપાયલા' વિષયનો કામ ચલાઉ વહીવટ

પ્રધાન જો રાજીનામું આપે તો ગવર્નર કોઈ બીજાને એ જગ્યાએ નિમવાનો પ્રયત્ન કરે છે. પણ જો તેમ ન બની શકે તો ગવર્નર પોતેજ થોડા સમયને માટે એક પ્રધાન તરીકે તે વિષયનો વહીવટ કરી શકે છે. પરંતુ આવી બાબતમાં, 'અમુક સંજોગો ઉભા થવાથી પોતાને પ્રધાનપણું લેવાની જરૂર પડી' એવું પ્રમાણપત્ર ગવર્નરને ગવર્નર જનરલ અને તેની કારોબારી સભાપર મોકલવું પડે છે. વળી બીજો પ્રધાન નીમાય ત્યાં સુધીજ આવી પરિસ્થિતિ ચાલુ રહી શકે છે, કારણ કે હિંદીવજીર અને તેની સભાની સંમતિ વિના ગવર્નર પોતે લાંબા સમયને માટે અથવા હંમેશને માટે 'સોંપાયલા' વિષયનો વહીવટ કરી શકતો નથી.

કાર્યવાહી મંડળની એકત્ર સભા

આ 'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિમાં દ્વિગુણિત સત્તાનો સમાવેશ થયેલો હોવાથી, કારોબારી સભા અને પ્રધાનો વચ્ચેની એકતા અને તેમના

સહકાર ઉપર તેની સફળતાનો આધાર રહ્યો છે. તેમની વચ્ચેની આ એકતા અને સહકાર વધારવાને માટે આ બે વિભાગોને સાથે મેળવવાની ગવર્નર હંમેશાં ગોઠવણ કર્યા કરે છે. રોજનું સાધારણ કામ ઘણુંખરૂં ખાતાઓ મારફતેજ થાય છે, પરંતુ ઘણી મહત્ત્વની અથવા તો તટસ્થ બાબતોને માટે ગવર્નરના અધ્યક્ષપણા હેઠળ આખું કાર્યવાહી મંડળ મળે છે. પ્રધાનો કારોબારી સભાસદોને પ્રજાનું દૃષ્ટિબિંદુ અને તેમની ઇચ્છા જણાવે છે અને સભાસદો સરકારનો અનુભવપ્રવીણ મત દર્શાવે છે. આથી દરેક પક્ષ સામા પક્ષની દલીલ જાણી અને સમજીનેજ નિર્ણયપર આવે છે. આટલું થયા પછી પણ દરેક પક્ષ પોતાનું ધાર્યું કરવાને મુખત્યાર છે. અનામત ખાતાંનો છેવટનો નિર્ણય અને તેની જવાબદારી કારોબારી સભાસદોને માથે છે. જ્યારે 'સોંપાયલા' વિષયોનો ફડચો પ્રધાનોજ આણે છે. જો કોઈ પણ બાબત ઉપરના અધિકાર વિષે મતભેદ હોય અથવા તો તે બંને પક્ષના અધિકારમાં આવતી હોય તો તે વિષેની જવાબદારી કોણે લેવી તે ગવર્નર નક્કી કરે છે. એક વખત નિકાલ થયા પછી તે પ્રમાણે કાર્ય કરવાનુંજ બાકી રહે છે અને બીજાઓએ તેમાં સહાય આપ્યેજ છૂટકો. બીજાઓ જો પુરતી સહાય આપવામાં શિથિલતા બતાવે તો ગવર્નર તેમને તેમ કરવાની ફરજ પાડી શકે છે. દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિની સફળતાને માટે તેના બે વિભાગોનો પરસ્પર સહકાર કેટલો આવશ્યક છે તે આ ઉપરથી જણાશે.

કાર્યવાહક મંડળ અને ધારાસભાનો સંબંધ

કાર્યવાહક મંડળીનો ધારાસભા સાથેનો સંબંધ અંતરઆત્માના અવાજને માન આપીને જેમ બને તેમ ઓછા ઘર્ષણથી એકતા સધાય એવા પ્રકારનો રાખવામાં આવ્યો છે. ધારાસભામાં પ્રધાન ગવર્નર સાથે મળીને પોતે લીધેલા પગલાનો બચાવ કરે છે. અમુક પગલું તેણે લીધું એજ બતાવી આપે છે કે રાજીનામું આપવા કરતાં એવું પગલું લેવું તેને વધારે વ્યાજબી લાગ્યું. અને તેથી બ્રિટિશ બંધારણની રીતિને

અનુસરીને, કાર્યવાહી મંડળમાં પડેલા મતભેદ વિષે બીલકુલ પણ ઇસારો કર્યા વિના, છેવટના નિર્ણયને પોતાનોજ ગણી તે બાબતમાં સરકારનો પક્ષ લઇ ધારાસભામાં બચાવ કરવાને તે ઉભો થાય છે. કારોબારી સભ્યો એ લીધેલાં પગલાં વિષે પણ ધારાસભામાં તે વિરુદ્ધમાં બોલતો નથી. કારોબારી સભ્યોને પણ પ્રધાનો તરફ આવુંજ વર્તન રાખવું પડે છે. પરંતુ આ નવીન પદ્ધતિ એક મધ્યસ્થ માર્ગ હોવાથી તેણે એક તદ્દન નવીજ પ્રણાલિકા ચાલુ કરી છે. જો કે બંને વિભાગો ધારાસભામાં પરસ્પર વિરુદ્ધતા દેખાડી શકતા નથી છતાં પણ તેઓ પરસ્પર ટેકો આપવાને બંધાયલા નથી. જે નીતિમાં તે માનતો નથી તેને વાણીથી અથવા મતથી ટેકો આપવો એ જોખમદાર પ્રધાનને માટે અશકય છે. છતાં કોઇક વખત એવું બને કે ધારાસભાની ટીકા સામે પ્રધાનને સરકારનો બચાવ કરવો પડે અને તેથી ધારાસભા ખીજવાઇને તેનામાં પોતાનો અણવિશ્વાસ જાહેર કરે. આવે વખતે પ્રધાનની સ્થિતિ ખરેખર કફોડી થઇ પડે છે. ધારાસભાએ જો પ્રધાનની વિરુદ્ધજ વલણ લીધી હોય તો તેને રાજીનામું આપ્યેજ છૂટકો. ધારાસભાને જવાબદાર ન હોવાથી કારોબારી સભાસદોની આવી કઢંગી સ્થિતિ થતી નથી.

પ્રાંતિક ધારાસભાઓ જેમાં લોકનિયુક્ત સભાસદોની બહુમતી હોય છે તેમાં જવાબદાર પ્રધાનો નીમી પ્રાંતિક સરકારમાં કંઇક અંશે જવાબદારી દાખલ કરવામાં આવી છે. આથી પ્રાંતિક સરકારના અડધા ભાગની રાજનીતિ પ્રજા નક્કી કરી શકે છે.

બ્રિટેશ રાજ્યબંધારણ પ્રમાણે અહીં પણ કારોબારી સભાસદોને મદદ કરવાને ધારાસભાના લોકનિયુક્ત સભ્યોમાંથી થોડાકની નીમણુંક થાય છે. તેમનો પગાર નક્કી કરવો અને ચુકવવો અને તેમનાં કાર્યો પર દેખરેખ રાખવી એ કામ ધારાસભાનું છે.

ગવર્નરની ફરજો

આ ઉપરથી જણાશે કે દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિમાં ગવર્નરનું સ્થાન જેટલું દુર્ઘટ છે તેટલુંજ માનનીય છે. પ્રધાનો અને કારોબારી

સભ્યોને જોડનાર તે 'રૂપેરી ગ્રંથી' (Silver Link) છે: તેમની વચ્ચે સુયોગ સાધવો એ એનું કર્તવ્ય છે. સંપૂર્ણ જવાબદારી સાથે એ બંને વિભાગોનો દોરનાર અને તેમના નીતિ બતાવનાર પણ આજ વ્યક્તિ છે. પ્રાંતિક સરકારની આંતરિક વ્યવસ્થા માટેના નિયમો પણ એજ ઘડે છે. વળી સ્થાનિક સરકારના અધિષ્ઠાતા તરીકે તેણે સારી રીતે રાજ્ય-વહીવટ ચલાવવો જોઇએ; લોકોને ધાર્મિક સહિષ્ણુતા, સહકાર અને પરસ્પર સ્નેહદૃષ્ટિ રાખવા વિષે શીખવવું જોઇએ; ટુંકમાં તેમની ઉન્નતિ અને સુખ માટે ગવર્નરે સતત્ પ્રયાસ કરવો જોઇએ. હિંદને ગમે ત્યારે પણ જવાબદાર રાજ્યતંત્ર આપવાનું હોવાથી મતદારો પોતાની ફરજ તથા જવાબદારી સમજે એમ તેણે કરવું જોઇએ અને પોતાની હકુમતમાં કોઇ પણ મનુષ્ય અથવા જાતિને, ધર્મ, પૈસા કે બીજાં કોઇ પણ કારણે અન્યાય ન થાય તે તરફ લક્ષ આપવું જોઇએ.

હિંદી અને પ્રાંતિક સરકાર વચ્ચેનો સંબંધ

સને ૧૯૧૯ના કાયદાએ હિંદી અને પ્રાંતિક સરકાર વચ્ચેના સંબંધમાં ઘણો ફેરફાર કરી નાખ્યો છે. પહેલાંની ધારાસભાનું કદ નાનું હતું, તેમાં લોકોનું પ્રતિનિધિત્વ પણ થોડું હતું અને સરકારની રાજ-નીતિપર અસર કરવાની તેમની શક્તિ અલ્પ હતી. દરેક બાબતમાં હિંદી સરકાર, હિંદી વજીર મારફત બ્રિટિશ રાજસભાને જવાબદાર હતી. આવી સ્થિતિમાં જો હિંદી સરકાર પ્રાંતિક સરકારપર કંઇક વધુ પડતો જાપતો રાખે તો તેમાં અસ્વાભાવિક જેવું કાંઇ નહોતું. પરંતુ પ્રાંતિક સરકારનું ખાસ ફરિયાદનું કારણ તો નાણાં પ્રકરણ અને હિસાબી ખાતાપરનો અંકુશ હતો; વળી પ્રાંતિક ધારાસભામાં કોઈ પણ ખરડો દાખલ કરવા માટે અથવા પસાર કર્યા પછી મંજુર કરવા માટે હિંદી સરકારને પૂછવું પડતું. ઇલાકા શિવાયના પ્રાંતોપરનો જાપતો તો આથીયે વધારે હતો. પરંતુ આ નવા કાયદાથી લોકશાસનનું તત્ત્વ દાખલ થવાથી હવે પહેલાંનો અંકુશ લુપ્તપ્રાય થઈ ગયો છે. પ્રાંતિક સરકાર હવે કેટલેક અંશે લોકોને જવાબદાર થવાથી તેને ધારા ઘડવામાં, નાણાં પ્રકરણમાં અને રાજ્ય

વહીવટની બાબતમાં થોડી ઘણી સ્વતંત્રતા મળી છે. અને એટલેજ અંશે 'રાજસભા' એટલે કે હિંદી વજીરનો, હિંદી સરકારપરનો અંકુશ પણ ઓછો થયો છે અને તેથીજ પ્રાંતિક સરકારની સ્વતંત્રતા માત્ર નામની તો નથીજ.

નાણાં પ્રકરણમાં ઉપજના જે વિષયોની આવક હિંદી અને પ્રાંતિક સરકાર વચ્ચે અમુક પ્રમાણમાં વહેંચી લેવામાં આવતી તેવા "વિભાગી વિષયો"ની પદ્ધતિ હવે કાઢી નાખવામાં આવી છે, અને તેને બદલે અમુક વધુ વિષયોની આખીજ આવક પ્રાંતોને સોંપી દેવામાં આવી છે. આથી હિંદી અને પ્રાંતિક સરકાર બંને પોતપોતાનાં જુદાં અંદાજ-પત્ર ધારાસભામાં રજુ કરી શકે છે. હિંદી સરકારની રજા વગર, આપ સત્તાથી જે કરો પ્રાંતિક સરકાર નાખી શકે તેનું એક પત્રક બનાવ-વામાં આવ્યું છે. પ્રાંતિક સરકારને જરૂર પડે તો તે પોતાનીજ ઉપર દેવું કરી શકે પણ તે દેવું કરવાની વિગતો હિંદી સરકાર નકકી કરે છે. કાયદા બાંધવામાં અને રાજ્યવહીવટમાં પણ પ્રાંતોને ઠીક છુટછાટ મળી છે. આટલું છતાં એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે હિંદનું રાજ્યતંત્ર હજુ કેન્દ્રસ્થ (Unitary) છે, સંગઠિત (federal) નથી અને તેથી મધ્યસ્થ સરકાર માત્ર સલાહ આપીને અથવા ઉપર ટપકે દેખરેખ રાખીને બેસી રહે એ અહીં અસંભવિત છે. હિંદીસરકાર પ્રાંતિક સરકારના કામમાં જરૂર પડે માથું મારી શકે છે અને જો આખા હિંદને લગતી બાબતમાં એ પ્રમાણે કરે તો તેમાં કંઈ ખોટું એ નથી. "સુપ્રત" વિષયોના વહીવટમાં પણ અમુક સંજોગોમાં હિંદી સરકાર વચ્ચે આવી શકે છે; પરંતુ તેવા સંજોગો કવચિત્‌જ આવે છે. ટુંકમાં પોતાની દખલગીરીથી પહેલાંની પેઠે પ્રાંતિક રાજ્યવહીવટમાં કોઈપણ જાતનો કચવાટ યા શિથિલતા ન આવે એ હિંદી સરકારે ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

પ્રાંતના વિભાગો અને તેનો વહીવટ

પ્રાંતિક સરકારનું તંત્ર જોયા પછી આપણે હવે પ્રાંતના આંતરિક

રાજ્યવહીવટનું તંત્ર જોઇએ. રાજ્યવહીવટની સરળતા માટે બ્રિટિશ હિંદમાં દરેક પ્રાંતને જીલ્લાઓમાં વહેંચી નાખવામાં આવ્યો છે. મુંબઇ અને બીજા કેટલાક પ્રાંતોના પહેલાં વિભાગો પાડી પછીથી તેમને જીલ્લામાં વહેંચી નાખેલા છે. આ વિભાગોનો ઉપરિ કમિશનર કહેવાય છે. પરંતુ આખા હિંદુસ્તાનમાં રાજ્યવહીવટના સામાન્ય નાનામાં નાના વિભાગ તરીકે તો જીલ્લાનેજ ગણવામાં આવ્યો છે. હિંદુસ્તાનમાં ૨૭૧ જીલ્લા છે, દરેક જીલ્લાનું સરાસરી ક્ષેત્રફળ ૫૦૦૦ ચો. મા. છે; અને તેની વસ્તી આશરે ૧૦ લાખ માણસની છે. જીલ્લાના પેટાવિભાગ તાલુકાઓ છે અને તાલુકો ઘણાંએક ગામો મળીને બને છે.

જીલ્લાનો કલેક્ટર

જીલ્લાનો ઉપરિ કલેક્ટર છે અને તે જીલ્લાની ઉપજ માટે મુખ્ય અમલદાર છે તેમજ તે પહેલા દરજ્જાનો મેજીસ્ટ્રેટ પણ છે. કલેક્ટર આપણી "સરકાર માબાપ"નો પ્રતિનિધિ હોવાથી જીલ્લાના લોકો તેમની ફરિયાદોની દાદ મેળવવાને તેનીજ પાસે જાય છે અને તેમની ઉન્નતિ એના હાથમાંજ છે એમ તેઓ માને છે. મહેસુલી અમલદાર તરીકે તે પોતાના જીલ્લાની જમીનની મહેસુલ માટે જોખમદાર છે; અને તેથી બંગાળા જેવો પ્રાંત જ્યાં જાથુ જમાબંધી છે ત્યાંના કલેક્ટરની નોકરી કરતાં, મુંબઈ જેવો પ્રાંત જ્યાં જમાબંધી અમુક વર્ષ માટેજ થાય છે ત્યાંના કલેક્ટરની ફરજો વધારે કપરી છે કારણ કે જમીનનું ગણોત જોતાં સરકારી મહેસુલ વધારેઓછી અથવા દુષ્કાળ વખતે તદ્દન માફ કરવી પડે એમ છે કે નહિ તે એણે જોવાનું છે. ખાસ કરીને તે ખેડુતવર્ગની આબાદીપર ધ્યાન આપે છે. જો ખેડુત અને જમીન-દાર વચ્ચે તકરાર પડે તો તેનો નીવેડો એણે આણવો પડે છે. દુષ્કાળના વખતમાં 'તગાવી' મદદ કોને અને કેટલી આપવી તે એ નક્કી કરે છે. જીલ્લાના એક મુખ્ય મેજીસ્ટ્રેટ તરીકે એ જીલ્લા પોલિસનો ઉપરિ છે અને જીલ્લાની સુલેહ અને સંરક્ષણ માટે જોખમદાર છે. વળી તેના જીલ્લામાં આવેલાં ગામડાંઓના વહીવટ માટે તે જવાબદાર હોવાથી તેનો

ઘણો વખત આ ગામડાંઓની સુખાકારી, કેળવણી, કરકસર, ખેતી અને તેમનાં વાણિજ્ય વગેરે પર દેખરેખ રાખવામાં જાય છે. આ કારણથી ગામડાંઓની દશા નજરોનજર જોઇ તેમના પ્રશ્નોનો અભ્યાસ કરી નિકાલ આણવા માટે તે નિયમિત રીતે જીલ્લામાં ફરતો રહે છે. કલેક્ટરની આ બધી ફરજો જોતાં તે ઠરેલ પ્રકૃતિનો, લોકો તરફ સહાનુભૂતિવાળો અને ઉદ્યમી હોય એ જરૂરનું છે.

જીલ્લાના પેટાવિભાગો અને તેના ઉપરિઓ

કલેક્ટરના હાથ નીચે 'આસીસ્ટંટ' અને 'ડેપ્યુટી' કલેક્ટરો હોય છે અને તેઓમાંના દરેકના તાબામાં જીલ્લાના પેટાવિભાગોમાંનો એક હોય છે. આ વિભાગોમાંના પાછા તાલુકાઓ હોય છે, અને આ તાલુકાઓનો ઉપરિ મામલતદાર કહેવાય છે. દરેક ગામડામાં ત્રણ મુખ્ય સરકારી માણસો હોય છે. (૧) પટેલ, મહેસુલ ઉઘરાવે છે (૨) કુલકર્ણી, હિસાબ રાખે છે (૩) ચોકીદાર, ગામની ચોકી કરે છે. ગામડાનું આ પ્રકારનું બંધારણ ઘણા પુરાણા વખતનું છે, અને તે હજુ સુધી કાયમ રહ્યું છે.

હિંદી (સનંદી) મુલ્કી નોકરી

હિંદના રાજ્યવહીવટ માટે ઉંચી જવાબદારી ભરેલી જગ્યાઓ પર જે અમલદારોની નીમણુક થાય છે તેઓ Indian Civil Servants કહેવાય છે. કંપની સરકારના વખતમાં એ અમલદારોને ડાયરેક્ટરોની મંડળી નીમતી હતી, અને નીમતી વખતે તેમની પાસે એક કરારનામું લખાવી લેવામાં આવતું હોવાથી તેઓ સનંદી (મુલ્કી) નોકરો (Covenanted Civil Servants) કહેવાતા. પરંતુ જ્યારે સને ૧૮૫૩માં ડાયરેક્ટરો પાસેથી આ હક છીનવી લેવામાં આવ્યો ત્યારે એ જગ્યાઓ માટે હરીફાઇ કરવાની રીત દાખલ કરવામાં આવી એટલે કરારનામાની રીતનો અંત આવ્યો. પરંતુ પરીક્ષા ઇંગ્લાંડમાંજ લેવાતી અને તેથી બહુજ થોડા હિંદીઓ એનો લાભ લઇ શકતા. સને

૧૮૩૩માં (સનંદી) મુલ્કી નોકરીના ત્રણ વિભાગો પાડવામાં આવ્યા, હિંદી, પ્રાંતિક અને સબૉર્ડીનેટ. **હિંદી નોકરી** માટે ઈંગ્લાંડમાં હરીફાઇથી પરીક્ષા લેવાતી. **પ્રાંતિક નોકરી** માટે શિક્ષિત હિંદીઓની હરીફાઇથી પરીક્ષા લેવાતી અથવા તો સબૉર્ડીનેટ નોકરીમાંથી ધીમે ધીમે ઉંચે ચઢાવીને આ નોકરીમાં દાખલ કરતા. **સબૉર્ડીનેટ** નોકરીમાં ઘણુંખરૂં હિંદીઓજ હોય છે. પરંતુ **મોન્ટફર્ડ સુધારાથી હિંદી નોકરી** માટે (૧) લંડનમાં હરીફાઇથી પરીક્ષા લેવાય છે (૨) હિંદુસ્તાનમાં પણ એવીજ પરીક્ષા જુદી લેવાય છે (૩) એ ઉપરાંત સરકાર નીમણુંક કરે છે (૪) અને પ્રાંતિક નોકરીમાંથી એ નોકરીમાં ચઢાવવામાં આવે છે. પરંતુ આટલાથી હિંદીઓ સંતોષ પામ્યા નહિ તેથી સને ૧૯૨૪માં 'લીકમિશન' નીમવામાં આવ્યું. તેણે એવી ભલામણ કરી છે કે હિંદી (સનંદી) મુલ્કી નોકરીમાં પંદર વર્ષ સુધીમાં અડધોઅડધ અમલદારો હિંદી હોવા જોઇએ, અને પ્રાંતિક નોકરીમાં પણ ૨૫ વર્ષમાં હિંદી અને યુરોપીઅનોનું એજ પ્રમાણ આવવું જોઇએ. 'સુપ્રત' વિષયોની બાબતમાં હિંદી પ્રધાનો સઘળી નીમણુંકો કરી શકે અને અનામત ખાતાંઓની બાબતમાં સર્વે નીમણુંકો હિંદીવજીરના અંકુશમાં રહેશે.

રેગ્યુલેશન અને નૉન-રેગ્યુલેશન પ્રાંતો

ઈ. સ. ૧૮૩૪ સુધી કંપની સરકારની હકુમતમાં જે પ્રાંતો હતા તેમનો વહીવટ ત્યાંના અધિકારીઓ પોતેજ ઘડેલા નિયમો પ્રમાણે ચલાવતા. પરંતુ ત્યાર પછી કંપનીના અધિકારમાં જે વધુ મુલક આવતો ગયો તેને માટે સમાન અર્થવાહી પરંતુ આથી વધારે સરળ નિયમો ઘડવામાં આવ્યા. આથી કંપનીના મુલકના બે વિભાગ પડયાઃ—(૧) જેનો વહીવટ અસલના નિયમો પ્રમાણે થતો હતો તે—આ વિભાગમાં મુંબઈ, મદ્રાસ અને બંગાળા એ ત્રણ ઈલાકાઓ અને આગ્રાપ્રાંત છે; (૨) જે મુલક કંપનીની સત્તા નીચે પાછળથી આવ્યો અને જ્યાં સરળ નિયમોથી રાજ્યવહીવટ ચાલતો તેનો બનેલો વિભાગ—એમાં (૧) માં નહિ આવેલા

બ્રિટિશ હિંદના સર્વે ભાગોનો સમાવેશ થાય છે. સિંધ મુંબઈ ઇલાકામાં અને અયોધ્યા આગ્રા સાથે પાછળથી જોડવામાં આવ્યા હતા અને તેથી તેઓ પણ આ બીજા વિભાગમાં ગણાય છે. પરંતુ સને ૧૯૧૯ ના નવા કાયદાથી ઘણાખરા પ્રાંતોનું સરખી જાતનુંજ બંધારણ થવાથી પહેલાંની ભિન્નતા હવે રહી નથી. મોટા મોટા આઠ પ્રાંતોને ધારાસભા તેમજ કારોબારી સભા મળવાથી હવે આ પ્રાંતોનો એક વિભાગ બને છે. બાકીના પ્રાંતો જેમનો વહીવટ હિંદી સરકાર તેની કારોબારી સભા મારફતે કરે છે તેમનો બીજો વિભાગ બને છે અને તેમાં વાયવ્યસરહદનો પ્રાંત, બ્રિટિશ બલુચિસ્તાન, અજમેર–મેરવાડા, દિલ્હી, કુર્ગ અને આન્દામાનના ટાપુઓનો સમાવેશ થાય છે.

પ્રકરણ–૪ થું

સ્થાનિક સ્વરાજ્ય

પ્રાચીન હિન્દની સ્વશાસિત સંસ્થાઓ

હિંદુસ્તાનના પ્રાચીન ઇતિહાસનો પ્રદેશ પ્રથમ પાશ્ચાત્ય વિદ્વાનોએ ખેડેલો હોવાથી અને તેમણે આપેલું ચિત્ર બહુધા એક તરફી હોવાથી સાધારણ રીતે લોકમાન્યતા એવી થઈ ગઇ છે કે હિંદીઓ વ્યક્તિગત અને આપખુદ સત્તાને ચાહનારા છે અને તેમને બંધારણી રાજ્યસત્તા કે સ્વરાજ્ય ગમતું નથી તેમ તેમને તેનું કશું ભાન પણ નથી. પરંતુ હાલમાં હિંદમાતાના કેટલાક વિદ્વાન પુત્રોએ પ્રાચીન સ્વદેશી ઇતિહાસનું મૌલિક સાધનો વડે અધ્યયન કરી કેટલાંક અમૂલ્ય પુસ્તકો

લખીને પ્રકટ કરી સિદ્ધ કરી આપ્યું છે કે યુરોપીય પ્રજા જ્યારે જંગલી અવસ્થામાં હતી ત્યારે આર્યાવર્તમાં નાનકડાં કેટલાંએ પ્રજાસત્તાક રાજ્યો પ્રસરેલાં હતાં. વિન્સેન્ટ સ્મિથ જેવા હિંદના પ્રાચીન ઇતિહાસના પ્રખર અભ્યાસક યુરોપીય હોવા છતાં કેટલાક દાખલા ટાંકી આ મતને ટેકો આપે છે. મહાન સીકંદરે પોતાની સ્વારી વખતે હિંદુસ્તાનમાં ઘણાંએ નાનાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો દીઠાં હતાં. અને ચંદ્રગુપ્તના દરબારમાં આવેલા ગ્રીક એલચી મેગેસ્થેનીસે હિંદમાં એવાં ૧૧૮ રાજ્યો હોવાનું લખ્યું છે. એટલુંજ નહિ પણ એ તો કહે છે કે જે પ્રકારનું લોકશાસન તે વખતે હિંદુસ્તાનમાં ચાલતું હતું તે પ્રશંસાને પાત્ર હતું અને હિંદુઓના સદ્‌ગુણ અને તેમનું વર્તન સામાને છક કરી નાખે તેવાં હતાં. મધ્યકાલીય હિંદુ અને મુસલમાની કાળમાં પણ આ નાનકડાં પ્રજાસત્તાક રાજ્યો—જે થોડાંક આત્મશાસિત ગામડાંઓનાં જૂથનાજ બનેલાં હતાં—તેઓજ પુરાણા વખતથી ચાલી આવેલી રીત પ્રમાણે આંતરિક વ્યવસ્થા જાળવતાં અને ન્યાય આપતાં, અને હિંદુ સંસ્કારિતાને અણીશુદ્ધ જાળવી રાખનાર પણ તેઓજ હતાં. પાટનગરમાં થતાં પરિવર્તનો માત્ર ઉપરનાજ વાવાઝોડાં હતાં અને સ્થાનિક સ્વરાજ્યનો આ નિર્મળ વહેળો તો પોતાને માર્ગે પૂર્ણ શાંતિથી અખંડિત વહ્યો જતો હતો. એલ્ફીન્સ્ટન અને સર ચાર્લ્સ મેટ્કાફ જેવાઓએ ઈ. સ. ની ૧૯મી સદીમાં પણ સ્વદેશી ગ્રામ્ય પંચાયતોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને હિંદ સ્વરાજ્યનું બીજ એ સંસ્થાઓમાંજ રહેલું છે એવો મહત્ત્વનો અભિપ્રાય તેમણે આપેલો છે.

તેમનું બંધારણ

ગામના મોટા મોટા કેટલાક વડીલોની મંડળી જે 'પંચાયત' કહેવાતી તે ગામનો વહીવટ ચલાવતી. ચોકીદાર, હિસાબી કારકુન, કાસદ, કુંભાર વગેરે આ ગામડાની સરકારના અમલદારો હતા અને તેમને પગારપેટે જમીન આપવામાં આવતી, અથવા તો ગામની જમીનના કુલ પાકમાંથી

અમુક હિસ્સો તેમને આપવામાં આવતો. પરંતુ કંપની સરકારના એક-ચક્રીપણાએ આ પંચાયતોની અવદશા કરી અને તે ધીમે ધીમે અદ્રષ્ટ થઇ. સર્વે સંસ્થાઓ આદર્શ હતી એમ કહેવાનો હેતુ નથી પણ જો તે બગડેલી સંસ્થાને સુધારી હોત તો હિંદ સ્વરાજ્યના એકના એક બીજનો આ પ્રમાણે નાશ ન થાત. ગામડાંઓના સત્તાધીશો તરફના અણવિશ્વાસને લીધે તેમની મહેસુલી અને ફોજદારી સત્તા ઝુંટવી લેવામાં આવી અને તેથી સત્તા વગરની નામની સંસ્થાઓનો નાશ થયો. પરંતુ ચાલુ જમાનામાં બ્રિટિશ સરકારે જ્યારે હિંદુસ્તાનમાં સ્થાનિક સ્વરાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો ત્યારે આ ગ્રામ્ય પંચાયતોનો પુનરુદ્ધાર કરવાની તેને ખાસ જરૂર જણાઈ. આથી રાજ્યવહીવટનો બોજો ઓછો કરવાના અને હિંદમાં સ્વરાજ્ય સ્થાપવાના કર્તવ્યને સરળ કરવાના આ હેતુથી આ પંચાયતોને પાછી અસ્તિત્વમાં લાવવાને સરકાર મહેનત કરી રહી છે.

મ્યુનિસિપાલિટીઓની ઉત્પત્તિ અને વિકાસ

હાલમાં હિંદુસ્તાનમાં જે પદ્ધતિ પ્રમાણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ચાલે છે તેને ઉપર્યુક્ત સ્વદેશી સંસ્થાઓ સાથે કંઇ પણ સંબંધ નથી. એ બ્રિટિશ સરકારે દાખલ કરેલી પાશ્ચાત્યપદ્ધતિ છે. (૧) કંપની સરકારના રાજ્યની શરૂઆતમાં કલકત્તા, મદ્રાસ અને મુંબઇ એ શહેરોને મ્યુનિસિપાલિટીના જેવું કંઇક બંધારણ કરી આપવામાં આવ્યું હતું. અંગ્રેજી સંસ્થાઓની નકલ કરીને અહીં પણ 'મેયર' વગેરે અધિકારીઓ નીમ્યા હતા. આ મ્યુનિ. ઓને શહેરની કેળવણી, સુખાકારી વગેરે માટે દેખ-રેખ રાખવાની અને શહેરમાં જતી આવતી ચીજોપર કર નાખવાની સત્તા હતી. (૨) સને ૧૮૫૦માં આ હિંદુસ્તાનમાંની મ્યુનિ. ઓને લગતો કાયદો પસાર કરવામાં આવ્યો અને ઘણા પ્રાંતોમાં તે પ્રમાણે મ્યુનિ.ઓ સ્થાપી તેમાં લોકનું પ્રતિનિધિત્વ કંઇક અંશે દાખલ કરવામાં આવ્યું. (૩) સને ૧૮૫૬માં મ્યુનિ. ના વહીવટ માટે સરકારે કમિશનરો નીમ્યા પરંતુ સન ૧૮૭૦ના લૉર્ડ મેયોના ઠરાવથી આ પદ્ધતિમાં સુધારો કરવામાં આવ્યો,

અને ત્યારથી મ્યુનિસિપલ વહીવટમાં સ્થાનિક પ્રજાને આગળ પડતો ભાગ લેવાને સરકારે ઉત્તેજન આપવાની નીતિ અખત્યાર કરી.

(૪) સને ૧૮૮૧માં લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્ય વિષે તેનો પ્રખ્યાત ઠરાવ પ્રકટ કર્યો. આ ઠરાવથી મ્યુનિ. ની આવક માટે ઘણાંએક સ્થાનિક સાધનોપર કર નાંખવાની છૂટ આપવામાં આવી અને તે આવકને લોકોપયોગી કામોમાં વાપરવાની હતી. જો કે સ્થાનિક મ્યુનિ.ને સોંપવા જેવી કેટલીક બાબતો સરકારે પોતાને હસ્તકજ રાખી હતી તો પણ મ્યુનિ. ઓનો મૂળ હેતુ રાજ્યવહીવટની સરળતા નહિ પરંતુ લોકોને રાજકીય વિષયોમાં રસ લેતા કરવા અને તેમને સ્વરાજ માટે લાયક બનાવવા એ હતો. મ્યુનિ. એ સ્વરાજ્યનું પ્રથમ પગથિયું છે એમ પહેલીવાર જાહેર કરનાર આ ઉદારચરિત મહાન વાઇસિરોયની હિંદી પ્રજા ઋણી છે. આજ ઠરાવપરથી સને ૧૮૯૩ નો કાયદો ઘડવામાં આવ્યો, અને તેણે સ્થાનિક સંસ્થાઓના બંધારણમાં ફેરફાર કરી તેમની સત્તા તેમજ કાર્યો વધાર્યાં. પ્રજાનું પ્રતિનિધિત્વ વધારવામાં આવ્યું; સંસ્થાના કાર્યવાહી અમલદારને અત્યાર સુધી સરકારજ નીમતી હતી, તેને બદલે હવે ઘણાં શહેરોમાં તે સંસ્થાજ પોતામાંના કોઈકને અધ્યક્ષ તરીકે નીમી તેનેજ મુખ્ય કારોબારી સત્તા આપે એમ ઠર્યું છે. શહેરની જે પોલિસ ઉપર મ્યુ.નો બીલકુલ કાબુ નહતો છતાં તેનો ખર્ચ મ્યુનિ. પાસે લેવામાં આવતો તે હવે બંધ થયું પણ એવી શરતે કે એટલીજ રકમ મ્યુનિ. શહેરની કેળવણી, વૈદ્યકીય મદદ, જાહેર કામો, વગેરેમાં ખરચે.

'કૉર્પોરેશન્સ'

મુંબઇ, મદ્રાસ અને કલકત્તા કંપની સરકારના ખાસ મથકો હોવાથી ત્યાંની મ્યુનિ. જુનામાં જુની છે અને હજુ પણ બ્રિટિશ હિન્દમાં એ ત્રણ મુખ્ય હોઇ 'કૉર્પોરેશન'ને નામે ઓળખાય છે. તેમનું બંધારણ સ્થાનિક સરકારે પસાર કરેલા ખાસ કાયદાથી ઘડાયેલું છે. આ ત્રણેમાં મુંબઇની કૉર્પોરેશનનું બંધારણ સૌથી વધારે લોકશાસિત

છે અને તેના સભ્યો ઘણી ખંતથી અને તેટલીજ સફળતાથી તેનો કારભાર ચલાવી રહ્યા છે.

મુંબઈની કૉર્પોરેશન

મુંબઈની કૉર્પોરેશનનું હાલનું બંધારણ સને ૧૯૨૩ ના કાયદાની રૂએ થયું છે. તેમાં ૧૦૬ સભ્યો છે, જેમાંના ૭૬ શહેરના ભાડાં ભરનારાઓએ ચુંટેલા પ્રતિનિધિઓ છે. શહેરના મંડળો જેવાં કે દેશી વેપારી મંડળ, બોમ્બે ચેમ્બર ઓફ્ કૉમર્સ, યુનિવર્સિટી અને મીલમાલેકોનું મંડળ એ દરેકના એક એક એ પ્રમાણે ચાર સભ્યો નીમેલા છે, ૧૬ સરકારના નીમેલા સભ્યો છે અને આ ૯૬ સભાસદો મળી બીજા ૧૦ સભ્યોને પસંદ કરે છે, કૉર્પોરેશન પોતામાંનાજ એક સભાસદને 'પ્રેસિડન્ટ' તરીકે ચુંટી કાઢે છે, પરંતુ તેનું કાર્યવાહી કામ તો સરકારનો નીમેલો કમિશનર તરીકે ઓળખાતો અમલદાર કરે છે. એને મદદ કરવાને ૧૬ સભ્યોની એક 'સ્ટેન્ડીંગ કમિટિ' નીમાય છે. ભારે બહુમતિથી કૉર્પોરેશન કમિશનરને દૂર કરી શકે છે. ૧૦) અથવા તેથી વધુ ભાડું ભરનાર મુંબઇના સર્વે રહીશો મ્યુનિ. ચુંટણીમાં મત આપી શકે છે. સ્ત્રીઓ મત આપી શકે છે તેમ કૉર્પોરેશનના સભ્ય પણ થઇ શકે છે.

કલકત્તાની કૉર્પોરેશન

કલકત્તા કૉર્પોરેશનનું હાલનું બંધારણ સને ૧૯૨૨ના કાયદા પ્રમાણે ઘડાયું છે. તેમાં કુલ ૯૦ સભ્યો છે, જેમાંના ૭૫ મતદારોએ ચુંટેલા છે જ્યારે સરકારે નીમેલા સભ્યોની સંખ્યા ૧૦ છે. અને આ ૮૫ સભ્યો બીજા ૫ 'આલ્ડરમેનો'ને ચુંટી કાઢે છે. રૂા. ૧૨) નો કર ભરનાર કલકત્તાના સર્વે રહીશોને મ્યુનિ. ચુંટણીમાં મત આપવાનો હક છે. કૉર્પોરેશના પ્રમુખને 'મેયર' કહે છે અને કૉર્પોરેશનનોજ નીમેલો માણસ સરકારની મંજુરી પછી મુખ્ય કાર્યવાહી અમલદાર તરીકે કામ કરે છે.

મદ્રાસની કૉર્પોરેશન

મદ્રાસની કૉરપોરેશનનું હાલનું બંધારણ સને ૧૯૧૯ના કાયદા પ્રમાણે છે. કુલ સભ્યોની સંખ્યા ૫૦ની છે, જેમાંના ૪૧ ચુંટાયેલા છે અને ૯ સરકારના નીમેલા છે. સભ્યો પોતામાંના એકને પ્રેસિડંટ તરીકે ચુંટી કાઢે છે, જ્યારે મ્યુનિ. કમિશનર જે મુખ્ય કાર્યવાહી અમલદાર છે તેની નીમણુંક સરકાર કરે છે, અને તેને મદદ કરવાને મ્યુનિ૦ સભ્યોની ચાર સ્ટેંડીંગ કમિટિઓ નીમાય છે. દરેક કરભરનાર મત આપી શકે છે.

શહેરોની મ્યુનિ. ઓનું બંધારણ

શહેરોની મ્યુનિસિપાલિટીમાં ૪/૫ સભ્યો ચુંટાયલા છે અને ૧/૫ સરકારના નીમેલા છે. ઘણુંખરૂં સભ્યો પોતામાંનાજ એકને પ્રેસિડંટ તરીકે ચુંટી કાઢી નીમે છે અને તેઓજ મ્યુનિ. ના મુખ્ય કાર્યવાહી અમલદાર જેને ચીફ્ ઓફીસર કહેવામાં આવે છે તેની નીમણુંક કરે છે. ઉંમર, મીલકત અને દરજ્જો જોઇને મત આપવાનો અધિકાર આપવામાં આવે છે.

સરકારી અંકુશ

આ સંસ્થાઓ ઉપરનો સરકારનો કાબુ ઓછો થવા છતાંએ હજુ ઘણો છે, અને તે અંકુશ જીલ્લા–કલેક્ટર અથવા તેજ વિભાગના કમિશનર મારફત વપરાય છે. સરકારની પરવાનગી વિના મ્યુનિ. ઓથી મોટું જાહેર દેવું કરી શકાય નહિ. વળી મ્યુનિ. ના નાણાં, હિસાબ અને મોટા કારોબારી અમલદારોની નીમણુંક પર ખાસ અંકુશ રાખવામાં આવે છે. મ્યુનિ. માં અંધેર પડયું હોય અથવા તે તેની સત્તાનો દુરુપયોગ કરે છે એમ સરકારને લાગે તો મ્યુનિ. ને અમુક વખત માટે 'સસ્પેંડ' કરી પોતાના માણસો નીમી સરકાર સ્થાનિક વહીવટ ચલાવી શકે છે. સરકારના અંકુશને વધુ પડતો ગણી સ્થાનિક સ્વરાજ્યના ભલા માટે તે ઓછો કરવાની ભલામણ થઇ છે.

મ્યુનિસિપાલિટીની ફરજો

મુંબઇ ઇલાકાની મ્યુનિ. ઓ માટેના સને ૧૯૦૧ના કાયદા પ્રમાણે નીચેનાં કામ તેમને ફરજીઆત છે. (૧) દીવાબત્તી, (૨) રસ્તા વાળાવા, અને પાણીનો છંટકાવ, (૩) આગથી રક્ષણ કરવું, (૪) નુકસાનકારક અને જોખમકારક વેપાર ધંધાને અટકાવવા યા નિયમમાં રાખવા, (૫) રસ્તા વચ્ચે અને ચકલાઓમાં હરકત કરતી વસ્તુઓને દૂર કરવી, (૬) જોખમકારક મકાનો દૂર કરવાં યા ખરીદી લેવાં (૭) ગંદકીવાળા સ્થાનોને ચોકખા કરાવવાં, (૮) મડદાંઓને બાળવા દાટવાની વ્યવસ્થા રાખવી, (૯) જાહેર રસ્તાને પાકા કરવા અને બરાબર રાખવા, (૧૦) નાળાં બંધાવવાં, (૧૧) મ્યુનિ. હદની નિશાની રાખવી, (૧૨) જાજરૂ, ગટર, હમાનખાનાં, ધોવાની જગ્યાઓ, હવાડા અથવા હોજ, તળાવ, કતલખાનું, બંધ બાંધવા, ઘરના નંબર પાડવા શેરીનાં નામ પાડવાં, શીતળા ટાંકવા, પ્રાથમિક કેળવણી, મરકીના પ્રસંગોએ લોકોને દવા વગેરેની સગવડ, દુકાળ અને તંગી વખતે દુઃખશમનના ઉપાય, દવાખાનાં ઇસ્પિટાલો અને પાણી પૂરાં પાડવાં. વગેરે કાર્યો ફરજ ગણીને કરવાનાં હોય છે.

મ્યુનિ. ના મરજીઆત કામો બાગ, લાયબ્રેરી, મ્યુઝિયમ, પુસ્તકાલય, વિશ્રાન્તિ સ્થાનો, કચેરીના મકાન અને બીજાં જાહેર મકાનો, ઝાડ ઉછેરવાં, વસ્તીપત્રક, માપણી, કુતરાંઓથી લોકોનું રક્ષણ, પ્રદર્શન, ધર્મશાળા, પ્રાથમિકથી આગળની કેળવણી, જાહેર માન આપવાં વગેરે." ગણી શકાય.

આવકનાં સાધનો

લોકોના પર ઘર, જાજરૂ, નળ વગેરેનો વેરો નાખીને આ બધાં કામો માટે જોઇતાં નાણાં મ્યુનિ. મેળવે છે. શહેરમાં આવતી ચીજો પર તેમજ નાકાદીઠ વેરો પણ લેવાય છે અને સરકારની મદદ ખાસ કરીને નાની અને ગરીબ મ્યુનિ. ઓને ઘણી જરૂરની છે.

લોકલબોર્ડનું બંધારણ, આવકનાં સાધનો વગેરે

લૉર્ડ રિપનના ઉપર્યુક્ત ઠરાવ મુજબ શહેરની મ્યુનિ. પેઠે ગામડાઓમાં લોકલબોર્ડની સ્થાપના થઇ છે. આ બોર્ડોમાં બિનસરકારી સભ્યોનું પ્રમાણ વધુ રાખવું, સરકારનો કાબુ અંદરખાનેથી નહિ પણ બહારથી રાખવો અને બની શકે ત્યાં સુધી તેનો અધ્યક્ષ પણ બિન-સરકારી રાખવો—આવી સામાન્ય ભલામણો તે ઠરાવમાં હતી. અને સ્થાનિક સરકારોએ પરિસ્થિતિનો વિચાર કરી યોગ્ય ફેરફારો સાથે આ ભલામણોને અમલમાં મૂકી હતી.

આ પ્રમાણે મદ્રાસ ઇલાકામાં એક ઉપર એક એમ ત્રણ જાતની સંસ્થાઓ છે. પહેલાં તો કેટલાંક ગામડાંઓનાં જુથનાં 'મંડળો' બનાવી તેમનો કારભાર પંચાયતથી ચલાવાય છે. તેમના પછી તાલુકાબોર્ડો છે અને તેમની ઉપર જીલ્લાબોર્ડો છે. મુંબઇ ઇલાકામાં તાલુકા અને જીલ્લા બોર્ડો છે; ગ્રામ્ય પંચાયતો નહોતી તે હવે સ્થાપવામાં આવી છે. ઉત્તર હિંદુસ્તાનમાં જીલ્લા બોર્ડો છે પણ તેમની નીચેની સંસ્થાઓ ઘણી જૂજ છે. જીલ્લાબોર્ડોમાં ઘણેખરે ઠેકાણે લોકોના પ્રતિનિધિઓની બહુમતિ હોય છે અને એ બોર્ડનો અધ્યક્ષ પણ સરકારે નીમવો કે નહિ એ સ્થાનિક સરકારની મુનસફી પર નાખવામાં આવ્યું છે. એમ છતાં ઘણુંખરૂં તાલુકાબોર્ડનો અધ્યક્ષ મામલતદાર અને જીલ્લાબોર્ડનો અધ્યક્ષ કલેક્ટર હોય છે. જીલ્લાબોર્ડનાં કાર્યો ઘણેભાગે શહેરની મ્યુનિ. ને મળતાં છે અને તાલુકાબોર્ડ પોતાની સરહદમાં એજ કામો જીલ્લા બોર્ડની દેખરેખ હેઠળ કરે છે. તે માટે જોઈતા પૈસા માટે જમીન મહેસુલમાં રૂપીએ એક આનો લોકલ ફંડનો લેવામાં આવે છે. રસ્તાના તેમજ નાળાં તથા પૂલનાં નાકા ઉપર પણ નાકાવેરો લેવામાં આવે છે. જરૂર વખતે સરકાર પણ મદદ કરે છે.

સ્થાનિક સ્વરાજ્ય વિષે સરકારની હાલની નીતિ

સ્થાનિક સ્વરાજ્ય વિષેની સરકારની હાલની નીતિ મી. મોંટેગ્યુના તા. ૨૦મી ઑગસ્ટ સને ૧૯૧૭ના પ્રખ્યાત નિવેદન અનુસાર ઘડાઈ છે.

લોકોને રાજકીય શિક્ષણમાં મદદરૂપ થઇ પડે એવા આશયથી હિંદી સરકારે તેના તા. ૧૦મી મે સને ૧૯૧૮ના ઠરાવમાં નીચે જણાવેલી કેટલીક મહત્ત્વની બાબતો વિષે પોતાની નીતિ જાહેર કરી છે.

(૧) સ્થાનિક સંસ્થાઓના વહીવટમાં સરકારે જેમ બને તેમ ઓછો કાબુ રાખવો અને એ બનેનાં કામોને સ્પષ્ટતાથી જણાવવાં કાબુ ઓછો કરવાને લોકોનું પ્રતિનિધિત્વ વધારવું અને કર નાખવામાં, અંદાજ પત્રમાં અને બીજાં કેટલાંક કામો માટે જોઇતી સરકારની પરવાનગીની મુશ્કેલીઓ દૂર કરવી. (૨) મ્યુનિ. અને લોકલબોર્ડમાં લોકોના પ્રતિનિધિઓની બહુમતિ રાખવી અને લઘુમતવાળાનું હિત સાચવવા તેમના પ્રતિનિધિઓની સરકારે નીમણુંક કરવી. (૩) બોર્ડમાં લોકોનું પ્રતિનિધિત્વ વધે તે સાથે મતદારોની સંખ્યામાં પણ વધારો કરવો. (૪) જ્યારે મ્યુનિ. ના અધ્યક્ષ તરીકે કોઈ અમલદાર ચુંટાયો હોય ત્યારે ચુટણીનો આધાર બિન–સરકારી સભ્યોની બહુમતિપર હોવો જોઇએ. (૫) મ્યુનિ. નો મુખ્ય કાર્યવાહી અમલદાર સરકારીજ હોવો જોઇએ એવું કંઈ જરૂરનું નથી. (૬) લોકલબોર્ડમાં પણ ચેરમેનની ચુંટણી થાય તો સારૂં અને જ્યાં એમ ન બની શકે ત્યાં બિન–સરકારી સભ્યને નીમવો. (૭) સાધારણ બાબતોમાં મ્યુનિ. ને કર વત્તો ઓછો કરવાની છૂટ આપવી. (૮) અમુક રકમ ઓછામાં ઓછી શીલકમાં રાખે ત્યાં સુધી તેમનાં અંદાજપત્રમાં સરકારે દખલગીરી કરવી નહિ. (૯) સરકારની ગ્રાંટ જો અમુક રકમ માટેજ અપાતી હોય તો તેને તે કામમાંજ વાપરવી પણ જો તે સામાન્ય મદદ હોય તો તેને માટે ખાસ નિયમ ન રાખતાં અમુક પ્રકારના ખર્ચમાં વાપરવી.

ગ્રામ્ય પંચાયતો

(૧૦) ગામડાંઓમાં રાજકીય જાગૃતિ આણવા માટે ગ્રામ્ય પંચાયતોનો પુનરુદ્ધાર કરવો. આ પંચાયતોને બને તો તેમનાજ ગામની

ફરિયાદોનો નિકાલ કરવાનું અને વહીવટ ચલાવવાનું સોંપવું. સ્થાનિક સરકારની દેખરેખ હેઠળ જરૂર લાગે તો તેમને કર નાખવાની પણ છૂટ આપવી. પંચાયતેજ પોતાનો અધ્યક્ષ ચુંટવો અને તે કદાચ સરકારે નીમેલો ગામડાનો મુખ્ય અમલદાર નહિ હોય. પંચાયતોને ગામની સુખાકારી, પ્રાથમિક કેળવણી, નજીવી ફરિયાદોનો નિકાલ—આ મુખ્ય કામો સોંપવાં અને આ કામને માટે તેમના ગામના લોકલફંડના પૈસામાંથી તેઓ નાણું મેળવી શકે અને જરૂર પડે તો આપમરજીથી વધુ કર પણ ઉઘરાવી શકે.

આ ઉપરથી જણાશે કે સરકારને હવે ગામડાંની સ્થિતિ સુધારવાની જરૂર માલમ પડી છે અને તે માટે બનતો યત્ન પણ થાય છે. બિચારા ગ્રામ્યજનો! ક્યાં તેમની પ્રાચીન અને મધ્યકાલીન હિંદની સ્વતંત્ર, સ્વાશ્રયી, ગૌરવવાળી, સાદી અને સુખી જીંદગી અને ક્યાં તેમની હાલની બધી તરફથી ચૂસાતી, અજ્ઞાનમાં ડૂબેલી, નીઃરસ, દુઃખમય જિંદગી! હિંદુસ્તાનનું પ્રારબ્ધ તેનાં ગામડાંઓમાં છે એ સરકારે હવે જાણ્યું છે પણ તે ઘણું મોડું જાણ્યું.

પ્રકરણ ૫ મું

ધારાસભા

સંપૂર્ણ વિકાસ પામેલા સર્વ રાજ્યતંત્રોના મુખ્ય ત્રણ વિભાગ હોય છેઃ— (૧) કાર્યવાહી (૨) ધારાસભાઓ (૩) ન્યાયખાતું.

કાર્યવાહીમંડળ લોકશાસન માટે ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરે છે. ધારાસભાઓ કાયદા ઘડે છે તેમજ રાજ્યનીતિ નક્કી કરે છે. અને ન્યાયખાતું આ કાયદા તેમજ નિયમોના અર્થનું સૂચન કરેછે.

ઐતિહાસિક સમાલોચના

સને ૧૮૩૩માં લૉર્ડ મેકોલેની હિંદી સરકારના પહેલા ધારાના ખાસ સભ્ય તરીકે નીમણુંક થઇ ત્યાંસુધી કંપની સરકારના ગવર્નરો પોતાનાજ ઘડેલા કાયદાઓને પોતેજ અમલમાં મૂકતા. પરંતુ આ કાયદાથી કાર્યવાહી અને ધારા ઘડનારો વિભાગ એ બંને જુદા પડવાની શરૂઆત થઇ એમ કહી શકાય. સને ૧૮૫૩માં પહેલી હિંદી ધારાસભા સ્થપાઇ તેમાં ગવર્નર–જનરલ, સેનાધિપતિ, કાઉન્સીલના ચાર સભાસદો, ચાર પ્રાંતોના નીમેલા ચાર સભ્યો અને કલકત્તાની કોર્ટના બે ન્યાયાધીશો મળી કુલ ૧૨ સભાસદો હતા. **સને ૧૮૬૧ના હિંદી ધારાસભા સંબંધી કાયદાથી** રાજ્યતંત્રને કેંદ્રાપગામી (decentralized) અને હિંદીમય બનાવવાનાં ખાસ તત્ત્વો દાખલ કરવામાં આવ્યાં. મુંબઇ અને મદ્રાસને ચારથી આઠ સભ્યોની ધારાસભાઓ આપવામાં આવી, અને તેમાંના અડધોઅડધ સભાસદો ગવર્નરના નીમેલા બિન–સરકારી સભાસદો હતા. ગવર્નર–જનરલની ધારાસભામાં પણ આજ પ્રમાણે બિન–સરકારી તત્ત્વ દાખલ કરવામાં આવ્યું. આ ધારાસભાઓ વિષે નોંધવા જેવું એ છે કે તેમને ફક્ત કાયદા ઘડવાનીજ સત્તા હતી. હાલની ધારાસભાઓ પેઠે લોકોનો મત સરકાર સમક્ષ મૂકવો અથવા તો નોકરશાહીની આપખુદ સત્તાપર અંકુશ રાખવો એ તેમનું કામ નહોતું. **સને ૧૮૯૨ના**

કાયદાથી ધારાસભાના સભાસદોની સંખ્યામાં અને ખાસ કરીને બીન-સરકારી સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો. વળી કેટલીક પ્રાંતિક ધારાસભાના બિન-સરકારી સભ્યોને અને બીજી કેટલીક પ્રજાકીય સંસ્થાઓને વડી તેમજ પ્રાંતિક ધારાસભામાં સભાસદો ચુંટીને મોકલવાની સત્તા આપવામાં આવી. આ ઉપરાંત સભાસદોને સરકારને અમુક શરતે સવાલ પૂછવાની અને વાર્ષિક બજેટ ઉપર ફક્ત પોતાનો અભિપ્રાય જણાવવાની છૂટ આપવામાં આવી. ત્યારપછી **સને ૧૯૦૯માં મોર્લે-મિન્ટો સુધારા** પસાર થયા. આ સુધારાથી વડીધારાસભાના સભ્યોની સંખ્યા વધારીને ૬૦ની કરવામાં આવી અને તેમાંથી સરકારી અમલદારોની સંખ્યા ૨૮ થી ઓછી રાખવાનું ઠેરવ્યું. પ્રતિનિધિત્વના સિદ્ધાંતનો પણ સ્વીકાર થયો અને ૨૭ જગ્યાઓ લોકોના ચુંટેલા સભ્યોને માટે રાખવામાં આવી. પરંતુ આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે લૉર્ડ મોર્લેનો વિચાર હિંદમાં જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરવાનો હતોજ નહિ એટલે અમલદારોની સ્પષ્ટ બહુમતિ તો ચાલુજ રાખવામાં આવી. પ્રાંતિક ધારાસભાઓમાં પણ આજ પ્રમાણે સભાસદોની સંખ્યા વધારવામાં આવી; પરંતુ બંગાળા શિવાયના સઘળા પ્રાંતોમાં અમલદાર અને સરકારના નીમેલા સભ્યો એ બેઉ મળીને બહુમતિ રાખવામાં આવી. વળી સભાસદોને ઠરાવ રજુ કરવા 'પોલ' માગવો અને સવાલો પૂછવા એ મહત્ત્વના હકો વધુ છૂટ સાથે આપવામાં આવ્યા. આથી ધારાસભાને બજેટની ચર્ચા કરવાની છૂટ મળી. આમ છતાંએ ખરૂં જોતાં ધારાસભાઓ પ્રમાણમાં નાની, પ્રતિનિધિત્વ વિનાની, અને કાર્યવાહી સત્તા સામે તદ્દન નિર્બળ હતી. વળી સભ્યોની ચુંટણીની પદ્ધતિ પણ ભૂલ ભરેલી હતી કારણકે એ સભ્યો અને સાધારણ પ્રજા એ બેની વચ્ચે નહિ જેવો સંબંધ હતો.

સને ૧૯૧૯ના કાયદાથી આ સઘળી ત્રુટીઓ દૂર કરવાનો પ્રયત્ન થયો છે. હિંદી ધારાસભાઓને વધુ પ્રતિનિધિત્વવાળી કરવા માટે ધારાસભાના

બે વિભાગ કરવામાં આવ્યા, તેનું કદ તેમજ પ્રજાતત્ત્વ વધારવામાં આવ્યું અને સીધી ચુંટણીની રીતિજ સ્વીકારવામાં આવી. બ્રિટિશ રાજસભાનું અનુકરણ કરીને હિંદમાં પણ વડી ધારાસભાના બે વિભાગ–કાઉન્સિલ ઓફ સ્ટેટ અને લેજીસ્લેટીવ એસેમ્બ્લી–એ બંનેમાં પસાર થઇ ગવર્નર જનરલની મન્જુરી મેળવ્યા પછીજ કોઇ પણ ખરડાને કાયદા તરીકે અમલમાં મૂકી શકાય.

દ્વિમુખી ધારાસભાની પદ્ધતિ

દુનીઆનાં સર્વે રાજ્યબંધારણોમાં બ્રિટિશ રાજ્યતંત્ર સૌથી જુનું છે. અને તેમ છતાંયે સમયાનુસાર ઘટતા ફેરફારો કર્યા કરવાથી આજ બંધારણ નમુનારુપ લેખાય છે. આમ હોવાને લીધે અમેરિકા, ફ્રાંસ, સ્વીટ્ઝરલેંડ, જર્મની વગેરે સર્વે પ્રજા જેમણે છેલ્લા બે એક સૈકામાં પોતાનું રાજ્યબંધારણ ઘડયું છે તેમણે બ્રિટિશ રાજ્યતંત્રમાંના ધારાસભાના બે વિભાગ–હિવાને આમ અને દિવાને ખાસ જોઇને પોતે પણ દ્વિમુખી ધારાસભાઓ રાખી છે. આ વિભાગોને સામાન્ય રીતે 'લોઅર' અને 'અપર ચેંબર' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં 'લોઅર ચેંબર' સામાન્ય પ્રજાના મતનો પડઘો પાડે છે. અને સામાન્ય લોકોનો મત ક્યાં તો ઘણોજ ઉછાંછળો અથવા તો બહુ સંકુચિત હોવાથી તે મતને વિશાળ તેમજ વિચારશીલ અને ઠરેલ બનાવવાને માટે કંઇક અંકુશની જરૂર છે. આજ કારણથી 'અપર ચેંબર' એ રાજ્યના મીલકતવાળા, વિદ્વાન અને સુશિક્ષિત વર્ગના પ્રતિનિધિઓની બનેલી હોય છે. અને તેથી તેઓ ઘણુંખરું ઠરેલ તેમજ વિશાળ બુદ્ધિના હોય છે. આ પ્રમાણે દ્વિમુખી ધારાસભા રાખવાનો મૂળ હેતુ રાજ્યતંત્રને સુદૃઢ તેમજ પ્રગતિવાન બનાવવાનો છે.

કાઉન્સિલ ઓફ સ્ટેટનું બંધારણ

'કાઉન્સિલ ઓફ સ્ટેટ' અથવા 'અપર ચેંબર'માં ૬૦ સભાસદો હોય છે, જેમાંના ૩૩ ચુંટાયેલા છે. બાકીના ૨૭ જેમને વાઇસરોય

નીમે છે તેમાંના વધુમાં વધુ ૨૦ સરકારી નોકરો હોઈ શકે. કાઉન્સિલનું કામકાજ ચલાવવાને વાઇસરોય એક પ્રમુખની નીમણુંક કરે છે, પરંતુ તેને પોતાને પણ આ સભામાં ભાષણ કરવાનો હક છે. આ મંડળની મુદત પાંચ વર્ષની છે પણ વાઇસરોયને જરૂર જણાય તો આ મુદત વત્તી ઓછી કરી શકે છે. આ સભાના સભ્યોને ઑનરેબલ કહી શકાય છે.

લેજીસ્લેટીવ એસેમ્બ્લીનું બંધારણ

'લેજીસ્લેટીવ એસેમ્બ્લી' અથવા 'લોઅર ચેંબર' ૧૪૦ સભાસદોની બનેલી છે, પરંતુ ખરું જોતાં તેથીયે ચાર સભ્યો વધુ છે. તેમાંના ૧૦૩ પ્રજાના ચુંટેલા છે અને બીજા ૪૧ જેને સરકાર નીમે છે તેમાંના વધુમાં વધુ ૨૬ સરકારી અમલદાર હોઇ શકે અને વરાડના ચુંટેલા એક ગૃહસ્થની નીમણુંક સરકાર કરે છે. સભાસદોની કુલ સંખ્યામાં વધારો થઈ શકે છે; પરંતુ ધોરણ એ રાખવામાં આવ્યું છે કે કુલ સંખ્યાના ⅘ ચુંટાયેલા અને બાકીનામાંના ⅓ બિનઅધિકારી સભ્યો હોવા જોઇએ. સભાની મુદત ત્રણ વર્ષની છે; પરંતુ વાઈસરોય તે મુદતમાં ઘટાડોવધારો કરી શકે છે. પહેલા ચાર વર્ષ માટે પ્રમુખની નીમણુંક વાઇસરોયે કરી હતી, પરંતુ ત્યાર પછી એસેમ્બ્લીજ પોતામાંના એકને પ્રમુખ તરીકે ચુંટે છે અને વાઈસરોય તેને બહાલી આપે છે. આજ પ્રમાણે પ્રમુખની ગેરહાજરીમાં તેની જગ્યા સાચવવાને એક ઉપ-પ્રમુખ નીમાય છે. વાઈસરોય આ સભામાં પણ ભાષણ આપી શકે છે.

કાઉન્સિલ ઓફ સ્ટેટનું સામાન્ય મતદાર મંડળ

કાઉન્સિલ ઓફ સ્ટેટના સભ્ય ચુંટવાની યોગ્યતા માટે કોઈ પણ ગૃહસ્થ (૧) જાગીરદાર અથવા સરદારવર્ગનો હોય અને વાર્ષિક રૂા. ૨૦૦૦)ની જમીન મહેસુલ ભરતો હોય (૨) સરકારને રૂા. ૩૦,૦૦૦) અને તેથી વધુ આવક માટે આવક વેરો આપતો હોય (૩) વડી યા પ્રાંતિક ધારાસભાનો કોઇ પણ વખતે સભાસદ હોય. (૪) મ્યુનિ. કે

સીંકલબોર્ડના પ્રમુખ યા ઉપપ્રમુખનો ઓદ્ધો કોઈ પણ વખત ભોગવ્યો હોય (૫) હિંદની કોઈ પણ યુનિવર્સિટીનો ફેલો યા માનદ ફેલો હોય (૬) સંમસુલ-ઉલ્મા અથવા મહામહોપાધ્યાયનું પદ ધરાવતો હોય એવો હોવો જોઇએ. (૭) વળી આ સર્વે જ્યાંથી તેઓ ચુંટતા હોય તે વિભાગના વસાહતવાળા હોવા જોઇએ.

ખાસ મતદાર મંડળ

મતદારોના આ સામાન્ય મંડળ શિવાય મુંબઇ, બંગાળ અને બ્રહ્મદેશ એ દરેકની '**યુરોપીયન ચેંબર ઓફ કૉમર્સ**' અને **પંજાબના શીખ લોકોને** દરેકને એક ખાસ પ્રતિનિધિ મોકલવાનો હક આપવામાં આવ્યો છે.

લેજીસ્લેટીવ એસેમ્બ્લીનું સામાન્ય મતદાર મંડળ

'લેજીસ્લેટીવ એસેમ્બ્લી'ના સભ્યને ચુંટવાની યોગ્યતા માટે ચુંટનાર માણુસ ૨૧ વર્ષથી ઉપરનો, બ્રિટિશ પ્રજામાંનો પુરૂષ હોવો જોઇએ. ૭ મહીનાની કેદની સજા પામેલો માણુસ પાંચ વર્ષ સુધી મત આપી શકે નહિ. આ સામાન્ય લક્ષણો શિવાય ખાસ જગ્યા માટે ખાસ યોગ્યતા નિયત કરવામાં આવી છે. અમુક વિભાગને માટે ચુંટવાનો હક ધરાવનાર તેજ વિભાગનો રહીશ હોવો જોઇએ અને તે કયાં તો વાર્ષિક રૂપીઆ ૭૫) જમીન મહેસુલ તરીકે (રત્નાગિરિ, પંચમહાલ, ઉત્તરસિંધ સરહદના પ્રાંતોમાં રૂા. ૩૭-૮-૦) અથવા આવકવેરો આપનાર હોવો જોઇએ.

ખાસ મતદાર મંડળ

વળી પોતાના પ્રાંત માટે મત આપવાનો હક ધરાવતા સર્વે **યુરોપિયનોને** એસેમ્બ્લી માટે પ્રતિનિધિ ચુંટવાનો હક છે.

આ ઉપરાંત પ્રાંતિક ચુંટણીમાં **જમીનદારો** તરફના ખાસ પ્રતિનિધિ માટે મત આપનાર તેમજ **હિંદી વેપારીઓ** તરફથી ખાસ

પ્રતિનિધિ ચુંટનાર સર્વેને એસેમ્બ્લી માટે પોતાના વર્ગ તરફથી પ્રતિનિધિ ચુંટવાનો હક છે.

સભાસદોની લાયકાત

આ સભાઓના સભાસદ બનવા માટે જે તે સભાના મતદાર હોવા પૂરતાં લક્ષણો હોવા ઉપરાંત અમુક માણુસ ૨૫ વર્ષ અથવા તેની ઉપરનો હોવો જોઇએ અને તે સનંદ છીનવી લીધેલો વકીલ અથવા દેવાળીઓ હોવો ન જોઇએ. વળી ૬ મહીનાની કેદની સજા પામેલો માણુસ સભ્ય થઇ શકે નહિ. પણ આ માણુસોને ગવર્નર–જનરલની મરજી હોય તો હક મળી શકે છે.

કોઈ પણ સરકારી અમલદાર ધારાસભાના સભ્ય તરીકે ચુંટાઈ શકે નહિ, અને જો કોઈ પણ સભાસદ સરકારી નોકરી સ્વીકારે તો ધારાસભાના તે વિભાગમાંથી તેની જગ્યા ખાલી કરવી પડે છે. કોઇ પણ સભાસદ એકી વખતે બંને વિભાગોનો સભ્ય બની શકે નહિ. આ ઉપરાંત હિંદી સરકારના કારોબારી સભાના સભ્યો ગમે તે એક વિભાગના સભ્ય તરીકે નીમાય છે અને મત આપી શકે છે, અને ભાષણ બંને સભામાં કરી શકે છે. વળી હિંદના કોઈપણ રાજાને પણ સભાસદ તરીકે નવા સુધારા પ્રમાણે નીમી શકાય છે.

કાઉન્સિલ ઑફ સ્ટેટમાં ઉપર પ્રમાણે ચુંટાયેલા ગૃહસ્થોની સંખ્યા નીચે મુજબ છે.

મદ્રાસ	૫	પંજાબ	૩½	} ૧ સભ્ય વારાફરતી
મુંબઇ	૬	બિહાર ને ઓરિસા	૩½	
બંગાળ	૬	મધ્ય પ્રાંતો		૧
સંયુક્ત પ્રાંતો	૫	બ્રહ્મદેશ		૨
આસામ	૧			
કુલ	૩૩			

લેજીસ્લેટીવ એસેમ્બ્લીમાં ઉપર પ્રમાણે ચૂંટાયેલા ગૃહસ્થોની સંખ્યા નીચે મુજબ છે.

મદ્રાસ	૧૬	દિલ્હી	૧
મુંબઇ	૧૬	બિહાર ને ઓરિસા	૧૨
બંગાળ	૧૭	મધ્ય પ્રાંતો	૫
સંયુક્ત પ્રાંતો	૧૬	આસામ	૪
પંજાબ	૧૨	બ્રહ્મદેશ	૪
			૧૦૩

કોમી પ્રતિનિધિત્વ

કોમી પ્રતિનિધિત્વનું ધોરણ પહેલવહેલું સને ૧૯૦૯ના મોર્લેમિન્ટો સુધારાથી દાખલ થયું અને દરેક પ્રાંતિક તેમજ વડી ધારાસભામાં મુસલમાનોને માટે ખાસ બેઠક રાખવામાં આવી, કારણ કે મોસ્લેમ લીગની શરૂઆત થોડાં વર્ષો પહેલાંજ થયેલી હતી; અને નામદાર આગાખાનના પ્રમુખપણા નીચે મોસ્લેમ આગેવાનોનું ડેપ્યુટેશન વાઇસરોયને આ બાબત માટે મળ્યું હતું અને માગણી જણાવી હતી. સને ૧૯૧૯ના કાયદાથી મુસલમાનો ઉપરાંત પંજાબમાં શીખો, મદ્રાસમાં હિંદી ખ્રિસ્તી-વર્ગ અને મુંબઇ, મદ્રાસ ને બંગાળમાંના યુરોપિયનોને ખાસ પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. વળી આજ સિદ્ધાંત પ્રમાણે મદ્રાસમાં બ્રાહ્મણેતર વર્ગ અને દક્ષિણમાં મરાઠાઓને માટે અમુક જગ્યાની સંખ્યા અલાયદી રાખવામાં આવી છે. વળી અંત્યજ અને પછાતવર્ગ, મજુરવર્ગ વગેરેના પ્રતિનિધિઓને સરકારજ પોતાના તરફથી નીમે છે. આ પ્રમાણે આ સર્વે કોમ અને વર્ગનું હિત જળવાય છે.

ધારાસભાની સત્તા

ધારાસભાના કાર્ય-વિષયોના ત્રણ પ્રકાર છે. (૧) ધારા ઘડવા (૨) મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા કરવી (૩) સવાલ પૂછી બાતમી મેળવવી.

(૧) બ્રિટિશ હિંદમાં રહેતાં સર્વે લોકો માટે, હિંદુસ્તાનના બીજા ભાગમાં રહેતી બ્રિટિશ રૈયત અને નોકરો માટે, હિંદની બહાર ગયેલા હિંદીઓ માટે, હિંદી લશ્કર અને નૌકાસૈન્ય માટે વડી ધારાસભા ધારા ઘડી શકે છે. પરંતુ તે સર્વશકિતમાન ન હોવાથી (non-sovereign) તેને અમુક હદમાં રહી કામ કરવું પડે છે, અને આ હદ સર્વશકિતમાન બ્રિટિશ 'રાજસભા' નક્કી કરે છે. રાજસભાને પૂછ્યા વિના તેના ઘડેલા સને ૧૮૬૯ પછીના કોઇ પણ કાયદાને હિંદી ધારાસભા છેડી શકે નહિ, તેમજ હિંદી વજીરને હિંદ માટે ઇગ્લાંડમાં લોન ઉભી કરવાનું કહી શકે નહિ. ટુંકમાં 'રાજસભા'ની સર્વોપરિ સત્તાને આંચ આવે એવું કોઇ પણ પગલું તે ભરી શકે નહિ; વળી ગવર્નર-જનરલની સંમતિ વિના પ્રજાકીય દેવું અથવા ઉપજ, ધાર્મિક હકો અને રિવાજો, લશ્કરી નિયમના અને પરદેશીય રાજ્યનીતિના સંબંધમાં, અથવા તો પોતાના અધિકારની બહારના પ્રાંતિક વિષય માટે અથવા સ્થાનિક સરકારે પસાર કરેલા કાયદા માટે અથવા તો ગવર્નર-જનરલે આપસત્તાથી બહાર પાડેલા હુકમ વિષે-વડી ધારાસભા કંઇ પણ કરી શકે નહિ.

ખરડો પસાર કરવાની વિધિ

કોઇ પણ ખરડાને ધારાસભાના બંને વિભાગોમાંથી પસાર કરવાની જે વિધિ થાય છે તે બ્રિટિશ રાજસભામાં થતાં વિધિને ઘણી રીતે મળતી છે. બંને વિભાગોમાંનો કોઇ પણ સભાસદ પોતાના વિભાગમાં ખરડો રજુ કરી શકે છે. બિન-અમલદાર સભાસદને પોતાનો ખરડો રજુ કરવાની ખબર આપવી પડે છે અને આ ખબર આપતી વખતે તે ખરડો અને તેના હેતુ વગેરે સરકારને મોકલવા પડે છે. જો ખરડો રજુ કરવાને મંજુરીની જરૂર હોય તો તેવી મંજુરી મેળવી તે પણ ખરડા સાથે મોકલવી જોઇએ. પછી આ મુસદ્દો જાહેર પ્રજાની

જાણુ માટે સરકારી ગેઝેટમાં છપાય છે. કેટલીક વખત આવી રીતે છપાયલા મુસદ્દાને પહેલી વારના વાંચનમાંથી પસાર થયેલા ગણવામાં આવે છે, નહિ તો છપાયા પછી અમુક મુદતે પ્રથમ વાંચન માટે રજુ થાય છે. તે વખતે તેનાં કારણો અને હેતુઓ પર ચર્ચા થઇ તેને વિચાર માટે હાથ ધરવો કે નહિ તે મત લઇ નક્કી થાય છે. એટલે તેને સીલેક્ટ કમિટીને સોંપવામાં આવે છે. સીલેક્ટ કમિટી મુસદ્દાની દરેક કલમપર આપસઆપસમાં ચર્ચા કરી જે જે ફેરફાર કરવા યોગ્ય લાગે તે કરી કારણો સહિત પોતાનો રિપોર્ટ છપાવી ધારાસભાના દરેક સભાસદને પૂરો પાડે છે. ત્યારબાદ બીજા વાંચન માટે ધારાસભામાં તે ખરડો હાથમાં લેવામાં આવે છે. તે વખતે સભા તેની કલમે કલમની ચર્ચા કરે છે, અને મત લઈ સુધારાવધારા કરે છે. આ રીતે આખો મુસદ્દો બીજી વારના વાંચનમાંથી પસાર થાય છે. ત્યાર પછી તે ત્રીજી વારના વાંચન માટે રજુ થાય છે; તે વખતે દરેક કલમ ઉપર મત નથી લેવાતા પણ આખા બીલ ઉપરજ લેવાય છે, અને એ રીતે એક સભા એ ખરડાને ત્રીજી વારના વાંચનમાંથી પસાર કરી બીજી સભામાં મોકલી આપે છે. ત્યાં પણ તે આવીજ રીતે ત્રણવાર પસાર થાય છે. જો બને મંડળોમાંથી તે કાયદો એક સરખો પસાર થાય છે તો ગવર્નર–જનરલની મંજુરી માટે મોકલવામાં આવે છે, અને તે મળે એટલે કાયદો કહેવાય છે.

જો બંને મંડળો એક મત ન થાય તો ફરીથી તે ઉપર વિચાર ચલાવાય છે અથવા બંને મંડળોની ભેગી સભા ભરી, ચર્ચા કરી, મત લઈ બહુમતિથી જે મંજુર થાય તે બંનેએ મંજુર કરેલો ગણાય છે, અને પછી તે પર વાઇસરોયની મંજુરી મેળવાય છે. પણ જો એક મંડળે પસાર કરેલો મુસદ્દો બીજું મંડળ ધ્યાનમાંજ ન લે તો તે ઘણુંખરું પડતો મૂકાય છે.

સરકારે રજુ કરેલો કોઇ ખરડો બંને મંડળ અથવા બેમાંથી એક મંડળ મંજુર કરવાની ના પાડે તો ગવર્નર–જનરલ પોતાની સત્તાથી તેને કાયદા તરીકે પસાર કરી શકે છે. પરંતુ તેવા પ્રસંગોએ તે કાયદાની

એક નકલ અમીરી અને આમની સભામાં આઠ દિવસ સુધી રજુ કરવી જોઇએ અને ત્યાં સુધીમાં રાજસભાએ તેની સામે કંઇ પણ પગલું ભરવું ન જોઇએ. અને શહેનશાહે ત્યાર પછી મંજુરી આપેલી હોવી જોઇએ.

અને મંડળે પસાર કરેલા કોઇ પણ કાયદાને રદ કરવાની સત્તા હિંદી વઝીરને છે. હિંદી વઝીર અને ગવર્નર જનરલની આ આપખુદ સત્તાનું કારણ શોધવું બહુ મુસ્કેલ નથી. બ્રિટિશ રાજસભાએ પોતાની હિંદી રાજ્યતંત્રપરની સત્તા હજુ સુધી હિંદી ધારાસભાઓને સોંપી દીધી નથી; અને તેથી વાઇસરોય અને હિંદી વઝીર હિંદના રાજ્ય-વહીવટ માટે હિંદી ધારાસભાને નહિ પરંતુ બ્રિટિશ રાજસભાને જવાબદાર છે. અને જ્યાં સુધી આ વસ્તુસ્થિતિ ચાલુ રહે ત્યાં સુધી ગવર્નર–જનરલને પોતાની ફરજ બજાવવા માટે કંઇક આપ-ખુદ સત્તા આપવામાં આવે એમાં કંઇ ખોટું નથી.

(૨) મહત્ત્વના પ્રશ્નોપર ચર્ચા કરવાની સત્તા ધારાસભાને સને ૧૮૯૨થી આપવામાં આવી છે. આ સત્તા ત્રણ રીતે વપરાય છે. ૧. કોઇપણ મહત્ત્વના જાહેર હિતને લગતા વિષયની ચર્ચા માટે સભા બર-ખાસ્ત કરવાની દરખાસ્ત કરવી, ૨. જાહેરહિતનાં કામો માટે ઠરાવ લાવવા, ૩. અને અંદાજપત્ર ઉપર ચર્ચા કરવી.

૧. સભા બરખાસ્ત કરવાની દરખાસ્ત કયાંતો સરકાર પાસેથી વધુ ખુલાસો મેળવવા માટે અથવા તો તેના પર સભાના તિરસ્કારની લાગણી બતાવવા માટે લાવવામાં આવે છે અને તે પ્રમુખની રજાથી રજુ થાય છે. અમુક રીતે સભાનો અભિપ્રાય જાણી લઇને પ્રમુખ તે મુજબ પોતાનો નિર્ણય આપે છે. પરંતુ આવી દરખાસ્ત સભાની એક બેઠકમાં એકજ વખત લાવી શકાય; વળી એ અરસામાંજ બનેલા કોઇ બનાવને લગતી તે હોવી જોઇએ. એજ વિષય ઉપર પહેલાં કોઇ વખત ચર્ચા થયલી હોવી જોઇએ નહિ. અને જેની ચર્ચા ચાલુ બેઠકમાં થવાની હોય અથવા જે વિષે સભામાં ઠરાવ લાવી શકાય તે વિષે આવી દરખાસ્ત રજુ કરી શકાય નહિ.

૨. સભામાં રજુ થઇ પસાર થએલા ઠરાવો માત્ર મતદર્શનરૂપેજ છે, અને તે કોઇ પણ રીતે બંધનકર્તા નથી. પરંતુ આ મતદર્શનની કિંમત સભાના પ્રતિનિધિત્વ પર આધાર રાખે છે. આવા ઠરાવ ગવર્નર-જનરલ અને તેની કારોબારી સભાને ભલામણ રૂપેજ લાવી શકાય અને તે ઠરાવ પરદેશીય સંબંધ, દેશી રાજાઓ અથવા કોર્ટમાં ચાલતા કામ વિષે હોવો જોઇએ નહિ. જાહેર હિતને નુકસાનકારક ગણી કોઇપણ ઠરાવની ગવર્નર-જનરલ મના કરી શકે છે. ઠરાવ રજુ થઇને પસાર થયા પછી તેની નકલ ગવર્નર-જનરલ ઉપર મોકલવામાં આવે છે.

અંદાજપત્ર, 'ફિનૅન્સ બીલ'

૩. અંદાજપત્ર એ કાર્યવાહીએ ધારાસભા આગળ રજુ કરેલો જાહેર નાણાંનો હિસાબ છે. રાજ્ય ચલાવવાની સર્વ સત્તા નાણાંસ્થિતિ પર આધાર રાખતી હોવાથી જાહેર નાણાં પર પ્રજાના પ્રતિનિધિઓને સર્વે પ્રજાશાસિત દેશોમાં સંપૂર્ણ સત્તા છે. આ સત્તા ઉપરથીજ રાજ્યવહીવટમાં પ્રજામતની કેટલી કિંમત છે તેની ગણતરી થાય છે. હિંદીધારાસભામા કેટલીક ખાસ બાબતો બાદ કરતાં અંદાજપત્રની બીજી સર્વે બાબતો પર ધારાસભાની મંજુરી લેવાય છે. પરંતુ જ્યાં સુધી હિંદી રાજ્યતંત્ર હિંદી પ્રજાને સંપૂર્ણ જવાબદાર નથી ત્યાં સુધી ગવર્નર-જનરલને થોડીક પણ આપખુદ સત્તા આપવાનું ઠીક જણાયું છે અને આ સત્તાની રૂએ તે ધારાસભાએ નામંજુર કરેલો ખર્ચ મંજુર કરી શકે છે.

અને તે પસાર કરવાની વિધિ વગેરે

"ફિનૅન્સ બીલ પસાર કરવાની બધી સત્તા વડી ધારાસભા અને કાઉન્સિલ ઓફ સ્ટેટને મળી છે. દેશી રાજ્યોની ખંડણી, દેવાનું વ્યાજ, લશ્કર, નૌકાસૈન્ય, પોલિટિકલ અને ધાર્મિક ખાતાં શિવાય, તેમજ રાજા કે હિંદી વજીરે નીમેલા નોકરોના પગાર તેમજ ચીફ કમિશનરના પગાર

શિવાય, બીજાં ખાતાંની માગણીઓ મંજુર કરાવવી પડે છે દરેક ખાતાની માગણી માટે વધુમાં વધુ બે દિવસ અપાય છે અને આખા બીલ માટે વધુમાં વધુ પંદર દિવસ અપાય છે. તો પણ જે કંઈ કામ અધુરૂં રહ્યું હોય તે છેલ્લે દિવસે એક સામટું પાંચ વાગે માગણી તરીકે રજુ થાય છે અને તેના ઉપર મત લેવાય છે. કોઈપણ નવા કર નાખવા હોય તેને માટે પણ ધારાસભાની મન્જુરી આવશ્યક છે. પણ જો કોઇ વખત બને કે એક મંડળ ના પાડે અથવા ઓછી મંજુર કરે અને વાઇસરાયને એમ લાગે કે લોકોના ભલા માટે એની જરૂર છે તો પોતે પોતાની સત્તાથી ફિનૅન્સ બીલનો અમુક ભાગ અથવા આખુંયે બીલ મંજુર કરી શકે છે. આવી બાબતોમાં કેટલીક વખત બંને મંડળોની સમજુતી કરવા માટે ભેગી બેઠક પણ બોલાવી શકાય છે. પસાર થયેલા બીલ પ્રમાણે સરકારે ખર્ચ કર્યું છે કે નહિ તે તપાસવા માટે બાર સભાસદોની એક કમિટિ નીમાય છે, તે પૈકી ત્રણ વાઇસરોય નીમે છે અને નવ ચુંટાયેલા સભાસદોમાંથી ચુંટાય છે."

(૩) ધારાસભાનું ત્રીજું મહત્ત્વનું કાર્ય સવાલો અને તેની પુષ્ટિમાં વધુ સવાલો પૂછી સરકારનાં કાર્યો અને ભૂલો પર જાહેર પ્રજાનું ધ્યાન ખેંચવાનું છે આ હકો અનુક્રમે સને ૧૮૯૨ અને ૧૯૦૯માં મળ્યા હતા. જે ખાતાને લગતો સવાલ હોય તે ખાતાંનાજ અમલદારને સવાલ પૂછી શકાય. પરદેશીય સંબંધ, દેશી રાજાઓ સાથેનો સંબંધ અને કોર્ટમાં ચાલતા મુકર્દમા વિષે સવાલો પૂછી શકાય નહિ. પરંતુ અમુક સવાલ આ અપવાદોમાં મૂકવો કે નહિ અને તે મુજબ તે રજુ કરવા દેવો કે નહિ એ નક્કી કરવાનું કામ પ્રમુખનું છે.

પ્રાંતિક ધારાસભા

મોન્ટફર્ડ સુધારાથી થયેલા ફેરફારો

આગળ કહી ગયા તે મુજબ હિંદમાં જવાબદાર રાજ્યતંત્રની શરૂઆત પ્રાંતોથી કરવાની હોવાથી સને ૧૯૧૯ના કાયદાથી પ્રાંતિક

ધારાસભાના બંધારણમાં ઘણા મહત્ત્વના ફેરફારો થયા છે. (૧) પહેલાંની પેઠે ગવર્નર હવે ધારાસભાનો પ્રમુખ નથી. પરંતુ પહેલા ચાર વર્ષને માટે પ્રમુખની નીમણુંક ગવર્નરે કરી હતી અને ત્યાર પછી ધારાસભાના સભાસદો પોતામાંનાજ એકને પ્રમુખ તરીકે ચુંટી કાઢે છે. ઉપ-પ્રમુખની ચુટણી પણ એ પ્રમાણેજ થાય છે. તેમની મુદત ધારાસભાની મુદત જેટલીજ એટલે કે ત્રણ વર્ષની છે. (૨) ધારાસભાના સભાસદોની સંખ્યા ઘણી વધારવામાં આવી (૩) બિન-સરકારી ચુંટાયેલા સભાસદોની બહુમતિ દાખલ કરવામાં આવી. (૪) સીધી ચુંટણીની રીત અખત્યાર કરવામાં આવી અને ચુંટનારની સંખ્યા પણ વધારવામાં આવી. (૫) વળી જુદી જુદી કોમના, જુદા જુદા ધંધાઓના અને લઘુમતવાળાઓના પ્રતિનિધિત્વ માટે ખાસ ગોઠવણ કરવામાં આવી. (૬) વળી પ્રાંતિક ધારાસભાને તેનાં કાર્યમાં વધુ સ્વતંત્રતા આપવામાં આવી.

પ્રાંતિક ધારાસભાની રચના

જુદા જુદા પ્રાંતોની ધારાસભામાં હાલમાં સભાસદોની સંખ્યા નીચે પ્રમાણે છે.

મદ્રાસ	૧૨૭	પંજાબ	૯૩
મુંબઇ	૧૧૧	બિહારને ઓરિસા	૧૦૩
બંગાળ	૧૪૦	મધ્ય પ્રાંતો	૭૦
સંયુક્ત પ્રાંતો	૧૨૩	આસામ	૫૩

આમાંના વધુ ૨૦ ટકા જેટલા સભાસદો સરકારી અમલદાર હોઇ શકે અને ઓછામાં ઓછા ૭૦ ટકા જેટલા લોકનિયુક્ત હોવા જોઇએ. આ ઉપરાંત, આસામ જ્યાં એકજ સભાસદ નીમી શકાય તેના અપવાદ શિવાય, ગવર્નરને બે અનુભવ-પ્રવીણ સભાસદોને ધારાસભાનાં કામમાં મદદ કરવાને નીમવાની સત્તા છે.

મુંબઇની ધારાસભાની રચના

હવે આપણે મુંબઇની ધારાસભાનું બંધારણ તપાસીએ. કુલ ૧૧૧ સભાસદોમાંથી ૭૬ ચુંટાયેલા છે અને ૨૫ને સરકાર નીમે છે.


લોક નિયુક્ત ૮૬માંથી ૪૬ સામાન્ય પ્રજાએ અને ૨૯ અમુક કોમોએ સામાન્ય રીતે ચુંટાયેલા છે, જ્યારે ૧૧ અમુક ચોક્કસ રીતે ચુંટી કાઢવામાં આવે છે. ૨૫ સરકારે નીમેલા સભાસદોમાંથી ૨૦ અમલદારો અને ઓદ્ધાની રૂએ નીમાતા સભ્યો હોય છે અને ૫ બિન-સરકારી સભ્યો હોય છે. આ ઉપરથી સ્પષ્ટ થશે કે ધારાસભાને મોટી બનાવવામાં આવી છે એટલુંજ નહિ પરંતુ તેમાં લોકનિયુક્ત સભ્યોની ચોખ્ખી બહુમતિ છે.

સામાન્ય અને ખાસ મતદારમંડળ અને મતદારોની લાયકાત

મુંબઈની ધારાસભાના સભાસદની ચુંટણીમાં મત આપનાર ૨૧ અથવા તેથી વધુ વર્ષનો, અનુન્મત્ત, બ્રિટિશ રૈયત ગણાતો પુરુષ હોવો જોઈએ. જો તેણે ૬ મહિનાની કેદની સજા ભોગવી હોય તો પાંચ વર્ષ સુધી તે મત આપી શકે નહિ. પ્રાંતિક ધારાસભાની રજાથી સ્ત્રીઓ પણ મત આપી શકે. આ સામાન્ય લક્ષણો શિવાય **શહેરોને માટે** રાખેલી જગ્યાના ઉમેદવાર માટે મત આપનાર, જ્યાંથી તે મત આપતો હોય ત્યાં ઓછામાં ઓછા ૬ મહિનાથી રહેતો હોવો જોઈએ; અને મુંબઈમાં રૂા. ૧૨૦), કરાંચીમાં રૂા. ૬૦) અને બીજે ઠેકાણે રૂા. ૩૬)નું વાર્ષિક ભાડું આવે એવા ઘરમાં રહેનાર અથવા એવા ઘરનો માલીક હોવો જોઈએ; અથવા તો આવકવેરો ભરતો હોવો જોઈએ; અથવા નિવૃત્ત થયેલો લશ્કરી અમલદાર હોવો જોઈએ. **ગામડાંને માટે** રાખેલી જગ્યાના ઉમેદવાર માટે મત આપનાર, જ્યાંથી તે મત આપતો હોય ત્યાં ૬ મહિનાથી રહેલો હોવો જોઈએ અને રૂા. ૩૨)નુ વાર્ષિક જમીન મહેસુલ આપતો હોવો જોઇએ; (રત્નાગીરી, પંચમહાલ, ઉત્તર સિંધની સરહદના પ્રાંતમાં રૂા. ૧૬)નું) અથવા તો મ્યુનિસિપલ હદમાં આવેલા વાર્ષિક રૂા. ૩૨)ના ભાડાના ઘરમાં રહેનાર અથવા તેનો માલીક હોવો જોઈએ. (રત્નાગીરી અને પંચમહાલમાં રૂા. ૨૪)). **ખાસ મતદાર-મંડળ** તરફથી મત આપવા માટે મત આપનાર જો **જમીનદાર**

હોય તો વાર્ષિક રૂ. ૧૦૦૦)નું જમીન મહેસુલ ભરનાર સરદાર અથવા ઈનામદાર હોવો જોઇએ. જો તે **વેપારી અથવા મીલ માલેક** હોય તો તેમના નક્કી કરેલાં મંડળોનો સભ્ય હોવો જોઇએ. જો તે **યુનિવર્સિટિની** જગ્યા માટે મત આપતો હોય તો તે સંસ્થાનો ફેલો અથવા સાત વર્ષ પહેલાંનો ગ્રેજ્યુએટ હોવો જોઇએ. કોમી જગ્યા માટે મત આપનાર ઉપર જણાવેલ મીલકત, વસાહત વગેરેનાં લક્ષણોવાળો હોવા ઉપરાંત, જે કોમને માટે તે મત આપતો હોય તેજ કોમનો હોવો જોઇએ.

આ બાબતમાં નીચેનું વર્ગીકરણ ઉપયોગનું થઇ પડશે.



સભાસદોની લાયકાત

ધારાસભાના ઉમેદવારમાં તેના મતદારનાં લક્ષણો તો હોવાંજ જોઇએ; પણ તે ઉપરાંત તે ૨૫ વર્ષ અથવા તે ઉપરનો હોવો જોઈએ અને સનંદ છીનવી લીધેલો ધારાશાસ્ત્રી અથવા તો દેવાળીઓ હોવો ન જોઇએ.

રાજ્યવહીવટના વિષયોની વહેંચણી

પ્રાંતિક રાજ્યવહીવટની જુદી જુદી બાબતોને વિષયવાર બે વિભાગોમાં વહેંચી નાખવામાં આવી છે—મધ્યવર્તી વિષયો અને પ્રાંતિક વિષયો. આ વહેંચણીમાં હિંદી વજીર અને તેની સભાની પરવાનગી શિવાય કંઇ પણ ફેરફાર કરી શકાય નહિ. અમુક વિષય કયા વિભાગનો છે તે ગવર્નર-જનરલ નક્કી કરે છે. **મધ્યવર્તી વિષયો**—એ આખા હિંદને લગતા વિષયો છે અને તેમાં હિંદુસ્તાનનું રક્ષણ, પરરાજ્યો તેમજ દેશી રાજ્યો સાથેનો સંબંધ, રેલ્વે, તાર, પોસ્ટ વગેરે વહેવારનાં સાધનો વગેરેનો સમાવેશ થાય છે. **પ્રાંતિક વિષયોને** ખાસ કરીને સ્થાનિક બાબતો સાથે સંબંધ હોવાથી તેમાં સ્થાનિક સ્વરાજ્ય, નેહેરો બાંધવી, જાહેર સુખાકારી, જમીન મહેસુલ, જાહેર કેળવણી વગેરે વિષયોનો સમાવેશ થાય છે. આ પ્રાંતિક વિષયોને પાછા બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા છે:—અનામત અને સુપ્રત. **અનામત વિષયોમાં** જમીન મહેસુલ, દુકાળશમન, ન્યાયખાતું, પોલિસ, કેદખાનાં, સરકારી નોકરીનું ખાતું વગેરે આવી જાય છે અને તેમનો વહીવટ ગવર્નર અને તેની કારોબારી સભાના સભ્યો ચલાવે છે. આ વહીવટ માટે તેઓ ધારાસભાને નહિ પરંતુ બ્રિટિશ રાજસભાને જવાબદાર છે. **સુપ્રત વિષયોમાં** સ્થાનિક સ્વરાજ્ય, વૈદકીય ખાતું, જાહેર સુખાકારી, જાહેર બાંધકામ, જાહેર કેળવણી, ખેતીવાડી, આબકારી ખાતું વગેરે આવી જાય છે, અને તેમનો વહીવટ ધારાસભાને જવાબદાર પ્રધાનોના હાથમાં છે. કોઈ પણ બાબત **અનામત** અને સુપ્રત બંને ખાતાંઓને લગતી હોય તો તે માટે કોણે પગલાં લેવા તે નક્કી કરવાનું કામ ગવર્નરનું છે.

અનામત અને સુપ્રત વિષયો જોવાથી જણાશે કે પ્રજોન્નતિને લગતા અને તેથી જેમાં નાણાંની ખાસ જરૂર પડે તેવા વિષયો પ્રધાનોને આપવામાં આવ્યા છે. જ્યારે સત્તાવાળા અને મહેસુલ એટલે નાણાં લાવનારા વિષયો ધારાસભાના અંકુશમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. આથી પરિણામ એ આવ્યું કે પ્રધાનોને ઘણું ખરૂં નાણાંની તંગી પડે છે.

વડી ધારાસભા પેઠે પ્રાંતિક ધારાસભાના કામકાજના પણ ત્રણ વિભાગ પડી શકે. (૧) ધારા ઘડવા (૨) ચર્ચા અને વિચારણા કરવી (૩) સવાલો પૂછવા.

ખરડો પસાર કરવાની વિધિ વગેરે

(૧) કોઇપણ ખરડો રજુ કરી તેને પસાર કરવાની વિધિ અહીં પણ લગભગ વડી ધારાસભાના જેવીજ છે. પહેલું તો ખરડો રજુ કરવાની રજા મેળવવી પડે છે યા ખબર આપવી પડે છે. રજા મેળવી રજુ કર્યા પછી ખરડો તેનાં ત્રણ વાંચનમાંથી પસાર થાય છે. ત્રીજા વાંચન પછી તેના પર પ્રમુખની સહી થાય છે અને તેને ગવર્નરની મંજુરી માટે મોકલી આપવામાં આવે છે, જે પછી છેવટની મંજુરી માટે ગવર્નર-જનરલ પર મોકલી આપે છે. કોઈ પણ ખરડાથી ગમે તે વખતે ગવર્નરને જો એમ લાગે કે તે તેના પ્રાંતની સુલેહશાંતિને હાનિ કર્તા છે તો તે ખરડાને પડતો મૂકવાની ફરજ પાડી શકે છે. વળી ગવર્નરે કહ્યું હોય તે પ્રમાણે કોઇપણ ખરડો પસાર કરવાની ધારાસભા ના પાડે તો ગવર્નર આપસત્તાથી તેનો કાયદા તરીકે અમલ કરી શકે છે. પરંતુ એવા સંજોગોમાં તે ખરડાની એક નકલ ગવર્નર-જનરલ અને નામદાર શહેનશાહની મંજુરી માટે મોકલવી પડે છે. વળી મધ્યસ્થ વિષયોને લગતી કોઇપણ બાબતપર ખરડો પસાર કરવાને ગવર્નર-જનરલની પરવાનગી મેળવવી પડે છે.

પ્રાંતિક અંદાજપત્ર

(૨) પ્રાંતિક ધારાસભામાં પણ વડી ધારાસભા પેઠે મહત્ત્વના વિષયોની ચર્ચા માટે સભા બરખાસ્ત કરવાની દરખાસ્ત લાવી શકાય છે અથવા

તેને માટે ઠરાવ પસાર કરી શકાય છે; અને તેને લગતા નિયમો પણ સરખાજ છે. પરંતુ 'દ્વિરાજક કાર્યવાહી પદ્ધતિને' લીધે **પ્રાંતિક અંદાજપત્ર** ઘડવામાં અને તેને પસાર કરવાની વિધિમાં ઘણો ફેર છે. જે તે વિષયો જેના તાબામાં હોય તેની સાથે મસલ્લત કરી ગવર્નર અમુક નિશ્ચય પર આવે છે, અને તે મુજબ આખી કાર્યવાહીનું એકજ અંદાજપત્ર રજુ થાય છે. કંઈપણ કચવાટ યા ગેરસમજુતી ન થાય તે માટે કાર્યવાહીના બંને વિભાગોની ભેગી સભા બોલાવવામાં આવે છે. સૌથી પહેલું મધ્યસ્થ સરકારને આપવાની ફાળાની રકમ જુદી કાઢવામાં આવે છે. પછી કેટલીક ચર્ચાને અંતે અનામત વિષયો માટે જોઇતી રકમ નક્કી થાય છે. અને આખરે જે વધે તે સુપ્રત વિષયો માટે વહેંચી આપવામાં આવે છે. જો પ્રધાનોને તેમને માટે વધેલી રકમ ઓછી લાગતી હોય તો ધારાસભામાં નવો કર નાખવાની દરખાસ્ત તેઓ મૂકી શકે છે. મતફેર પડવાને લીધે કારોબારી સભ્યો અને પ્રધાનો માંહોમાંહે ઉપજની વહેંચણી નજ કરી શકે તો ગવર્નર લેખિત હુકમ આપીને દરેક વિષય માટે ઉપજનો અમુક ભાગ આપવાનું નક્કી કરે છે. આ પ્રમાણે અંદાજપત્ર નક્કી થયા પછી તે ધારસભામાં રજુ થાય છે. સાધારણ રીતે રકમની માગણી ખાતાવાર થાય છે. વળી અનામત અને સુપ્રત વિષયોની માગણી પણ જુદી થાય છે. ધારાસભા કાંતો આ માગણીની રકમો પૂરેપૂરી સ્વીકારે છે યા સ્વીકારવાની તદ્દન ના પાડે છે અથવા રકમ ઓછી કરી સ્વીકારે છે; પરંતુ એ રકમ વધારવાની યા બીજા કામમાં વાપરવાની ભલામણ કરી શકે નહિ.

જે રકમ ઓછી કરી હોય તે સુપ્રત વિષયને લગતી હોય તો પ્રધાનોના કહેવાથી તે ફરીથી ધારાસભા આગળ મૂકવામાં આવે છે. પરંતુ આ તો માત્ર એક પ્રણાલિકા ખાતરજ છે; કારણ કે જો ધારાસભા મક્કમ રહે તો પ્રધાને તેટલીજ રકમમાં ચલાવવું પડે. અથવા તેમ ન બને તો રાજીનામું આપવું પડે પરંતુ આવુંજ કંઇ અનામત વિષયને માટે થાય તો ગવર્નર પોતાની સત્તાથી ધારાસભાની મરજી વિરુદ્ધ માગેલી

રકમ મંજુર કરે છે. વળી જો ગવર્નરને એમ લાગે કે ધારાસભાએ નહિ સ્વીકારેલી કોઈ પણ માંગણીની રકમ પ્રાંતની સુલેહશાંતિ માટે જરૂરની છે તો તે પોતાની સત્તાથી માંગેલી રકમ આપે છે.

ધારાસભાની અંદાજપત્ર વિષયક સત્તા

વડી સરકારને આપવાની ફાળાની રકમ, સરકારી લોનનું વ્યાજ વગેરેની રકમ, કાયદા પ્રમાણે જે ખર્ચ ફરજીઆત છે તે માટે જોઈતી રકમ, નામદાર શહેનશાહ અને હિંદી વજીરે નીમેલા અમલદારોના પગાર અને પેન્શનની રકમ—આ સઘળાં ખર્ચ માટેની રકમ ધારાસભા પાસે મંજુરી માટે મૂકવામાં આવતી નથી.

અંદાજપત્ર પસાર કરવાની વિધિ વગેરે

બજેટ પસાર કરવાની વિધિ બે ભાગમાં વહેંચાઈ જાય છે. પહેલાં બજેટ રજુ કરવામાં આવ્યા પછી અમુક દિવસો સુધી તેના પર સામાન્ય ચર્ચા થાય છે. ચર્ચાને અંતે નાણાંખાતાનો સભ્ય વળતો જવાબ આપે છે. બીજો વિભાગ માગણીઓ છૂટી છૂટી રજુ કરવાનો અને તે માટેની રકમ મંજુર કરવાનો છે. આ ભાગ માટે ૧૨ દિવસની મુદત રાખવામાં આવી છે.

પસાર થયલા બજેટ પ્રમાણે સરકારે ખર્ચ કર્યું છે કે નહિ તે તપાસવા માટે વડી ધારાસભા પેઠે અહીં પણ એક કમિટી નીમાય છે, જેમાંના ઓછામાં ઓછા ⅔ સભાસદો ધારાસભાના બિન-અધિકારી સભ્યોએ ચુટેલા હોય છે અને બાકીના સરકારે નીમેલા હોય છે.

(૩) વડી ધારાસભા પેઠે અહીં પણ સભાસદોને સવાલો અને તેની પુષ્ટિમાં વધુ સવાલો પૂછવાનો હક્ક છે અને તે માટેના નિયમો પણ સરખાજ છે.

પ્રકરણ ૬ ઠું

ન્યાય ખાતું

ન્યાયપદ્ધતિ, ફોજદારી અને દિવાની

ન્યાયાસન આગળ જે બાબતો નિર્ણય માટે આવે છે તેમના સામાન્ય રીતે બે વિભાગો પડી જાય છે. આખા સમાજને હાનિકર્તા કાંઈ પણ કાર્ય થયું હોય તો તે ગુન્હો કહેવાય છે અને તેની દાદ મેળવી શિક્ષા કરાવવા માટે જે ફરિયાદ કરવામાં આવે છે તેવી ફરિયાદોનો પહેલો વિભાગ બને છે. હકકની તકરારનો નીવેડો આણવો હોય અથવા તો અંગત વેર વાળવા નુકસાન કર્યું હોય, આબરૂ લીધી હોય તેની નુકસાની મેળવવા જે દાવા માંડવામાં આવે તેમનો બીજો વિભાગ બને છે. પહેલા વિભાગની ફરિયાદો ફોજદારી કહેવાય છે અને તેમનો નિર્ણય ફોજદારી કાયદા અને વિધિ (Indian Penal Code & Criminal Procedure Code) પ્રમાણે થાય છે. ફોજદારી કામોમાં સરકાર પોતેજ ફરિયાદી હોય છે અને ફરિયાદનો હેતુ ગુન્હેગારને શિક્ષા કરાવવાનો હોય છે. બીજા વિભાગની ફરિયાદો દિવાની કહેવાય છે અને ચુકાદો દિવાની કાયદા અને વિધિ (The Civil Court Manual & Civil Procedure Code) પ્રમાણે અપાય છે. દિવાની ફરિયાદો ઘણુંખરું જરજમીન વિષેના હકો બાબત અથવા અંગત નુકસાન બાબત હોવાથી તેમનો હેતુ કોનો હક ખરો છે તે નક્કી કરવાનો અથવા તો નુકસાની અપાવવાનો હોય છે.

ન્યાયખાતાનો ઇતિહાસ

ઈ. સ. ૧૭૬૫માં બંગાળાની દિવાની મળ્યા પછી કલાઇવે 'દ્વિરાજક પદ્ધતિ' દાખલ કરી. તેમાં ફોજદારી કેસોનું કામ નવાબના હાથમાં હતું અને દિવાની કેસોનું કામ દેશી ન્યાયાધીશો મારફત કંપની

કરતી. આ પદ્ધતિ નિષ્ફળ નીવડવાથી વૉરન હેસ્ટિંગ્સે જીલ્લા કલેક્ટરને કાજી અને પંડિતની મદદથી દિવાની કેસો ચુકવવાનું સોંપ્યું. આ ઉપરાંત અપીલ કરવાને માટે **સદર દિવાની અદાલત** નામની વરિષ્ટ કોર્ટ સ્થાપવામાં આવી. ફોજદારી ન્યાયાધીશો મુસલમાનજ હતા અને તે કેસોની અપીલ માટે **સદર નિઝામત અદાલત** સ્થાપવામાં આવી. ઈ. સ. ૧૭૭૩ ના રેગ્યુલેટીંગ એક્ટથી કલકત્તામાં વરિષ્ટ કોર્ટ સ્થપાઇ જેના મુખ્ય ન્યાયાધીશ અને ત્રણ મદદનીશ જજોની નીમણુંક શહેનશાહે કરી હતી. પરંતુ (૧) આ કોર્ટે કયા કાયદા પ્રમાણે ચાલવું તે નક્કી થયું નહોતું (૨) કોર્ટ કંપનીના નોકરો પર કામ ચલાવી શકે કે નહિ એ અચોક્કસ હતું (૩) તેમજ કોર્ટ અને ગવર્નર-જનરલની કાઉન્સિલ વચ્ચે કેવા પ્રકારનો સંબંધ છે એ સ્પષ્ટ નહોતું. આને લીધે ઘણા બખેડા ચાલ્યા હતા. સને ૧૮૦૧માં મદ્રાસમાં અને સને ૧૮૨૩માં મુંબઇમાં પણ આવી કોર્ટો સ્થાપવામાં આવી. પરંતુ હજુ સુધી શિક્ષા કરવાને અમુક ચોક્કસ કાયદાનું ધોરણ નહોતું. છેવટે સને ૧૮૩૩ માં **લોર્ડ મેકૉલેની** પહેલા ધારાશાસ્ત્રી તરીકે નીમણુંક થઇ અને તેના પ્રયાસથી હિંદી ફોજદારી કાયદો (Indian Penal Code) દિવાની અને ફોજદારી કેસ ચલાવવાના વિધિ દર્શાવતા કાયદા, (Civil and Criminal Procedure Codes) વગેરે સને ૧૮૬૦ માં તૈયાર થઇ અમલમાં આવ્યા. હાલમાં પણ એ કાયદાઓ પ્રમાણેજ કોર્ટમાં કામ ચાલે છે અને સજા થાય છે.

સને ૧૮૬૧માં **હિંદી હાઇકોર્ટોનો કાયદો** પસાર થયો અને તેથી મુંબઈ, મદ્રાસ અને કલકત્તા એ દરેકમાં એક હાઇકોર્ટ સ્થપાઈ. પછીથી અલ્હાબાદ, બિહાર, પંજાબ અને રંગુનમાં પણ એવીજ હાઇકોર્ટો સ્થાપવામાં આવી છે. બીજા નોન-રેગ્યુલેશન પ્રાંતોમાં હાઇકોર્ટોને બદલે ચીફ કોર્ટો હોય છે અથવા તો જ્યુડિસ્યલ કમિશનરોની કોર્ટ હોય છે અને તેની નીમણુંક વાઇસરોય કરે છે.

હાઇકોર્ટનું બંધારણ

હાઈકોર્ટના જજોને ઇંગ્લાંડનો રાજા નીમે છે. હાઇકોર્ટનો ચીફ જસ્ટીસ બેરીસ્ટર હોય છે. હાઇકોર્ટના જજોની કુલ સંખ્યમાંથી કું, હિંદમાં દશ વર્ષ નોકરી કરેલા અને તેમાંના ત્રણ વર્ષ તો ડીસ્ટ્રીક્ટ જજ તરીકે કામ કરેલા હિંદી સનંદી નોકરો હોવા જોઇએ. આ ઉપરાંત કું, પાંચ વર્ષની વકીલાતના અનુભવવાળા બેરીસ્ટરો અથવા એડ્વોકેટો હોવા જોઈએ. હિંદના વકીલો પૈકી દશ વર્ષની વકીલાતના અનુભવી માણસો જજ તરીકે નીમાઈ શકે છે. બધું મળીને હાઇકોર્ટના ૭૩ જજો પૈકી ફક્ત ૧૨ હિંદીઓ છે.

તેની સત્તા

મુંબઈ, મદ્રાસ અને કલકત્તા હાઇકોર્ટને એ શહેરોની હદમાંના દિવાની અને ફોજદારી મૂળ કામો સાંભળવાની સત્તા છે. અલ્હાબાદ હાઇકોર્ટને યુરોપીઅનોના ગુન્હાઓની ફરિયાદો સાંભળવા શિવાય આવી સત્તા નથી. આ ઉપરાંત હાઇકોર્ટને તેની નીચલી કોર્ટોમાંનાં દિવાની અને ફોજદારી કામોની અપીલો સાંભળવાની સત્તા છે. પરંતુ જમીન મહેસુલ અને તે ઉઘરાવવાની બાબતમાં જ્યાંસુધી તે વખતના કાયદા પ્રમાણે થાય ત્યાંસુધી તેનું કામ હાઇકોર્ટમાં આવી શકે નહિ એટલે જમીન મહેસુલ વધે તો તે વધારનારને 'પીટીશન' કરવાનોજ માર્ગ રહે છે. આગળ જણાવી ગયા છીએ તે મુજબ ગવર્નર-જનરલ, ગવર્નર અને તેમની કારોબારી સભાના સભ્યો ઉપર તેમણે નોકરીને અંગે કરેલાં કોઇપણ કામ માટે હાઇકોર્ટમાં કેસ ચાલી શકે નહિ, તેમજ તેમને કેદ કરી શકાય નહિ; હાઇકોર્ટના જજોને પણ આ જાતની મુક્તિ મળેલી છે. વળી હાઇકોર્ટને નીચલી કોર્ટનાં કામ પર સામાન્ય દેખરેખ રાખવાની સત્તા છે; અને તેથી નીચલી કોર્ટમાં રજુ થયલા સર્વે પુરાવા અને જુબાનીઓની હાઇકોર્ટની સગવડ માટે નોંધ લેવાય છે.

પ્રિવિકાઉન્સિલ

એકને બદલે બીજી કોર્ટમાં કેસ ચલાવવાનો હુકમ કરવાની હાઈકોર્ટને સત્તા છે. નીચલી કોર્ટના જજને તેનો ગુન્હો જણાતાં તેની જગ્યા પરથી દૂર કરવાની હાઈ કોર્ટને સત્તા છે. જો કે છેવટની સજા પૂરતી તપાસ પછી સ્થાનિક સરકાર કરે છે. હાઈકોર્ટમાં અપાએલા મૂળ કેસના ફેંસલા ઉપરની અપીલ ત્યાંજ બે કે ત્રણ જજોની આગળ ચાલે છે. આ ઉપરાંત ખુદ હાઈકોર્ટ અને જ્યુડિશ્યલ કમિશનરોના નિર્ણય ઉપર પણ લંડનમાં **પ્રિવિકાઉન્સિલની** જ્યુડિશ્યલ કમિટી આગળ અપીલ થઈ શકે છે. આજ કારણથી આ જ્યુડિશ્યલ કમિટિને હિંદુસ્તાન અને બ્રિટિશ સંસ્થાનોના કેસો માટે છેવટની વરિષ્ટ અદાલત તરીકે ગણવામાં આવે છે.

ઘણાખરા પ્રાંતોમાં ફોજદારી કોર્ટોના ૭ વર્ગ પાડવામાં આવ્યા છે.

પ્રાંતની ફોજદારી કોર્ટો

(૧) હાઈકોર્ટ-જેમાં પ્રેસિડન્સી ટાઉનનાં મૂળ કામો અને નીચલી કોર્ટોમાંથી અપીલ આવે છે (૨) સેશન્સ કોર્ટ (૩) પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતા ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટની કોર્ટો (૪) પ્રેસિડંસી મેજીસ્ટ્રેટોની અને કેટલાંક શહેરોમાં સીટી મેજીસ્ટ્રેટોની કોર્ટો (૫) બીજા વર્ગના મેજીસ્ટ્રેટોની કોર્ટો (૬) ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટોની કોર્ટો (૭) પહેલા, બીજા અને ત્રીજા વર્ગના માનદ મેજીસ્ટ્રેટોની કોર્ટો.

તેમની સત્તા અને બંધારણ

આ સઘળી કોર્ટોની સત્તા અને તેમનો એક બીજા સાથેનો સંબંધ એ વિષેની સર્વ માહિતી ક્રિમિનલ પ્રોસીજર કોડમાં આપેલી છે. દરેક જીલ્લામાં એક સેશન્સ કોર્ટ હોય છે અને તેના જજને સેશન્સ જજ કહે છે. ફાંસીની સજા જેને માટે હાઇકોર્ટની રજા મેળવવી પડે છે તે શિવાય બીજી કોઈપણ શિક્ષા આ કોર્ટ કરી શકે

છે, જો કે એના નિર્ણય પર હાઇકોર્ટને અપીલ થઈ શકે છે. પ્રેસિડન્સી અને પહેલા વર્ગના મેજીસ્ટ્રેટો ૨ વર્ષની કેદ અને રૂા. ૧૦૦૦) સુધીનો દંડ કરી શકે છે. બીજા વર્ગના મેજીસ્ટ્રેટો ૬ મહિનાની સજા અને રૂા. ૨૦૦) સુધીનો દંડ અને ત્રીજા વર્ગના ૧ મહિનાની કેદ અને રૂા. ૫૦) સુધીનો દંડ કરી શકે છે. કલેક્ટરો અને આસિસ્ટંટ અને ડેપ્યુટી કલેક્ટરોને પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની સત્તા હોય છે. મામલતદારો બીજા વર્ગના અને મુખ્ય કારકુનો ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટ હોય છે.

આ સર્વે મેજીસ્ટ્રેટોની નીમણુંક સ્થાનિક સરકાર કરે છે અને તેઓ કલેક્ટરના તાબામાં છે. મોટાં શહેરોમાં કામનો બોજો ઓછો કરવાને સરકાર માનદ મેજીસ્ટ્રેટો નીમે છે. અને નાનાં ગામોમાં ત્યાંના પટેલને નાનાં કામોના ચુકાદા આપવાની સત્તા અપાય છે.

અપીલ

ત્રીજા અને બીજા વર્ગના મેજીસ્ટ્રેટોના નિર્ણય સામે, જીલ્લા મેજીસ્ટ્રેટ (કલેક્ટર)ને, અને પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની અપીલ ચુકાદા સામે સેશન્સ જજને અપીલ થઇ શકે છે. સેશન્સ કોર્ટના મૂળ કેસોની અપીલ હાઇકોર્ટને થાય છે. ગવર્નર અને ગવર્નર-જનરલને ગુન્હેગારને માફી બક્ષવાની સત્તા છે. સેશન્સ અને હાઇકોર્ટના સઘળા ફોજદારી કેસોની સુનાવણી **જ્યુરી અને 'એસેસરો'** રૂબરૂ થાય છે. સામાન્ય રીતે જ્યુરીના મત પ્રમાણે ચાલવાને જજ બંધાયેલો છે. જ્યારે એસેસરોના અભિપ્રાય મુજબ ચાલવાને તે બંધાયલો નથી. હાઇકોર્ટમાં જ્યુરી ૯ ગૃહસ્થોની બને છે જ્યારે બીજી કોર્ટોમાં ૭ ગૃહસ્થોની બને છે. જો જ્યુરીનો મત સાવ ખોટો લાગે તો સેશન્સ જજ હાઇકોર્ટ ઉપર પુનરાવલોકન માટે એ કેસને મોકલી આપે છે. મોટાં શહેરોમાં અકસ્માતથી મરણ થાય તે સંબંધી તપાસ કરવાને 'કોરોનરની કોર્ટ' હોય છે. જ્યારે નાનાં શહેરોમાં આ કામ મેજીસ્ટ્રેટના હુકમથી પોલિસજ કરી લે છે.

પ્રાંતની દિવાની કોર્ટો

દિવાની કોર્ટોના પાંચ વિભાગ પાડી શકાય છે. (૧) હાઈ કોર્ટ (૨) જીલ્લા કોર્ટો (૩) સ્મોલ કૉઝીઝ કોર્ટ (૪) પહેલા વર્ગના સબોર્ડીનેટ જજોની કોર્ટો (૫) બીજા વર્ગના સબૉર્ડીનેટ જજોની કોર્ટો.

તેમનું કાર્ય

પ્રેસિડન્સી શહેરોમાં રૂા. ૨૦૦૦) સુધીના અને બીજાં શહેરોમાં તેથી ઓછી રકમના દાવાઓ ચુકવવાને સ્મોલકૉઝીઝ કોર્ટ રાખવામાં આવી છે, અને તે કોર્ટના નિર્ણય સામે અપીલ થતી નથી- મોટા દાવાઓ હાઇકોર્ટમાં અથવા ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં થઈ શકે છે. જીલ્લા જજ અથવા સેશન્સ જજ પોતાના હાથ નીચેની સબોર્ડીનેટ જજોની કોર્ટોપર દેખરેખ રાખે છે.

યુરોપીઅનોનો ન્યાય

દિવાની કામોમાં યુરોપીઅનોને કોઇ પણ પ્રકારના ખાસ લાભ આપવામાં આવ્યા નથી. પરંતુ ફોજદારી કામોમાં યુરોપીઅનોની આજ સુધી ભારે તરફદારી કરવામાં આવી છે. કંપની સરકારના વખતમાં તેમના કેસો ફક્ત ગવર્નરની આગળજ ચાલતા. પાછળથી જ્યારે યુરોપીઅનો જજ તરીકે આવવા લાગ્યા ત્યારે તેમનો ન્યાય હાઇકોર્ટજ કરી શકે એમ કર્યું. સને ૧૮૭૨માં સૌથી ઉંચા વર્ગના મેજીસ્ટ્રેટો અને સેશન્સ જજોને અમુક સંજોગોમાં યુરોપીઅનોનો ન્યાય કરવાની સત્તા આપવામાં આવી. સને ૧૮૮૩માં સ્થાનિક સરકારોની સંમતિથી વડી ધારાસભામાં ઇલ્બર્ટ બીલ રજુ કરવામાં આવ્યું. આ બીલમાં યુરોપીઅનોને સજા કરવાની સત્તા નીચલી કોર્ટોને આપવાની બાબત હતી. પરંતુ એંગ્લોઇન્ડિયનોના સખ્ત વિરોધથી છેવટે એવી માંડવાળ કરવામાં આવી કે જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા સેશન્સ જજના જેટલી સત્તા ધરાવતા કોઇપણ મેજીસ્ટ્રેટ અથવા જજ રૂબરૂ યુરોપીઅન ગુન્હેગારને

ખડો કરી શકાય; પરંતુ અડધો ભાગ યુરોપીઅન અથવા અમેરિકન હોય તેવી જ્યુરી માગવાનો હક તેને રહેશે. પરંતુ હાલમાં તેમને માટે નીચે મુજબ ખાસ નિયમો ઘડવામાં આવ્યા છે. (૧) પ્રેસિડન્સી શહેરની બહાર યુરોપીઅન બ્રિટિશ રૈયત ઉપર કોઇ પણ જજ યા મેજીસ્ટ્રેટ ફટકા મારવાની સજા કરી શકે નહિ. (૨) પ્રેસિડન્સી શહેરની બહાર પહેલા વર્ગનો કોઇ પણ મેજીસ્ટ્રેટ તેનો ન્યાય કરી શકે અને રૂા. ૫૦) સુધીનો દંડ થાય તેવા ગુન્હા માટે ગમે તે વર્ગના મેજીસ્ટ્રેટ આગળ તેનો કેસ ચાલી શકે.

પ્રાંતિક ન્યાયખાતું

પ્રાંતિક સરકારના ન્યાયખાતાની નોકરીમાં જજો અને મેજીસ્ટ્રેટો ઉપરાંત એક 'લીગલ રીમેમ્બ્રન્સર,' એક એડવોકેટ–જનરલ, સરકારી વકીલો વગેરે કાયદા જાણનારા અમલદારો પણ છે. ખરડા ઘડવામાં, કાયદાની બારીકી પર જરૂર પડે સત્તાધારી–અભિપ્રાય આપવામાં અથવા કેસો ચલાવવામાં આ અમલદારો સરકારને મદદ કરે છે.

'શેડ્યુલ્ડ ડીસ્ટ્રીક્ટ્સ'

બ્રિટિશ હિંદમાં કેટલાક પછાત ગણાતા પ્રાંતોમાં બીજે સઘળે ચાલતા કાયદાઓનો અમલ થતો નથી. તેમને માટે ગવર્નર–જનરલ અને તેની કારોબારીસભા કાનુનો ઘડે છે, અને તેજ કાયદા તરીકે અમલમાં મૂકાય છે. આવા પછાત ગણાતા પ્રાંતોને 'શેડ્યુલ્ડ ડિસ્ટ્રીક્ટ્સ' કહે છે; અને તેમાં આન્દામાન, એડન, અજમેર–મેરવાડા વગેરેનો સમાવેશ થાય છે.

પ્રકરણ ૭ મું

જાહેર સહીસલામતી

કોઈપણ દેશને બહારનો તેમજ અંદરનો એમ બે જાતનો ભય હોય છે. બહારનો ભય પરદેશી શત્રુની ચઢાઇનો અને અંદરનો ભય ચોર લૂટારા, સ્થાનિક હુલ્લડ તથા બળવા વગેરેનો છે. આ ભયમાંથી પ્રજાજનોનું રક્ષણ કરવાને લશ્કર અને પોલિસની યોજના થઇ છે. લશ્કર પરરાજ્યો સામે લઢવાને ખપ લાગે છે અને પોલિસ આંતરિક સુલેહશાંતી જાળવે છે.

હિંદી લશ્કર

હિંદુસ્તાનના લશ્કરના બે મુખ્ય વિભાગ પડે છે. (૧) જાથુકનું નિયમિત લશ્કર (૨) અણી પ્રસંગે ઉભું કરવામાં આવતું વધારાનું લશ્કર.

જાથુકનું નિયમિત લશ્કર અને તેની વ્યવસ્થા

(૧) લશ્કરના આ વિભાગની વ્યવસ્થા તેમજ વહેંચણીમાં વખતોવખત ફેરફાર કરવામાં આવ્યા છે. સને ૧૯૦૫ સુધી હિંદી લશ્કર વાઇસરોયના તાબામાં હતું. પરંતુ તે સાલમાં વડો સેનાધિપતિ લોર્ડ કીચનેર અને વાઇસિરોય લોર્ડ કર્ઝન વચ્ચે મતફેર પડવાથી આખરે એમ નક્કી કરવામાં આવ્યું કે હિંદી લશ્કર ઉપર છેવટનો કાબુ વાઇસરોયનો નહિ પરંતુ ઇંગ્લાંડના લશ્કરી વડાનો હોવો જોઇએ. હાલમાં હિંદી લશ્કરના ચાર વિભાગ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ દિશાવાર કરવામાં આવ્યા છે. દરેક વિભાગ એક સંપૂર્ણ યુદ્ધસામગ્રીવાળું લશ્કર હોઈ જુદા જુદા સેનાધિપતિઓના તાબામાં છે. દક્ષિણવિભાગ વડા સેનાધિપતિના પોતાના તાબામાં છે. બાકીના ત્રણ સેનાધિપતિઓનો ઉપરી વડો સેનાધિપતિ છે અને તે વાઈસરોયની કારોબારી સભાનો સભ્ય હોઇ લશ્કરની આંતરિક વ્યવસ્થા માટે જવાબદાર છે.

મહાન વિગ્રહની આખરે આ લશ્કર ૨૭૫૦૦૦ સિપાઇઓનું બનેલું હતું અને તેમાંના ૨૩૨૦૦૦ બ્રિટિશ હતા. બ્રિટિશ ટુકડીઓ ગ્રેટબ્રીટન અને આયર્લેંડના સિપાઈઓની બનેલી છે. જ્યારે હિંદી ટુકડીઓમાં મુખ્યત્વે કરીને શીખ, ગુરખા, રજપૂત, મરાઠા વગેરે લડાયક જાતિઓના માણસો છે.

વધારાનું અનિયમિત લશ્કર અને તેનું બંધારણ

(૨) **વધારાનું અનિયમિત લશ્કર** નીચેના પેટા વિભાગોનું બને છે–વૉલંટીઅરો; ઇમ્પિરીઅલ સર્વિસ ટ્રુપ્સ; ઇમ્પીરીઅલ કેડેટકોર; સરહદનું લશ્કર, મીલીટરી પોલિસ; હિંદનું મુલ્કી લશ્કર (ટરિટોરીઅલ ફોર્સ); દેશી રીઝર્વ.

વૉલંટીઅરોનું સૈન્ય બિન–લશ્કરી માણસોનું બને છે. અને તેમને વર્ષમાં અમુક દિવસોએ લશ્કરી તાલીમ આપવામાં આવે છે. આ ઐચ્છિક સૈન્યનું કામ નિયમિત લશ્કરના અભાવે જરૂર પડે દેશની અંદર બંદોબસ્ત રાખવાનું છે.

'ઇમ્પીરીઅલ સર્વિસ ટ્રુપ્સ'

એ યુરોપિયન ઢબે કેળવાએલું દેશી રાજાઓએ રાખેલું લશ્કર છે. અણીપ્રસંગે બ્રિટિશ સરકારને આ લશ્કરની પણ મદદ મળે છે; અને છેલ્લા મહાયુદ્ધમાં આ લશ્કરે પણ ઘણી કિંમતી સેવા બજાવી હતી. દેશી રાજાઓના કુટુંબીઓને ઉંચી લશ્કરી તાલીમ આપવા માટે લૉર્ડ કર્ઝને **ઇમ્પીરીઅલ કેડેટકોર** નામની સંસ્થા સ્થાપી. તેમાં ૨૦ રાજકુમારોને બ્રિટિશ અમલદારો તાલીમ આપે છે અને તે શિયાળામાં મીરત અને ઉનાળામાં દહેરાદૂન હોય છે. વળી સરહદ ઉપરના પ્રાંતમાં, તેમજ અસ્થિરતા પ્રવર્તતી હોય તેવા પ્રદેશમાં **સ્થાનિક જાતોમાંથી લશ્કરી પોલિસની** ફોજો બનાવી તેનાં થાણાં રાખ્યાં છે. તેઓ લશ્કરી સિપાઇની માફક કેળવાએલા હોય છે અને પોલીસનું કામ કરે

છે. આ ઉપરાંત વાયવ્યસરહદ, આસામ અને બ્રહ્મદેશમાં **મીલીટરી પોલિસનો** ઉપયોગ થાય છે અને ત્યાંની તોફાની વસ્તીમાં તેઓ સુલેહશાંતિ જાળવે છે. આ માણુસો લશ્કરી સિપાઇઓ હોવા છતાં મુલ્કીસત્તા હેઠળ હોવાથી તેઓનું ઉપર્યુક્ત નામ પડયું છે. સ્વદેશના રક્ષણને માટે બિન–લશ્કરી પ્રજાજનોને પણ લશ્કરી તાલીમ મળવી જોઈએ એવી હીંદી પ્રજાની યોગ્ય અને સતત્ માગણીને માન આપીને સરકારે **'હીંદનું મુલ્કી લશ્કર'** (**I. D. F. or Indian Territorial Force**) એ નામના સૈન્યની યોજના કરી છે. પહેલાં તો એ સૈન્ય ફકત યુરોપીઅનો અને યુરેઝિયનોનું જ બનેલું હતું પરંતુ હવે હિંદીઓ પણ તેમાં દાખલ થઇ શકે છે. થોડાક સમય સુધી તેમને નિયમિત તાલીમ અને કવાયત મળે છે અને પછી વર્ષમાં અમુક વખતે કવાયત વગેરે માટે અમુક સ્થળે બોલાવવામાં આવે છે. મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનું જે લશ્કર છે (**University Corps**) તેનો આમાં સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓના લશ્કરની આવી ૮ ટુકડીઓ છે–મુંબઇમાં, મદ્રાસમાં, કલકત્તામાં, અલ્હાબાદમાં, લાહોરમાં, રંગુનમાં, પટનામાં અને બનારસમાં. આ ઉપરાંત પેન્શન ઉપર ગયલા હિંદી સિપાઈઓ અને અમલદારોનું એક સૈન્ય બને છે, અને તેને **દેશી રીઝર્વ** કહે છે. આ સઘળા માણસોનો લડાઇ વખતે સરકાર ઉપયોગ કરી શકે છે.

વડો સેનાધિપતિ

વડો સેનાધિપતિ, જે વાઈસરોયની કારોબારી સભાનો સભ્ય છે, તે હિંદી સૈન્યનો ઉપરી છે. તેને મદદ કરવાને મોટા લશ્કરી અમલદારોનું એક મંડળ છે. ઇંગ્લાંડના લશ્કરી વડાની સાથે તે ચાલુ પત્રવ્યવહાર રાખે છે અને તેની નીમણુંક પણ ઈંગ્લાંડના લશ્કરી વડાની ભલામણુ મુજબ નામનાર શહેનશાહ કરે છે. વડી ધારાસભામાં લશ્કરી અંદાજપત્ર રજુ કરનાર અને લશ્કરી–નીતિનો બચાવ કરનાર એ જ વ્યક્તિ છે.

હિંદી પ્રજા અને હિંદી લશ્કર

પહેલાં તો હિંદીઓમાંથી ફક્ત લડાયક જાતોનાજ માણસો લઈ તેમનું લશ્કર બનાવાતું; બીજા હિંદીઓને સ્વદેશનું રક્ષણ કરવામાંથી બાતલ કરવામાં આવ્યા હતા એટલુંજ નહિ પણ તેમને સંપૂર્ણ રીતે શસ્ત્રરહીત અને નિર્માલ્ય બનાવવાના વ્યવસ્થિત પ્રયત્નો થયા હતા. આ સામે હિંદી પ્રજાના પોકારથી થોડો વખત થયા એ બાબતમાં સરકારે પોતાની નીતિ સુધારવાનું યોગ્ય ધાર્યું છે. Indian Defence Force અથવા Territorial Force સ્થાપવા ઉપરાંત હિંદી જુવાનોને લશ્કરી તાલીમ આપવા માટે દહેરાદૂનમાં એક લશ્કરી વિદ્યાલય ખોલવામાં આવ્યું છે. અહીં, ઈંગ્લાંડની સેંડહર્સ્ટની શાહી લશ્કરી કૉલેજમાં દાખલ થવા પૂરતી તૈયારી કરાવવામાં આવે છે; અને તે કૉલેજની પરીક્ષામાં પસાર થનારને હિંદી લશ્કરમાં તરતજ ઉંચી પદવી આપવામાં આવે છે. આમ છતાં દેશી લશ્કરમાં પણ ઉપરી અમલદારો ઘણુંખરું યુરોપીઅન હોય છે. હાલમાં વડા સેનાધિપતિએ જણાવ્યું છે કે આઠ ટુકડીઓમાં ૨૩ વર્ષને અંતે બધા અમલદારો દેશી કરી દેવામાં આવશે તો હિંદનું બધું લશ્કર હિંદીઓનું ક્યારે બનશે? વળી હિંદી લશ્કરનું ખર્ચ ઇ. સ. ૧૯૦૪–૫માં ત્રીસ કરોડ હતું તે વધીને ૧૯૨૨–૨૩ માં ૬૭ કરોડ થયા પછી ઓછું કરવાના પ્રયત્ન કરતા હાલમાં ૫૫ કરોડ થયું છે. હિંદને એવા મોટા લશ્કરની જરૂર નથી એમ હિંદી પ્રજાના નેતાઓ માને છે અને ખર્ચ ઓછું કરાવવા માટે તેઓ બનતો પ્રયાસ કરે છે.

હિંદી નૌકાસૈન્ય

બ્રિટિશ હિંદના દરીઆઇ વ્યાપારનું અને હિંદના કિનારાનું બ્રિટિશ નૌકાસૈન્ય રક્ષણ કરે છે. એ ઉપરાંત હિંદનું પોતાનું નૌકાસૈન્ય પણ છે અને તેને 'Royal Indian Marine' કહે છે. આ નૌકાસૈન્ય ચાંચીઆ લોકોને પકડવામાં, બંદરોનું રક્ષણ કરવામાં, કેદીઓ રાખવાના ટાપુઓનું

રક્ષણ કરવામાં, દીવાદાંડીઓની તપાસ રાખવામાં અને લડાઇનાં સાહિત્યો અને લશ્કરને લઇ આવજા કરવામાં ખપ લાગે છે. વળી એક નાના સરખા **હવાઇ લશ્કર 'Air Force'**ની પણ સ્થાપના થઈ છે. હાલમાં Royal Indian Marine ની પુનર્યોજના કરવાનું હિંદી સરકાર તરફથી જાહેર થયું છે. બીજા દેશોની પેઠે હિંદ પણ પોતાના દરિયાઇ રક્ષણ માટે વ્યાપારનું હિત સાચવવાને માટે પોતાનાજ નૌકાસૈન્ય પર આધાર રાખે એવો આ યોજનાનો હેતુ પ્રતીત થાય છે.

હિંદની 'પોલિસ'

દેશનું બહારથી રક્ષણ કરવાને માટે જેમ લશ્કર અને નૌકાસૈન્ય છે તેમ દેશની અંદરની વ્યવસ્થા જાળવવાને માટે 'પોલિસ ફોર્સ'ની યોજના થઈ છે. પોલિસ ફોર્સના મુખ્ય ચાર વિભાગ પડે છે—**શહેર અને ગામડાંની પોલિસ**; રીઝર્વ ફોર્સ મીલીટરી પોલિસ; રેલવે પોલિસ અને છુપી પોલિસ ખાતું.

શહેર અને ગામડાંની પોલિસ અને તેની વ્યવસ્થા

પોતાના શહેર અથવા ગામડામાં ગુન્હેગારોને પકડી તેમને સજા કરાવી વ્યવસ્થા જાળવે છે. **રીઝર્વફોર્સ** એ દરેક જીલ્લામાં અમુક સ્થળે, હુલ્લડ જેવા અણીના પ્રસંગે ખપ લાગે તે માટે રાખવામાં આવે છે. **મીલીટરી પોલિસ** આગળ કહી ગયા તે પ્રમાણે વાયવ્યસરહદના પ્રાંતો, આસામ અને બ્રહ્મદેશમાં કામ કરે છે. **રેલવે પોલિસ** રેલવેની માલમત્તા સંભાળે છે અને રેલવે લાઈન અથવા સ્ટેશનની સરહદમાં થતા ગુન્હાઓની તપાસ રાખે છે. **છુપી પોલિસખાતું (Criminal Investigation Department)** ખાસ કરીને રાજદ્વારી લોકો વિષે માહિતી મેળવવામાં, રાજદ્રોહનાં કાર્યો પકડવામાં અને જેમાં જીલ્લા પોલિસને સમજણ ન પડે તેવા ગંભીર ગુન્હાઓની તપાસમાં હંમેશ પરોવાયલું રહે છે.

પોલિસખાતું

પોલિસખાતાનું બંધારણ સને ૧૮૬૧ના પોલિસ એક્ટની રૂએ ઘડાયું છે. આ કાયદા પ્રમાણે જીલ્લા પોલિસનો ઉપરી District Superintendent of Police કહેવાય છે અને તેના પર જીલ્લાનો કલેક્ટર સામાન્ય દેખરેખ રાખે છે. દરેક જીલ્લાને થાણાવાર વહેંચી નાખવામાં આવે છે. દરેક થાણાનો ઉપરિ એક હિંદી પોલિસ અમલદાર હોય છે અને તેના હાથ નીચે કોનસ્ટેબલ વગેરે બીજા પોલિસના માણસો હોય છે. દરેક ગામડામાં અથવા નાનાં ગામડાઓના જૂથવાર એકેક ચોકીદાર હોય છે; તે પોતાના ગામ યા ગામોમાં શાંતિ જાળવે છે અને દરેક મહત્ત્વની બાબત વિષે થાણાપર ખબર આપે છે. દરેક પ્રાંતની પોલિસનો વડો Inspector General of Police કહેવાય છે અને તેના કામપર પ્રાંતિક સરકાર સામાન્ય દેખરેખ રાખે છે.

મોટા શહેરોની 'પોલિસ'

કલકત્તા, મુંબઈ અને મદ્રાસ જેવાં મોટાં શહેરો માટે ખાસ પોલિસ હોય છે અને તેનો ઉપરિ 'પોલિસ કમિશનર' કહેવાય છે. વ્યવસ્થા માટે શહેરના વિભાગો અને પેટા વિભાગો કરેલા હોય છે, અને તેમાંનો દરેક યોગ્ય અમલદારના તાબામાં હોય છે.

પોલિસની શાળા અને શિક્ષણ

પોલિસોને તેમની કવાયત અને બીજી જરૂરજોગી બાબતોનું શિક્ષણ તેમના હેડ-કવાર્ટર્સમાં અપાય છે. વળી પોલિસખાતામાં સબ-ઇન્સ્પેક્ટર અને તેથી ચઢતી બીજી જગ્યાઓ માટે લાયકાત મેળવવા નાશિક વગેરે સ્થળોમાં પોલિસનું શિક્ષણ આપનારી ખાસ શાળાઓ છે.

જેલ

દરેક જીલ્લાને મથકે એકેકી જેલ હોય છે. તે શિવાય પ્રાંતમાં યોગ્ય સ્થળોએ સેન્ટ્રલ જેલ પણ હોય છે. આખા પ્રાંતની બધી જેલોનો

ઉપરિ ઇન્સ્પેક્ટર જનરલ I. M. S. (Indian Medical Servant) હોય છે. દરેક જેલનો ઉપરી જેલર કહેવાય છે. તે કલેક્ટર અને સિવિલ સરજ્યનની સલાહનો અમલ કરે છે. સિવિલ સરજ્યન બધા કેદીઓની તંદુરસ્તી તરફ લક્ષ રાખે છે. જેલમાં ઘણી જાતના ઉદ્યોગો હોય છે, અને એ ઉદ્યોગોમાંથી સરકારને સારૂં ઉત્પન્ન મળે છે. ગોરા કેદીઓને કેદમાં હોય તોપણ જેલ અને ઘરમાં જરી પણ ફેર પડે નહિ એવી સગવડ મળે છે. પણ દેશી કેદીઓને માટે તો જેલનું દ્વાર અને નરકનું દ્વાર બંને સરખાંજ હોય છે.

'રેફર્મેટરી'

નાના છોકરાઓને માટે સુધારવાની શાળા (Reformatory) પૂના પાસે યરવડામાં છે. ત્યાં તે છોકરાઓને વધારેમાં વધારે ૧૮ વર્ષની ઉંમર થતાં સુધી રાખવામાં આવે છે, અને તેમને લખતાં, વાંચતાં, ગણતાં તેમજ કોઇ ઉદ્યોગ શીખવવામાં આવે છે.

પ્રકરણ ૮મું

નાણાંખાતું અને જમીનમહેસુલ

કંપની સરકાર વેપાર કરતી એટલે નાણાં કમાવવાનો ધંધો કરતી; આથી તેના અમલ દરમિયાન નાણાંખાતા જેવું કોઇ જુદું ખાતું ન હતું. પણ ઇ. સ. ૧૮૫૭ના બળવા પછી બ્રિટિશ રાજસભાએ હિંદના રાજ્યવહીવટની જુમ્મેદારી પોતાને માથે લઇ કંપનીને રાજ્યસત્તાના બોજામાંથી મુક્ત કરી. રાજ્યસભાએ હવે નાણાંખાતું જુદું અને વ્યવસ્થિત કરવાની જરૂર ધારી અને તેથી હિંદી સરકારના પહેલા

ખજાનચી તરીકે મી. જેમ્સ વિલ્સનની નીમણુંક કરવામાં આવી. મી. વિલ્સન મોટા નાણાંશાસ્ત્રી હોઇ તેણે પોતાનું કાર્ય ઘણી બાહોશીથી બજાવ્યું.

એકત્ર ખજાનો

આ વખતે હિંદી નાણાંખાતાનો વહીવટ એકત્ર હિંદુકુટુંબની રીતે ચાલતો હતો. બધા પ્રાંતોની આવક હિંદી સરકારને ત્યાં જમા થતી અને તે સઘળા પ્રાંતોને ખર્ચ માટે અમુક પ્રમાણમાં રકમ વહેંચી આપતી. આમાં જે પ્રાંત બહુ બૂમ મારતો તેને વધારે રકમ મળતી. આથી પ્રાંતોમાં ખરચાળ બની બૂમ મારવાની રીત થઇ પડી હતી.

પ્રાંતિક ગ્રાંટ અને ખાતાંઓ

પ્રાંતોની આ બિનજવાબદાર સ્થિતિ દૂર કરવાને ઇ. સ. ૧૮૭૧માં લૉર્ડ મેયોએ નીચેનાં ખાતાં પ્રાંતોને સોંપ્યાં:—કેળવણી; પોલિસ અને જેલ; જાહેર બાંધકામ; છાપખાનું; વૈદ્યકીયનો થોડો ભાગ અને રજીસ્ટ્રેશન. પ્રાંતોને આ ખાતાંઓમાંથી આવતી આવક અને તે ઉપરાંત પહેલેથી નક્કી કરેલી રકમ ગ્રાંટ તરીકે વડી સરકાર તરફથી આપવાનું ઠર્યું. આમાંથી પ્રાંતો કરકસર કરી જે કંઇ બચાવે તેનો તેમની મરજી પ્રમાણે ઉપયોગ કરવાની છૂટ હતી.

વિભાગી ખાતાંઓ

ઇ. સ. ૧૮૭૭માં લોર્ડ લીટને સુધારો કરી **ગ્રાંટ આપવાની પદ્ધતિ સદંતર બંધ કરી** તેને બદલે આવક આવે એવાં ખાતાં પ્રાંતોને સોંપ્યાં, અને સાથે ખર્ચાળ ખાતાં પણ થોડાં સોંપ્યાં. આવકનાં ખાતાંઓમાં પ્રાંતિક સરકારનો અમુક ભાગ ઠેરવ્યો હતો એટલે જો પ્રાંતિક સરકાર આવક વધારે તો બંનેને ફાયદો થાય એમ હતું.

ખાતાંની નવી વહેંચણી

પરંતુ સને ૧૮૮૨માં લોર્ડ રિપને મોટા ફેરફાર કરી પ્રાંતિક સરકાર જોડે નવેસરથી ખાતાંની વહેંચણી કરી, તે નીચે મુજબઃ—

ખાતાંનું વર્ગીકરણ

વડી સરકારને હસ્તક	પ્રાંતિક સરકારને હસ્તક	સહિયારાં અથવા વિભાગી
જકાત	કેળવણી	જમીનમહેસુલ
વ્યવહારનાં સાધનો	પોલિસ	આવકવેરો
લશ્કરી	ન્યાય	આબકારી
પરદેશીય સંબંધ	રજીસ્ટ્રેશન	જંગલ
હોમ ચાર્જીજ વગેરે	વગેરે	સ્ટેંપ

વડી અને પ્રાંતિક સરકારના નાણાંપ્રકરણમાં સપૂર્ણ જુદાઈ

સને ૧૯૧૯ ના કાયદાથી આ વિભાગી ખાતાંઓની પદ્ધતિ છોડી દેવામાં આવી છે. અને બીજાં ખાતાંઓ પેઠે એ પણ વડી અને પ્રાંતિક સરકાર વચ્ચે વહેંચાઇ ગયાં છે. પરંતુ આ વહેંચણીથી આવક-વાળાં ખાતાંઓનો મોટો ભાગ પ્રાંતોને હસ્તક જવાથી વડી સરકારને પોતાના ખર્ચ પૂરતી રકમ મળી રહેતી નથી. આથી મુંબઇ, મદ્રાસ, બંગાળા જેવા સારા પ્રાંતો વડી સરકારને અમુક રૂપીઆ દર વર્ષે આપે છે અને આ રકમને પ્રાંતિક ફાળાની રકમ કહે છે. આ ઉપરાંત પ્રાંતિક સરકારને વડી સરકારની સંમતિથી દેવું કરવાની સત્તા પણ મળી છે.

ખાતાંઓનું હાલનું વર્ગીકરણ

હાલમાં વડી અને પ્રાંતિક સરકારનાં ઉપજનાં સાધનો અને ખર્ચના વિષયો નીચે મુજબ છે.

ઉપજનાં સાધનો

વડી સરકાર	પ્રાંતિક સરકાર
ખંડણી	જમીનમહેસુલ
અફીણ; મીઠું	આબકારી
રેલવે; ટપાલ; તાર	સ્ટેમ્પ
જકાત; આવકવેરો	રજીસ્ટ્રેશન
લહેણાનું વ્યાજ	જંગલ
પ્રાંતિક ફાળાની રકમ વગેરે	વગેરે

ખર્ચના વિષયો

ઉપજ એકઠી કરવાનો ખર્ચ	પ્રાંતિક ફાળાઓ
	આબકારી
દેવાનું વ્યાજ	વહીવટી ખર્ચ
ટપાલ અને તાર અને રેલવે	પોલિસ; જેલ
વડી સરકારનો ખર્ચ	કેળવણી
લશ્કરનો ખર્ચ	ઇરીગેશન, જાહેર બાંધકામ
હોમ ચાર્જીઝ	દુકાળશમન
વગેરે	સુખાકારી વગેરે

'હોમચાર્જીઝ'

હિંદી સરકારને માટે ઇગ્લાંડમાં જે ખર્ચ થાય છે તેનો **હોમચાર્જીઝ**માં સમાવેશ થાય છે. આ ખર્ચ મુખ્યત્વે કરીને હિંદી હાઇ કમિશનર, તેના મદદનીશો અને તેમની ઑફીસોનો છે. તે ઉપરાંત નિવૃત્ત થયેલા બ્રિટિશ સનંદી નોકરોનું પેન્શન, ઇગ્લાંડમાં કરેલા હિંદી દેવાનું વ્યાજ વગેરે પણ આમાંજ ગણાય છે. આ હોમચાર્જીઝની રકમ હાલમાં આશરે ૩૦ કરોડ રૂપીઆની થવા જાય છે.

પ્રજાકીય દેવું

સરકારના દેવાની શરૂઆત કંપની સરકારથી થઈ છે. તે દેવાના પૈસા સરકારે પ્રજાના માણસો પાસેથી લઇને તેને સરકારનું દેવું મટાડી પ્રજાનું દેવું બનાવ્યું છે. સને ૧૯૨૩ના માર્ચની આખરે સરકારનું દેવું ૭૮૧ કરોડ રૂપીઆનું હતું. તેમાં ૨૨૪ કરોડ રૂપીઆનું દેવું રાજ્યકારભાર ચલાવવા અને લડાઇઓ કરવા માટે કરવું પડેલું છે, અને બાકીનું ૫૫૭ કરોડ રૂપીઆનું દેવું રેલવે, નહેર વગેરે પૈસા કમાનાર ખાતાંઓ માટે કરેલું છે.

જમીનમહેસુલ

હિંદની વસ્તીના ૮૫ ટકા ખેતી અને તેને લગતા ઉદ્યોગો ઉપર જીવન ગુજારે છે. આ ખેતીપ્રધાન દેશમાં જૂના જમાનામાં ઉત્પન્નનો

અમુક ભાગ રાજાનો ગણાતો અને તે પાકમાંજ લેવાતો. મુગલાઈના વખતમાં ટોડરમલે પાકને બદલે પૈસામાં તે ભાગ લેવાનું ઠરાવ્યું, અને તે માટે જમીન મપાઈ તેની જાત નક્કી કરવામાં આવી, અને અમુક વર્ષના પાકની સરાસરી લઈને તે મુજબ મહેસુલ નક્કી કરવામાં આવી. મુગલાઈના અંતમાં મોટા મોટા ઈજારદારો જમીન મહેસુલ ઉઘરાવતા અને તેમાંનો નક્કી કરેલો ભાગ સરકારમાં ભરતા. કંપની સરકારે બંગાળામાં આ રીત ચાલુ રાખી અને જમીનદારોએ હંમેશને માટે વાર્ષિક અમુક રકમ જમીન મહેસુલ તરીકે સરકારને આપવી એવું લૉર્ડ કૉર્નવાલીસે સને ૧૭૯૩માં નક્કી કર્યું. બંગાળામાં આ રીતે કાયમી જમાબંધી ચાલુ થઈ.

જમીનદારી અને રૈયતવારી મહેસુલપદ્ધતિ

ત્યાર પછી કંપનીના બીજા મુલકમા સંજોગોને અનુસરીને તાલુકદારી, મહાલવારી અને રૈયતવારી પદ્ધતિ દાખલ થઈ. મુંબઈ અને મદ્રાસ ઈલાકામાં ખાસ કરીને રૈયતવારી પદ્ધતિ છે. આમાં દરેક ખેડુતનું ખાતું સરકારને ચોપડે હોય છે, અને દરેક ખેડુત સરકારને મહેસુલ ભરે છે. આમ હિંદમાં જમીનદારી અને રૈયતવારી એવી બે મુખ્ય પદ્ધતિઓ છે. જમીનદારીમાં એક જમીનદાર મોટી જમીનવાળો ખેડુત છે, જે જમીન તે બીજા ખેડુતો પાસે ખેડાવે છે. રૈયતવારીમાં દરેક ખેડુત પોતાની જમીન ખેડે છે અને મહેસુલ માટે સરકારને જવાબદાર છે. **જમાબંધી** પણ બે પ્રકારની છે:–કાયમી અને મુદતબંધી. કાયમી જમાબંધી બંગાળામાંજ છે. બીજે બધે મુદતબંધી એટલે અમુક વર્ષ માટેજ હોય છે.

મહેસુલની વસુલાત

મહેસુલ ઉઘરાવવાનું કામ ગામના તલાટીનું મુખ્ય કામ ગણાય છે. જ્યારે સરકારના ધારવા પ્રમાણે ચાર આનીથી ઓછો પાક થાય ત્યારે મહેસુલ મુલતવી રખાય છે અને છ આની થયો હોય તો અર્ધું મહેસુલ મુલતવી રખાય છે. મુલતવી રહેલું મહેસુલ સારા વર્ષમાં વસુલ કરાય છે.

પ્રકરણ ૯મું

પ્રજોન્નતિકારક ખાતાંઓ

રાજ્યની સુવ્યવસ્થા અને પ્રજાની ઉન્નતિ એ બે રાજ્યવહીવટના વિશિષ્ટ ગુણો છે. આમાનાં વ્યવસ્થા જાળવવાને યોજાએલાં સાધનો આપણે જોઇ ગયાં. હવે ઉન્નિતકારક સાધનો જોઇશું. આ સાધનોમાં મુખ્યત્વે કરીને કેળવણીનો પ્રચાર, વ્યવસ્થિત દુકાળશમન; સુખાકારી અને જાહેર બાંધકામોનો સમાવેશ થાય છે.

હિંદી જાહેર શિક્ષણનો ઇતિહાસ

કેળવણી—અંગ્રેજો હિંદમાં આવ્યા ત્યારે પ્રાચીન જાહોજલાલી અને સંસ્કૃતિ સાથે હિંદની પ્રાચીન શિક્ષણપદ્ધતિ પણ લુપ્ત થવા આવી હતી. તક્ષશીલા અને કનોજનાં તો માત્ર નામજ રહ્યાં હતાં. આ વખતે ખ્રિસ્તી પાદરીઓએ પોતાના ધર્મના ફેલાવા માટે ચોપડીઓ છાપવાનું પહેલવહેલું શરૂ કર્યું. લીટી શિવાયના ગુજરાતી અક્ષરો છાપવાનું અને લખવાનું તેમને આભારી છે. એટલે પાદરીઓએજ હાલની કેળવણીની શરૂઆત કરી એમ નિઃશંકપણે કહેવું જોઇએ. સને ૧૮૧૩માં કંપની સરકારે કેળવણી ખાતર વાર્ષિક ૧ લાખ રૂપીઆ ખરચવાનું નક્કી કર્યું અને તે મુજબ ફારસી તેમજ સંસ્કૃત શીખવવાની શાળાઓ સ્થાપી. પરંતુ **સને ૧૮૩૫માં લોર્ડ મેકોલેએ** તેનો પ્રખ્યાત ખરીતો લખી બ્રિટિશ હિંદમાં સરકારી શાળાઓમાં પાશ્ચાત્ય સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન અંગ્રેજી ભાષાદ્વારા આપવાનો કાયદો પસાર કરાવ્યો. વળી કંપની સરકારે અંગ્રેજી ભણેલા હિંદીઓને નોકરીમાં લેવાનું ઠરાવ્યાથી અંગ્રેજી તરફ અભિરુચિ વધવા લાગી. પણ આ કેળવણીનો લાભ ફક્ત ઉંચ કોમો લેતી હતી તેથી **સને ૧૮૫૪માં સર ચાર્લ્સ વુડે** તેના જાણીતા સંદેશાથી લૉર્ડ ડેલહાઉસીને હિંદની સઘળી પ્રજાને કેળવણી આપવાનો પ્રયાસ કરવાનું જણાવ્યું. આથી

જાહેર શિક્ષણખાતાની સ્થાપના થઈ અને કૉલેજ, અને માધ્યમિક તથા પ્રાથમિક શાળાઓ ખોલવામાં આવી. વધુમાં **લૉર્ડ કૅનિંગે સને ૧૮૫૭માં** મુંબઈ, મદ્રાસ અને કલકત્તાની યુનિવર્સિટીઓ સ્થાપી અને તે પછી થોડા વખતમાં અલ્હાબાદ અને પંજાબમાં પણ સ્થપાઈ. ત્યારપછી **સને ૧૯૦૪માં લૉર્ડ કર્ઝને હિંદી યુનિવર્સિટીઓનો કાયદો** પસાર કર્યો. આ કાયદાથી સરકારનો જાપતો વધ્યો અને યુનિવર્સિટીની સૅનેટમાં પ્રજા કરતાં સરકારના પ્રતિનિધિઓ ઘણી વધારે સંખ્યામાં નીમવામાં આવ્યા.

સને ૧૯૧૭માં કલકત્તા યુનિવર્સિટીનાં કાર્ય અને બંધારણમાં સુધારા સૂચવવા **સર માઈકલ સૅડલર**ના અધ્યક્ષપણા નીચે એક કમિશન નીમવામાં આવ્યું હતું અને તેણે યુનિવર્સિટીના શિક્ષણની વ્યવસ્થા તેમજ પદ્ધતિમાં મોટા સુધારા કરવાની ભલામણ કરી હતી. **સને ૧૯૧૯ના સુધારાથી** કેટલાક અપવાદ સાથે કેળવણીના વિષયને પ્રધાનોને સુપ્રત કરવામાં આવ્યો છે. વળી **સને ૧૯૨૪માં** મુંબઈ સરકારે **મુંબઇ યુનિવર્સિટી**નાં બંધારણ અને શિક્ષણ પદ્ધતિમાં સુધારા સૂચવવાને **સર ચીમનલાલ સેતલવાડ**ના પ્રમુખપણા નીચે એક કમિટિ નીમી હતી અને તેણે હાલમાંજ પોતાનો રિપોર્ટ બહાર પાડયો છે. તેમાં ભાષાવાર યુનિવર્સિટીઓ સ્થાપવાનો સવાલ ખાસ ચર્ચાયો છે.

હિંદુસ્તાનમાં જાહેર શિક્ષણના નીચે મુજબ વિભાગો પાડવામાં આવ્યા છેઃ—

૧. પ્રાથમિક ૨. માધ્યમિક ૩. યુનિવર્સિટીનું ૪. હુન્નર અને ઔદ્યોગિક અને ૫. જુદા જુદા ધંધાઓનું શિક્ષણ ૬. સ્ત્રી કેળવણી ૭. અમુક ખાસ કોમોની કેળવણી

પ્રાથમિકશાળા

પ્રાથમિક શિક્ષણ એ આમવર્ગને કેળવવા માટે છે. આ શિક્ષણને ફરજીઆત તેમજ મફત કરવાના પ્રયત્નો થાય છે, અને તદનુસાર ફરજીઆત પ્રાથમિક કેળવણીના કાયદા પણ પસાર થાય છે.

પ્રાથમિક શાળાઓ મ્યુનિસિપાલિટી અથવા લોકલ બોર્ડને હસ્તક ચાલે છે અને તેમાં વાચન, લેખન, અને ગણિત સિવાય ઇતિહાસ ભૂગોળ જેવા સામાન્ય વિષયો પણ માતૃભાષામાં શીખવાય છે.

માધ્યમિકશાળા

માધ્યમિકશાળાઓમાં એક ઉપર એક એમ સાત વર્ગો પાડીને છેવટે મેટ્રિક અને સ્કુલ લીવીંગની પરીક્ષા, જે યુનિવર્સિટી તરફથી લેવાય છે તેમાં બેસવા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. આ શાળાઓ સરકારી તેમજ ખાનગી હોય છે અને તેમાં વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન વિષયોનું સામાન્ય જ્ઞાન મળે છે.

કૉલેજ

મેટ્રીક પછી વધુ અભ્યાસને માટે કૉલેજ હોય છે. કૉલેજો સરકારી તેમજ ખાનગી હોય છે અને તે સઘળી અમુક યુનિવર્સિટી સાથે સંબંધ રાખે છે. કૉલેજનો અભ્યાસક્રમ ચારથી છ વર્ષ સુધી પહોંચે છે અને તેમાં ગણિત, સાહિત્ય અને વિજ્ઞાન; ઇતિહાસ અને અર્થશાસ્ત્ર; તર્કશાસ્ત્ર અને ફીલસુફી સામાન્ય રીતે શીખવાય છે. આ સિવાય વૈદકીય; હુન્નર-ઔદ્યોગિક, ખેતીવાડી વિષયક; વ્યાપારી; કાયદાની અને શિક્ષણશાસ્ત્રની કેળવણી માટે ખાસ કૉલેજો છે.

યુનિવર્સિટી

હિંદુસ્તાનમાં હાલમાં લગભગ ૨૦ યુનિવર્સિટીઓ છે. તેમાંની સરકાર પર એક યા બીજી રીતે આધાર રાખતી નીચે પ્રમાણે:—

કલકત્તા, મુંબઇ, મદ્રાસ, અલ્હાબાદ અને પંજાબની યુનિવર્સિટીએ અસલ પર ચાલે છે. જ્યારે પટણા, ઢાકા, રંગુન, લખનૌ, દિલ્હી; નાગપુર અને હાલમાં સ્થપાયેલી આંધ્ર યુનિવર્સિટી, યુરોપની રેસીડેન્શ્યલ યુનિવર્સિટીની પદ્ધતિપર ચાલે છે. આ ઉપરાંત કાશીમાં હિંદુધર્મનું ખાસ શિક્ષણ આપતી હિંદુ-યુનિવર્સિટી, અલીગઢમાં મુસ્લીમ ધર્મનું ખાસ શિક્ષણ આપતી મુસ્લીમ યુનિવર્સિટી; મ્હૈસૂર રાજ્યની મ્હૈસૂર યુનિવર્સિટી; અને નિઝામ સરકારની હૈદરાબાદમાં ઓસમાનીઆ યુનિવર્સિટી છે.

૨. લોકોનાજ પ્રયાસથી થયેલ અને તેમનીજ મદદથી ચાલતી નીચે પ્રમાણે:–

ડૉ. ટાગોરની વિશ્વભારતી; હરદ્વાર ગુરુકુળ; પ્રો. કર્વેની પૂનામાં સ્થપાયેલી હિંદી સ્ત્રીઓની વિદ્યાપીઠ અને અમદાવાદમાં અસહકારને અંગે સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠ.

કાર્ય

માધ્યમિક શાળાની છેવટની અને કૉલેજની લગભગ બધીજ પરીક્ષાઓ યુનિવર્સિટી તરફથી લેવાય છે, અને કૉલેજનો અભ્યાસક્રમ પૂરો કરનાર ફત્તેહમંદ વિદ્યાર્થીઓને તેમના વિષયની પદવી આપે છે. આ ઉપરાંત યુનિવર્સિટીઓ અમુક વિષયોમાં ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પણ આપે છે.

સ્ત્રી-કેળવણી

સ્ત્રી-કેળવણી તરફ સરકાર ખાસ ધ્યાન આપે છે. હાલમાં સ્ત્રી-વકીલ,-ડાક્ટર વગેરે ઠીક પ્રમાણમાં જોવામાં આવે છે. સ્ત્રી-શિક્ષકો અને નર્સો પણ ઘણી હોય છે. વળી સેવાસદન, વનિતાવિશ્રામ, વગેરે ખાનગી સંસ્થાઓ પણ એજ દિશામાં કામ કરી રહી છે.

ખાસ કોમોની કેળવણી

વળી યુરોપીઅનો, પછાત વર્ગો (જેમાં મુસ્લીમ, હિંદી-ખ્રિસ્તી, અને કેટલીક હિંદુ કોમો આવી જાય છે) અને અત્યંજ વર્ગની કેળવણી માટે પણ ખાસ સ્કૉલરશીપો અને બીજી સગવડો આપીને સરકાર ઘણો પ્રયત્ન કરે છે.

રાજકુમાર કૉલેજ

આ ઉપરાંત અજમેર, લાહોર અને ઇંદોરમાં દેશી રાજકુમારોને તેમને લાયક કેળવણી આપવાને ખાસ કૉલેજો સ્થાપવામાં આવી છે. જો કે સરકાર ધાર્મિક બાબતોમાં વચ્ચે પડતી નથી તો પણ શાળાઓમાં નૈતિક શિક્ષણપર ખાસ ધ્યાન અપાય છે.

કેળવણી ખાતું

આગળ જણાવી ગયા તે મુજબ જાહેર કેળવણી પ્રાંતિક વિષય હોઈ તેનો વહીવટ પ્રધાન કરે છે. **કેળવણી ખાતાનો** ઉપરી 'ડાયરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન' કહેવાય છે અને તેના હાથ નીચે ઇન્સ્પેક્ટરો, ડેપ્યુટીઓ, શિક્ષકો વગેરે હોય છે. કેળવણી ખાતાની નોકરીમાં એક-એકથી ચઢતી એમ ત્રણ ગ્રેડ હોય છે. સૌથી ઉંચી આઈ. ઇ. એસ (Indian Educational Service) જેમાં મોટા પ્રમાણમાં યુરોપીઅનોની નીમણુંક થાય છે. ત્યાર પછી પ્રાંતિક નોકરી અને સૌથી નીચી 'સબૉર્ડીનેટ સર્વિસ' કહેવાય છે. આ સર્વેની ઉપર વાઇસરોયની કારોબારી સભાનો કેળવણીના વિષયનો સભાસદ દેખરેખ રાખે છે.

વ્યવસ્થિત દુકાળશમન—એંશી ટકા જેટલા હિંદીઓ એકલી ખેતી ઉપર જીવે છે અને ખેતીનો આધાર વરસાદ ઉપર હોવાથી હિંદી સરકારના બજેટને કેટલીક વાર વરસાદ પર રમાયલો સટ્ટો કહેવામાં આવે છે. આજ કારણથી હિંદુસ્તાનમાં દુકાળનો સંભવ ઝાઝો છે. વળી સામાન્ય ગરીબાઈ અને રોગથી હિંદના દુકાળો વધુ નાશકારક હોય છે. પરિણામે દુકાળશમનનું કામ તે હિંદી સરકારની ખાસ ફરજ થઇ પડે છે, અને તેથી **સને ૧૮૭૮ થી દર સાલ દોઢ કરોડ રૂપીઆ દુકાળશમનફંડ** ખાતે કાઢવામાં આવે છે. જે પ્રદેશમાં દુકાળ પડયો હોય ત્યાંનાં લોકોનું દુ:ખ ઓછું કરવામાં તે રકમ વપરાય છે. દુકાળશમન માટે સરકાર ઘણી રીતે કામ કરે છે.

દુકાળ શમનના ઉપાયો

આ કામોના મુખ્ય બે વિભાગ પાડી શકાય (૧) દુકાળ અટકાવ-નારાં કાર્યો (૨) દુકાળના સમયમાં લોકોને રાહત આપનારાં કાર્યો.

પહેલા વિભાગમાં નીચેનાં કાર્યોનો સમાવેશ થાય છે.

(૧) વરસાદ ન પડે તો નહેરનાં પાણીથી પાક થઇ શકે એ હેતુથી નહેરો ખોદાવાય છે અને સુકાળવાળા પ્રદેશમાંથી દુકાળવાળા પ્રદેશમાં અનાજ લાવી શકાય એટલા માટે રેલવે બંધાવાય છે.

(૨) ખેડુતોની **'સહકારી પેઢીઓ'** કાઢવામાં આવે છે જેમાંથી તેમને વખતોવખત મદદ મળી શકે છે.

(૩) ખેતીવાડી ખાતાદ્વારા ખેતીનો સુધારો કરવા અને ઢોરોની જાત સુધારવા **'મૉડેલ ફાર્મ્સ'** ઠેકઠેકાણે કાઢવામાં આવ્યાં છે અને તેને લગતી શોધખોળ કરવા માટે પુસા (બિહાર)માં સરકાર એક સંસ્થા ચલાવે છે.

(૪) એ ઉપરાંત **જંગલખાતું** વરસાદ જતો ન રહે એ હેતુથી જંગલોનું રક્ષણ કરે છે. વળી સરકારને તેમાંથી દર વર્ષે નિયમિત રીતે સારું ઉત્પન્ન મળે છે.

બીજા વિભાગમાં નીચેના કાર્યોનો સમાવેશ થાય છે.

(૧) દુકાળવાળા પ્રદેશમાં તળાવો ખોદવાનું, રસ્તાઓ બાંધવાનું, રેલવે બાંધવાનું કામ કરાવાય છે અને મજુરી પેટે ખાવાનું ખરીદાય એટલા પૈસા આપવામાં આવે છે.

(૨) અપંગ અને બાળકો માટે રસોડાં ખોલી ત્યાં ખાવાનું મફત અપાય છે. પડદે રહેનાર સ્ત્રીઓને તેમજ ઉંચા કુટુંબના માણસોને અનાજ ગુપ્તદાન તરીકે અપાય છે.

(૩) ખેડુતોને ખેતી કરવા શક્તિમાન થવા માટે **તગાવી** તરીકે પૈસા આપવામાં આવે છે; પરંતુ આ રકમ ઠરાવેલે હપ્તે સરકારને પાછી ભરવાની હોય છે.

(૪) વળી જમીનમહેસુલ મુલતવી અથવા માફ કરવામાં આવે છે. મુલતવી રહેલી મહેસુલ પાક સારો હોય તો બીજે વર્ષે વસુલ થાય છે નહિતો પછી તે માફ થાય છે.

જાહેર સુખાકારી

આયુર્વેદિક અને યુનાની દવાઓ, વૈદ્ય અને હકીમો પ્રજામાં હતાંજ. આરોગ્યના નિયમો પણ પ્રજાના જીવનમાં ઉતરેલા હતા. પણ વચ્ચે એવો સમય આવ્યો કે પ્રજા અજ્ઞાનના અંધારામાં ડુબી, અને પરિણામે

બ્રિટિશ રાજ્યની શરૂઆતમાં દેશમાં અવ્યવસ્થા ઘણી હતી. પ્રજાના સુખ ને આબાદીને માટે વૈદ્યક અને સુધરાઈ ખાતાની સમાન્ય રીતે જરૂર છે અને તેમાં હિંદુસ્તાન જેવા દેશ જ્યાં શહેરોની ગંદકી કેટલીક વખત અસહ્ય થઈ પડે છે ત્યાં સરકારને સુખાકારી પાછળ ઘણો ખર્ચ કરવો પડે તો તેમાં નવાઇ જેવું કાંઈ નથી. સુખાકારી ખાતાના બે વિભાગો પડે છે–(૧) જે રોગને અટકાવવાને પ્રયત્ન કરે છે તેને આરોગ્ય વિભાગ કહે છે અને (૨) જે રોગ મટાડવાને પ્રયત્ન કરે છે તે વૈદકીય વિભાગ કહેવાય છે.

આરોગ્યખાતું અને તેનો હેતુ

લોકોની દરિદ્રતા અને સામાન્ય અજ્ઞાન, શહેરોની ખીચોખીચ વસ્તી, ગટરોની અવ્યવસ્થા અને પોતાની અને પોતાના કુટુંબની તંદુરસ્તી સાચવવા તરફ આમવર્ગની દુઃખદાયક બેદરકારી- આ સર્વ તરફ નજર કરતાં હિંદુસ્તાનમાં આરોગ્યનો વિષય પાશ્ચાત્ય દેશો કરતાં વધુ મહત્ત્વનો ગણાવો જોઇએ અને ગણાય પણ છે. બધા રોગોનું મૂળ કારણ અસ્વચ્છતા છે. ગટરોમાં ગંધાતાં પાણી ભરાઇ રહે, બજારની ગંદકી વધે, શેરીને નાકે કચરાના ઢગલા વધતા જાય, ટાંકી અથવા કુવાની આજુબાજુ ગંદકી થાય, દારૂનો પ્રચાર વધતો જાય, બજારમાં કોહી ગયલી વસ્તુઓ વેચાય અને તે ખરીદી ખાવામાં વપરાય—આ સૌ પ્રજાને રોગી બનાવનારાં કારણો છે, કારણકે એવી જગ્યાઓમાંથી ઉત્પન્ન થતાં મચ્છર વગેરે જંતુઓ કૉલેરા, પ્લેગ, ક્ષય વગેરે પ્રાણહારક રોગ પેદા કરે છે.

તેનું બંધારણ

આ બધું દૂર કરવાને સરકાર તરફથી આરોગ્ય ખાતું ખોલવામાં આવ્યું છે. એ ખાતાનો ઉપરિ હિંદી સરકારનો સેનીટરી કમિશનર કહેવાય છે. એના હાથ નીચે દરેક પ્રાંતનાં સેનીટરી ખાતાંઓ એક સેનીટરી બોર્ડના અંકુશ હેઠળ હોય છે. પ્રાંતિક ખાતાંઓના, જીલ્લાબોર્ડના કાબુ હેઠળ જીલ્લાવાર, અને તેના પછી લોકલબોર્ડની દેખરેખ નીચે તાલુકાવાર પેટા-

વિભાગો પાડવામાં આવ્યા છે. શહેરની આરોગ્યતા વિષે મ્યુનિ. એ જોવાનું હોવાથી, તેના તરફથી એક ખાસ 'હેલ્થ ઑફીસર'ની નીમણુંક થાય છે.

વૈદ્યકીય ખાતું અને તેનું કાર્ય

વૈદ્યકીય ખાતાનો ઉદ્દેશ-રોગ મટાડવાને માટે સરકારે આ ખાતું ખોલ્યું છે. આ ખાતાની દેખરેખ હેઠળ સરકારી ઇસ્પિતાલો, દવાખાનાંઓ અને ગાંડાની ઇસ્પિતાલો ખોલવામાં આવી છે. વળી શીતળાની રસી કાઢવાનું અને વહાણોપરની સુખાકારી જોવાનું કામ પણ આજ ખાતું કરે છે. સ્ત્રીઓ માટે સ્ત્રી-ડાક્ટરોની દેખરેખ હેઠળ બૈરાંની ઇસ્પિતાલ પણ હોય છે. સ્ત્રીઓને **વૈદ્યકીય જ્ઞાન** આપવાને દિલ્હીમાં **લેડી હાર્ડિંજ વૈદ્યકીય કૉલેજ** ખોલવામાં આવી છે. એ ઉપરાંત **કાઉન્ટેસ ડફરીનના** પ્રયાસથી સને ૧૮૮૫ માં ઉભી થયલી **'નેશનલ એસોસીએશન'** સ્ત્રીઓને ડાક્ટરી, નર્સની અને મીડ વાઇફ્રીની કેળવણી આપવાનું સ્તુત્ય કામ કરે છે. સરકારે કેટલાંક ફરતાં દવાખાનાં પણ રાખ્યાં છે જે ગામે ગામ ફરીને લોકોને દવા આપે છે. વળી કેટલાક ભયંકર રોગોના અભ્યાસ માટે સરકાર શોધખોળની સંસ્થાઓ પણ ચલાવે છે.

વૈદ્યકીય ખાતાનું બંધારણ-એ ખાતાનો ઉપરિ હિંદી સરકારનો ડાયરેક્ટર-જનરલ ઓફ I. M. S. કહેવાય છે. એના હાથ નીચે પ્રાંતિક વૈદ્યકીય ખાતાંઓ છે. આ પ્રાંતિક ખાતાંઓના પાછા જીલ્લાવાર પેટાવિભાગો પાડવામાં આવ્યા છે. પ્રાંતમાંની સિવિલ-ઇસ્પિતાલોનો ઉપરિ ઇન્સ્પેકટર-જનરલ અથવા સર્જ્યન-જનરલ કહેવાય છે. જીલ્લાની ઇસ્પિતાલનો મુખ્ય ડાક્ટર સિવિલ સરજ્યન કહેવાય છે. નાનાં દવાખાનાંઓમાં આસિસ્ટંટ અને સબ આસિસ્ટંટ સરજ્યનો નીમાય છે. લશ્કરને માટે એક ખાસ વૈદ્યકીય ખાતું છે. વૈદ્યકીય અમલદારોની પણ એકથી ચઢતી એક એમ ત્રણ પંક્તિઓ છે. સૌથી ચઢતી પંક્તિના અમલદારોને આઈ. એમ. એસ. (Indian Medical Servants) કહે છે. ત્યાર પછી સિવિલ અને લશ્કરી આસિસ્ટંટ સરજ્યનો આવે છે, અને તેથી ઉતરતા હોસ્પિટલ-આસિસ્ટંટ (S. A. S.) કહેવાય છે.

જાહેર બાંધકામ

આ કામ પહેલવહેલું લૉર્ડ દલહાઉસીએ શરૂ કર્યું હતું. તે વખતે એ ખાતાનું મુખ્ય કામ નહેરો અને કુવાઓ ખોદવા, પૂલો બાંધવા વગેરે હતું. પહેલાં તો રેલ્વે ઉપર પણ આજ ખાતું દેખરેખ રાખતું. પરંતુ હવે રેલવેનો વહીવટ એક જુદી બોર્ડજ કરે છે; અને જાહેર બાંધકામખાતાના ઇરીગેશન એટલે નહેરો ખોદવી, રસ્તા અને જાહેર મકાન બાંધવા, તારના થાંભલાઓ દાટવા અને પૂલ બનાવવા, અને બંદરો બાંધવા વગેરે કામો માટે વિભાગો પાડવામાં આવ્યા છે. આ ખાતાનું કામ નીચેના આંકડાપરથી સ્પષ્ટથશે.

સાલ	રેલ્વે લાઇન માઇલ	નહેરોનાં પાણીથી ખેડાતી જમીન	તારના થાંભલાનો વિસ્તાર	ને તારઑફીસો
૧૮૫૭	૩૦૦	૧,૫૦૦,૦૦૦	૩૦૦૦	થોડીક
૧૯૨૦	૩૨,૦૦૦	૪૬,૦૦૦,૦૦૦	૩૦૦,૦૦૦	૭૮૦ લગભગ

રેલવે ખાતુ

રેલ્વેનું કામ વધી પડવાથી સને ૧૯૦૫માં તેને માટે એક પ્રમુખ અને બે સભ્યો મળી ત્રણ ગૃહસ્થોની એક **રેલવે બોર્ડ** નીમવામાં આવી. વળી **વેપાર અને ઉદ્યોગનું નવું ખાતું** ખોલી રેલવે બોર્ડને એ ખાતાના ઉપરીની દેખરેખ હેઠળ મૂકવામાં આવી. દરેક રેલવેનો ઉપરી એજંટ કહેવાય છે અને તેના હાથ નીચે ટ્રાફીક મેનેજર. ચીફ એન્જીનીઅર અને બીજા ઘણાએક અમલદારો હોય છે. કેટલીક રેલ્વેનો વહીવટ સરકાર કરે છે જ્યારે બીજી ખાનગી કંપનીઓના વહીવટમાં છે.

જાહેરબાંધકામખાતુ

જાહેરબાંધકામના વહીવટ માટે દરેક પ્રાંતને સર્કલોમાં વહેંચી નાંખવામાં આવ્યો છે, અને સર્કલોના પાછા જીલ્લાવાર વિભાગો પાડેલા છે. દરેક જીલ્લા વિભાગનો ઉપરિ એક્ઝીક્યુટીવ એન્જીનીઅર કહેવાય છે. દરેક સર્કલ માટે સુપરીન્ટેન્ડીંગ એન્જીનીઅર અને પ્રાંત માટે ચીફ એન્જીનીઅર હોય છે. જાહેરબાંધકામનો વિષય પ્રાંતિક થવાથી આ ચીફ એન્જીનીઅરો ઉપર વાઈસરોયની કારોબારી સભાનો ખેતીવાડી અને રેવન્યુ ખાતાનો સભાસદ ફક્ત સામાન્ય દેખરેખ રાખે છે.

પ્રકરણ–૧૦ મું
દેશી રાજ્યો

હિંદુસ્તાનની એકત્રીશ કરોડની વસ્તીમાંથી સાત કરોડ બ્રિટિશ હિન્દની પ્રજા નથી. આ લોકો દેશી રાજ્યોના રહીશ છે. દેશી રાજ્યો અંગ્રેજ સરકારના રક્ષણ હેઠળ છે પરંતુ તેમના વહીવટ હેઠળ નથી. દેશી રાજાઓ ત્યાંના રાજ્યકર્તા છે અને તેઓ બ્રિટિશ સરકારના કાબુમાં છે.

દેશી રાજ્યોનું વર્ગીકરણ

દેશી રાજ્યોને તેમનો સર્વોપરિ બ્રિટિશ સરકાર સાથેનો સંબંધ જોતાં ત્રણ વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યાં છે. (૧) જેઓ વાઇસરોયની સાથે સીધો વ્યવહાર ચલાવે છે; જેવાં કે વડોદરા, નિઝામ, મ્હૈસૂર, કાશ્મીર અને નેપાળ. (૨) જેમાંનાં થોડાં થોડાં એકઠાં કરી તેમની એજન્સી બનાવી દરેક એજન્સી માટે એક એજન્ટ–ટુ–ધી ગવર્નર જનરલ નીમી તેની મારફતે હિંદી સરકાર સાથે વ્યવહાર ચાલે છે. આવી એજન્સીઓઃ–(૧) મધ્યહિંદ એજન્સીમાં ગ્વાલીઅર, ઇંદોર, ભોપાળ વગેરે (૨) રજપૂતાના એજન્સીમાં ઉદેપુર, જયપુર, જોધપુર, બીકાનેર વગેરે. (૩) બલુચીસ્તાન એજન્સીમાં ખેલાત અને લાસબેલા (૪) જેઓ પ્રાંતિક સરકારના તાબામાં છે અને વાઇસરોયની સાથે સીધો સબંધ ધરાવતાં નથી; આમાં મુંબઇના ગવર્નરના તાબામાં કોલ્હાપુર, કચ્છ વગેરે; મદ્રાસ વગર્નરના તાબામાં કોચીન, ત્રાવણકોર વગેરે; બંગાળાના ગવર્નરના તાબામાં કુચબિહાર, સીક્કીમ વગેરે; આ સિવાય તેમને માટે કેટલી તોપોનું માન નક્કી કરવામાં આવેલું છે એ સંખ્યા ઉપરથી પણ દેશી રાજ્યોના વિભાગ પડી શકે.

દેશી રાજાઓની સત્તા અને તેમનો બ્રિટિશ સરકાર સાથેનો સંબંધ

(૧) કોઇ પણ દેશી રાજ્ય બ્રિટિશ સરકારની સંમતિ વિના પરરાજ્ય સાથે કોઇ પણ જાતનો સંબંધ રાખી શકે નહિ. (૨) દેશી રાજ્યો માંહોમાંહે પણ સીધો વ્યવહાર રાખી શકે નહિ. તેમણે બ્રિટિશ અમલદાર મારફત નિયમાનુસાર સંબંધ રાખવો જોઇએ. (૩) જો કોઈ

દેશી રાજ્યમાં અન્યાય અને અત્યાચાર એટલો વધી પડયો હોય કે તેથી અરાજકતા અથવા બળવાનો ભય રહે તો બ્રિટિશ સરકાર આંતરિક વહીવટમાં પણ વચ્ચે પડી શકે છે અને જરૂર પડે તો તે રાજ્યનો વહીવટ પણ થોડા વખત માટે પોતાના હાથમાં લઈ શકે છે. આ બાબતમાં મલ્હારરાવ ગાયકવાડનો દાખલો નોંધવા જેવો છે અને ઈંદોર નરેશનો દાખલો તો તાજેજ છે. (૪) બ્રિટિશ રાજ્યની કે પરદેશી પ્રજા દેશી રાજ્યમાં વસે તો તેના રક્ષણનું કામ બ્રિટિશ સરકારનું છે. તેમજ દેશી રાજ્યની પ્રજા બ્રિટિશ રાજ્યમાં ગઇ હોય તો તે સંબંધી પણ બ્રિટિશ સરકાર જુએ છે, અને દેશી રાજ્યની પ્રજા દેશપરદેશ જાય તો ત્યાં બ્રિટિશ પ્રજા તરીકે ગણી બ્રિટિશ સરકાર તેમના તરફ લક્ષ આપે છે. (૫) બ્રિટિશ સરકાર ઉપર આફત હોય ત્યારે દેશી રાજાઓએ તેમના લશ્કરની મદદ આપવી પડે છે. આ પ્રમાણે દરેક દેશી રાજ્ય પોતાના આંતરિક વહીવટ માટે સ્વતંત્ર છે અને બહારના સ્વરૂપમાં તે બ્રિટિશ સરકારના છત્ર નીચે છે.

નરેંદ્રમંડળ–સને ૧૯૧૯ના કાયદાથી એક નરેંદ્રમંડળ યોજવામાં આવ્યું છે. અગિયાર અને તેથી વધુ તોપોનું માન ધરાવતા સર્વે દેશી રાજાઓને તેમાં બેસવાનો હક છે અને બીજાઓ પોતાના અમુક પ્રતિનિધિ મોકલે છે. દેશી રાજ્યો વિચારની પરસ્પર આપ લે કરે, તેઓના સૌના હિતના વિષયમાં એકત્રિતપણે વિચાર કરે એવો આ મંડળ રચવાનો હેતુ છે. વળી આથી બ્રિટિશ સરકારને પણ દેશી રાજાઓની સગીર ઉમરમાં રાજ્યવહીવટ ચલાવવા સંબંધમાં ઉત્પન્ન થતા તકરારી મુદ્દાઓનું નિરાકરણ કરવાનું કામ સુલભ થયું છે. હાલમાં ઈંદોર નરેશની સામે વાઇસરોય લૉર્ડ રેડીંગે જે પગલાં લીધાં તે બાબતમાં તેણે આ મંડળ સાથે કલાકો સુધી ગુફતગો કરી હતી. વાઇસરોય પોતે આ મંડળનો પ્રમુખ છે. તે મંડળને વર્ષમાં એક વખત બોલાવે છે અને ત્યારે તેણે મંજુર કરેલાં કામો ત્યાં ચર્ચાય છે. પરંતુ આ મંડળનું બંધારણ હજુ કાયમી થયું નથી અને તેથી હાલમાં તો તે એક સુવ્યવસ્થિત સભા કરતાં ખાનગી સલાહકારક મંડળીને વધારે મળતું છે.

પરિશિષ્ટ

રાજકાર્યના વિષયો

મધ્યવર્તી

પરદેશીય અથવા રાજકીયખાતું વાઇસરોયનું

1. પરદેશીય સંબંધ
2. સરહદપરની જાતો સાથેનો સંબંધ
3. દેશીરાજ્યો સાથેનો
4. અજમેર–મેરવાડા, વાયવ્ય સરહદનો પ્રાંત બ્રિટિશ બલુચિસ્તાનનો વહીવટ વગેરે.
5. દેશીરાજ્યોનું લશ્કર, રાજકુમારોની કૉલેજો વગેરેની દેખરેખ

સ્વદેશખાતું

1. રાજદ્વારી બાબતો
2. જેલ અને પોલિસ (હિંદી)
3. આન્દામાનનો વહીવટ
4. I. C. S.

પ્રાંતિક (મુંબઈ)

અનામત

સ્વદેશ ખાતું

1. ન્યાય
2. પોલિસ ને જેલ
3. રેલવે પોલિસ
4. યુરોપિયનોનું શિક્ષણ
5. પ્રાંતિક નોકરી

નાણાં ખાતું

1. સ્ટૅંપ
2. દેવું
3. ઑડીટ

મહેસુલ ખાતું

1. જમીનમહેસુલ
2. દુકાળશમન

સુપ્રત (પ્રધાનો)

સ્થાનિક સ્વરાજ્ય ખાતું

1. સ્થાનિક સ્વરાજ્ય
2. જાહેર બાંધકામ

કેળવણી ખાતું

1. વૈદ્યકીય
2. યુનિવર્સિટી અને જાહેર કેળવણી
3. ઉદ્યોગ

જંગલ અને આબકારી ખાતું

1. જંગલોની દેખરેખ
2. આબકારી

१. ખીલવણીખાતું } સામાન્ય સભ્ય.

१. પોસ્ટ, ટેલીગ્રાફ, ટેલીફોન
૨. રેલવે અને જળમાર્ગો
૩. વ્યાપાર, બેંક અને વીમો
૪. દીવાદાંડી અને બંદરો

} રેલવે અને વ્યાપાર ખાતું

१. હુન્નર ઉદ્યોગને લગતી માહિતીનો ફેલાવો
૨. સ્ટોર
૩. ખાણો અને ખનીજપદાર્થો
૪. મજૂર વર્ગની દેખરેખ

} હુન્નર ઉદ્યોગ અને મજૂરવર્ગને માટેનું ખાતું

१. જકાત (આયાત અને નિકાસ)
૨. દેશી કાપડપર જકાત
૩. આવક વેરો
૪. મીઠું અને અફીણ
૫. ટંકશાળ અને શરાફી વટાવનો દર
૬. પ્રજાકીય દેવું
૭. સેવિંગ્સ બેંક
૮. ખંડણી

} નાણાં ખાતું

૧. હિંદુ યુનિવર્સિટી ૨. I. M. S. (બિનલશ્કરી) ૩. ખેતીવાડીની શોધખોળ ૪. I. E. S.	કેળવણી, સુખાકારી અને ખેતીવાડી ખાતું (હિંદી)

૧. હિંદનું લશ્કર ૨. „ નૌકા સૈન્ય ૩. „ હવાઈ „ ૪. તેમને લગતાં કારખાનાં અને જગ્યાઓ ૫. I. M. S. (લશ્કરી)	લશ્કરી ખાતું

૧. કાયદા ઘડવા ૨. કાયદાની સલાહ	ધારા ખાતું (હિંદી)

અનુક્રમણિકા

ખંડ ત્રીજો

ભાગ ૬ ઠ્ઠો

ભાગ ૭ મો.

સુરત ચઉટાના પુલ ઉપર આવેલા "શંકર" પ્રીન્ટીંગ પ્રેસમાં
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.